પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૪૩ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# ૧૬૦
# નવકારનો કાઉસ્સગ્ગ ગણવા માટેની રચના



પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

||૪૩||



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

☐ **VOLUME - 43**

May 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# પ્રકૃતિની મહાસત્તા એટલે સર્વોચ્ચ શિલ્પીની કલાકૃતિ



એકદા અમે સૌ સ્વાધ્યાય કરતાં હતાં અને ત્યાં જ પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી મનમોહનસૂરિજી મહારાજ હાથમાં 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' લઈને આવ્યા. કહેઃ મહારાજ, પૂજ્ય પંન્યાસજી મહારાજની આ અપૂર્વ અનુપ્રેક્ષા તો જુઓ! પ્રકૃતિની મહાસત્તા અને સાથે સર્વોચ્ચ શાસનમાં આત્મશાસન એટલે auto governing power વિષયક કેવું સુંદર ચિંતન છે! ...અને તેઓનું પઠન અમો સૌ સુણી રહ્યાઃ

'વિશ્વનું આયોજન સૌથી મોટી વસ્તુ છે, આપણા અંગત રાગ-દ્વેષનો કોઈ અર્થ નથી. હંમેશા એમ જ વિચાર કરો કે આ જીવન સુંદર છે. આ વિશ્વ સર્વોચ્ચ શિલ્પીની કલાકૃતિ છે. એ શિલ્પી તે જ પ્રકૃતિની મહાસત્તા છે. કોઈ એક વધુ ઉચ્ચ સત્તા છે, તેમાં શ્રદ્ધા ધરાવવાની છે. ફક્ત વિચારો : જેણે નારિયેળમાં મિષ્ટ જળ ભરેલ છે, કરોળીયાની જાળમાં પુનરાવર્તન પામતી એકસરખી રચના કરેલી છે, દાડમમાં બીજ મૂક્યા છે, આગીયામાં શીતળ પ્રકાશ મૂક્યો છે, અસંખ્ય છીપો અને શંખલાઓમાં વિવિધ રંગો અને આકૃતિઓ રચેલ છે, અદ્‌ભૂત કારીગરીવાળા પુષ્પોમાં વિવિધ રંગ-સુગંધ અને સુંદર આકૃતિઓ રાખેલ છે, વિધવિધ ઋતુઓના વિવિધ સ્વાદ રાખેલ છે અને વિશાળ અવકાશમાં આકાશગંગા-દ્વીપો જેવા પદાર્થો વિશ્વને ભ્રમણા ઉત્પન્ન કરાવે છે. જેના ઉપર સમગ્ર વિશ્વતંત્ર ચાલે છે, એ પ્રકૃતિના શાશ્વત નિયમોને શરણે આપણે જવું જોઈએ. આ વિશ્વમાં એક શાશ્વત રાજબંધારણ છે અને એ પરમ શાસન માટે મહત્ત્વનું પ્રધાનમંડળ પણ છે. આ શાસન સર્વોચ્ચ છે. રાજકીય દ્રષ્ટિએ સંપૂર્ણ છે, વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પ્રભુત્વસંપન્ન છે, રાજબંધારણીય દ્રષ્ટિએ ખામીરહિત છે અને આર્થિક દ્રષ્ટિએ તે auto governing power છે.

પ્રકૃતિમાં પોતાનું જ ધારાધોરણ છે, પોતાની જ વ્યવસ્થા અને પોતાનું જ સ્વશાસન છે. આ છે પ્રકૃતિની સત્તા. પ્રકૃતિના પ્રત્યેક કર્મ ન્યાયી છે. તેના સર્વશક્તિશાળી સંકલ્પબળ સાથે પોતાના સંકલ્પને પણ ભેળવી લેવાથી તેનું બળ પ્રાપ્ત થાય છે.'

પ્રકૃતિની સત્તાનું આવું પવિત્ર તત્ત્વ પૂજ્ય સાહેબજીની આંતરિક સાધનાની ફળશ્રુતિ રૂપે તેઓના અંતરમાંથી ઉદ્ભવ્યું હોય તેમ લાગે. આવી અદ્ભૂત અનુપ્રેક્ષાઓથી ભરપૂર આ ગ્રંથો ભવિષ્યના ૫૦-૧૦૦ વર્ષમાં અનુપમ માર્ગદર્શક બની રહેશે. જેમ-જેમ ભાવિકોના હાથમાં તે પહોંચે છે, તેમ-તેમ મહાનુભાવોના હૃદયોદ્ગાર વધુ ને વધુ પ્રેરક બની રહ્યા છે. હમણાં જ આવેલ એક પુણ્યાત્માના અનુમોદન પત્રનાં ભાવઃ 'અંક મળ્યાં, પૂર્ણ અહોભાવથી સ્વીકાર્યા. આવનારા વર્ષો સુધી આતમના પ્રદેશે પ્રદેશને અજવાળાં આપે એવી આ દિવ્યવાણીને ઉત્તમ રીતે શ્રી સંઘના ચરણોમાં અર્પી રહ્યા છો, એને જેટલી રીતે વધાવીએ એ ઓછું છે. આખા જૂથને અંતરથી વંદન. તમારા સૌના આ જ્ઞાનયજ્ઞને પ્રભુ અને પ્રકૃતિ સદા વર્ધમાન રાખે.'

આવી અનુપ્રેક્ષાઓનો ખજાનો જ્યારે ચિંતકોના હાથમાં આવે છે, ત્યારે તેઓ નાચી ઉઠે છે. આવા ઉત્તમ ચિંતનો આપણા હાથમાં રમી રહ્યા છે, તે માટે સુશ્રાવક **સી.કે.મહેતા**ની અખૂટ આર્થિક ઉદારતા અને રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ ગુરૂભક્તિમગ્ના સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની દાદ માંગી લે તેવી એકધારી મહેનતના ફળસ્વરૂપે આ વૉલ્યુમો છે. બસ, કેવી રીતે આ ડાયરીઓનું એક પણ પાનું-શબ્દ કે અક્ષર રહી કે તૂટી ન જાય, તેની પૂરી કાળજી સાથે આ કળામય કાર્ય થઈ રહ્યું છે, તેનો આહ્લાદ છે. હવે તો ઉત્સાહ બમણો થતો જાય છે કે બસ, થોડાં જ સમયમાં તો આ અક્ષયપાત્રોના ૬૦ જેટલાં સોહામણાં ભાગો આપણા સૌના હાથમાં હશે અને એના સમ્યગ્ ભાવો સર્વના હૃદયમાં રમતા થયાં હશે!

શ્રદ્ધા છે કે પરમાત્માની કૃપાથી જ આ ભગીરથ કાર્ય થઈ રહ્યું છે અને તેમની જ કૃપાથી આ કાર્ય તેની પાવન પૂર્ણતાને પણ પામશે.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

મે, ૨૦૨૧









સરસ્વત્યૈ નમો નિત્યં ભદ્રકાલ્યૈ નમો નમઃ ।
વેદ-વેદાન્ત-વેદાંગ-વિદ્યાસ્થાનેભ્ય એવ ચ ॥
સરસ્વતી ! મહાભાગે ! વિદ્યે ! કમલલોચને !
વિદ્યારૂપે ! વિશાલાક્ષી ! વિદ્યાં દેહિ નમોસ્તુતે ॥

Dt. 22/5/70

ધીરા બનતી થઈ રહેલી આત્માનુભૂતિ

સહસ્રારમાંથી અમૃતનો વરસાદ થાય છે,
અનાહત નાદ ગાજી ઉઠે છે,
તરબોળ થયેલી ઇંદ્રિયો આનંદમગ્ન થઈ ગઈ છે,
બહારના કોઈ સાધન અને સૂર વિના
આત્મા પરમ આનંદનું ગાન કરી રહેલ છે.
મારા ગુરુનું એક વચન - એક બિંદુ મેં જીવનમાં
ઉતાર્યું, તો તે સાક્ષાત્કાર બનીને મહાપ્રસ્થાન થઈ ગયું.
વાદળ વિના વરસાદની જેમ
અમૃતમેઘ સમા આત્માનુભૂતિ થઈ.
ભીતરમાં જ્ઞાનસૂર્ય ઉગ્યો.
જીવનની વાડી પરમ આનંદના પાકથી લચી પડી.
ગુરુકૃપાથી કોઈક આત્મા જ
આવો અમર જીવનનો પાક લણી શકે છે.
ૐકારનો જાપ કરતાં એમ થાય છે કે
આ સંસારનું ચંચળ અને નાશવંત સ્વરૂપ...
જો કોઈ બરાબર સમજી જાય,
તો એક અક્ષરમાં, ઓમકારમાં, તે સ્થિર થઈ જાય.

જે નામનો કદી નાશ નથી, એ નામમાં તે
એકરૂપ બની જાય, તેને બાવન અક્ષરની જરૂર ન રહે.
એક અક્ષરનો જપ કરીને અનુપમ લાભ મેળવી શકાય.
શૂન્ય, નિરાલંબ સ્થાન એવા સહસ્રારમાં
પરમાત્મા પોતે બિરાજી રહ્યા છે અને
અનાહત નાદ થઈ રહ્યો છે.
ત્રિકુટી ઉપર બ્રહ્મનાદ વાગી રહ્યો છે.
નિજનામ - સોઽહં જાપને સિદ્ધ કર્યો હોય,
તે આ ધ્વનિ સાંભળી શકે છે.
જે 'દર' યાને બ્રહ્મરંધ્રની વાત પરમાત્મા ક્યાં વસે છે,
તેની વાત જાણે છે, તે 'દરવેશ' છે.
પાંચ ઇંદ્રિયોના વિષયોને જે પાછા હટાવી લે છે અને
દિન - રાત સાવધાન રહે છે, તે દરવેશ.
પોતે અલક્ષ્ય જાતિ અર્થાત્ બ્રહ્મસ્વરૂપ છે.
'મારી નિવાસ બ્રહ્મરંધ્રમાં છે.
માને પેટે હું જન્મ્યો નથી, સદાકાળ રહું છું, એકલો વિચરું છું,
પરમાત્મા સાથેની લગની મારી સાથે જ લેતો આવ્યો છું.
સ્થૂળ - સૂક્ષ્મથી પર એવા અક્ષરાતીત સમગ્ર બ્રહ્માંડના
સ્વામી પરમાત્મા જ વ્યાપી રહ્યા છે.

મારું અલગ અસ્તિત્વ નાશ પામ્યું છે.
સંતગુરૂની કૃપાથી પરમ ગુરૂ પરમાત્માને મેં પ્રાપ્ત કર્યા છે.
પ્રકૃતિ ક્ષર, વિનાશશીલ, પરિવર્તનશીલ છે,
તેને ભોગવવાવાળો જીવાત્મા, અવિનાશી અક્ષરતત્વ છે.
ક્ષર અને અક્ષર બંનેથી પર -
સદા એક પરમદેવ - પરમેશ્વર શાસન કરે છે.
તેનું નિરંતર ધ્યાન કરવાથી, તેનામાં જ સંલગ્ન રહીને
તન્મય થઈ જવાથી અંતે જીવ તેને પ્રાપ્ત કરે છે,
પછી એને માટે સમસ્ત માયાની નિવૃત્તિ થઈ જાય છે.
જેવી રીતે ગાયની જાત અને વર્ણ - રંગ જુદાં જુદાં
હોવા છતાં તેમનું દૂધ એકસરખું જોવા મળે છે, એમ
પરમાત્મા પણ વિવિધ રૂપોમાં સમાનપણે વસે છે.
જ્યારે સૂર્ય - ચંદ્રને એક કરી
મૂળ ઘર એવા બ્રહ્મરન્ધ્રમાં લાવવામાં આવે,
ત્યારે આ પરમાત્મપ્રાપ્તિનું કાર્ય સિદ્ધ થાય છે.
ઉન્મનિ અવસ્થામાં પ્રાણ બ્રહ્મરન્ધ્રમાં સ્થિર થઈ રહે છે
અને વાણીનો મનમાં લય થાય છે,
મનનો પ્રાણમાં લય થાય છે અને
પ્રાણનો આકાશમાં (બ્રહ્મમાં) લય થાય છે.

સં ૨૦૨૬, જેઠ સુદ ૧૦, રવિવાર

તા. ૧૪ - ૬ - ૧૯૭૦, સાદડી (મારવાડ)

|| શ્રી આદિનાથાય નમો નમઃ ||

|| શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથાય નમઃ ||

## (૧) આત્માનુભૂતિમૂલક આત્મજ્ઞાન

મિથ્યાદૃષ્ટિ આત્માને અર્હદ્ભક્તિનો સામર્થ્ય યોગનો નમસ્કાર ન હોય, એ તો સ્વાભાવિક છે પણ વ્યવહાર સ્વરૂપનો નમસ્કાર કે જે પરંપરાએ મોક્ષનો સાધક છે, સર્વ પાપનો ક્ષય કરનારો છે, એવા અર્હદાદિ કરાતો દ્વૈત ભક્તિનો જે નમસ્કાર છે, તે પણ ન હોઈ શકે, કારણ કે તે મોક્ષને માનતો જ નથી.

માર્ગાનુસારી મિથ્યાત્વીને વ્યવહારભક્તિનો નમસ્કાર હોઈ શકે, એમ માનવામાં વાંધો લાગતો નથી. ઘણા લૌકિક આત્માઓ નવકાર ગણે છે - જપે છે તથા એનાથી સર્વ પાપનો સમૂળ ક્ષય થાય છે, તેમ એ માનતા પણ હોય છે. આપણે જેમને 'મિથ્યાત્વી' કહીએ છીએ, તેવા ઘણા ય પ્રભુભક્તો માને છે કે પ્રભુના નામથી અથવા પ્રભુના નમનાદિ સર્વ પાપો નાશ પામે છે. 'અરિહંત' એ એક પ્રભુનું નામ જ છે.

## પરમાત્માને નમસ્કારનો પ્રભાવ

जे केइ गया मोक्खं, गच्छन्ति य केऽपि कम्ममलमुक्का ।
ते सव्वेच्चिय जाणसु, जिणनवकारप्पभावेण ॥१॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

## (૨) લેશ્યા - તત્ત્વ - વર્ણ

લેશ્યા, પ્રકૃતિ, સ્વભાવ, ભાવ, ભાવના, મન, અધ્યવસાય, પરિણામ, વિચાર આદિ એકાર્થક છે. સૂર્યસ્વર તથા ચંદ્રસ્વરનું કાળમાન ૨॥ ઘડી સુધી રહે, તેમાં નીચેના વર્ણાનુસાર પાંચ તત્ત્વ ચાલે છે:

| તત્ત્વ | | વર્ણ | | પળ |
|---|---|---|---|---|
| (1) પૃથ્વીતત્ત્વ | - | પીત | - | ૫૦ |
| (2) જલતત્ત્વ | - | શ્વેત | - | ૪૦ |
| (3) અગ્નિતત્ત્વ | - | રક્ત | - | ૩૦ |
| (4) વાયુતત્ત્વ | - | નીલ | - | ૨૦ |
| (5) આકાશતત્ત્વ | - | શ્યામ | - | ૧૦ |
| | | | | ૧૫૦ |

કૃષ્ણ - નીલ - કાપોતલેશ્યા : ૧ થી ૪ ગુણસ્થાનક સુધી, પીત - પદ્મલેશ્યા : ૧ થી ૭ ગુણસ્થાનક સુધી હોય, શુક્લલેશ્યા : ૮ થી ૧૩ ગુણસ્થાનક સુધી હોય છે.

## ૬ લેશ્યાવાન કેવા હોય?

(a) કૃષ્ણ લેશ્યાવાન

રૌદ્ર સ્વભાવ, ક્રૂર પ્રકૃતિવાન, ક્રોધી, મત્સરી, ધર્મભાવનારહિત, નિર્દયી, સ્થિરવૈરભાવ હોય.

(b) નીલ લેશ્યાવાન

આળસી, મંદબુદ્ધિ, વિષયલંપટ, વાસનાપ્રચુર, નિંદક, પરહાનિ કરવામાં સાવધાન, માની, ઘમંડી, પ્રપંચી હોય.

(c) કાપોત લેશ્યાવાન

શોકગ્રસ્ત, ઉદાસ, રૂષ્ટ, ચાડીયો, પરનિન્દામાં સાવધાન, અવિશ્વાસી, સંશયી હોય.

(d) પીત લેશ્યાવાન

વિદ્વાન, કરુણાવાન, વિચારક, પ્રીતિવાન, ધર્મવાન હોય.

(e) પદ્મ લેશ્યાવાન

ક્ષમાવાન, વૈરાગ્યવાન, ત્યાગવૃત્તિવાળો, સદાનંદી, પરોપકારી, દેવ - ગુરૂ - ધર્મના આરાધક હોય.

(f) શુક્લ લેશ્યાવાન

રાગ-દ્વેષરહિત, શોક - નિંદાથી વંચિત, ગુણગ્રાહી, ધર્મારાધક, આત્મનિષ્ઠ, આત્મગુણસંપન્ન હોય. તેઓ ૮મા થી ૧૩મા ગુણસ્થાનકો સુધી હોય છે.

પ્રથમ ત્રણ કૃષ્ણ - નીલ - કાપોત લેશ્યા દુર્ગતિદાયક છે,
છેલ્લી ત્રણ પીત - પદ્મ - શુક્લ લેશ્યા સદ્ગતિદાયક છે.
ક્રૂર કૃત્યથી માંડી મોક્ષપ્રાપ્તિ પર્યંત કાર્ય કરવાવાળા સૌ
મનુષ્યોની પ્રકૃતિના વર્ણ જણાવ્યા છે, ઉપરાંત
લેશ્યાઓના રંગની સાથે વિષયોના પણ રંગ જણાવ્યા છે.

પાંચ ઈંદ્રિયના 23 વિષય છે,
તેમાં ચક્ષુ ઈંદ્રિયના પાંચ વિષય છે, તેના પાંચ રંગ છે:
શ્યામ, નીલ, પીત, રક્ત અને શ્વેત.
લેશ્યાઓના રંગની સાથે વિષયોના રંગ પણ બદલાય છે.

કહ્યું છે કે:

મૂલં સાહ પસાહા, ગુચ્છ ફલે પડિય જંબૂ ભક્ખવાએ |
સવ્વ માણુસ પુરિસ સાઉહ જુજ્ઝન્તા ધણ દહણા ||

(પરિશિષ્ટ-૨)

| | |
|---|---|
| (1) મૂળનો નાશ પોતાને અલ્પલાભ, ઝાડનો સમૂળનાશ | સર્વને |
| (2) ફળરૂપ શાખાઓ | મનુષ્યોને |
| (3) નાની શાખાઓ | પુરુષોને |
| (4) ફળનો ગુચ્છો | શસ્ત્રધારીને |
| (5) પાકેલા ફળ | યુદ્ધ કરનારાઓને |
| (6) નીચે પડેલાં પાકા ફળ | માત્ર ધનને. |

## વર્ણ વિજ્ઞાન

(3) (१) પાંચ પરમેષ્ઠિના પાંચ વર્ણ.

(२) શરીરમાં પૃથ્વી આદિ તત્ત્વોનાં પાંચ વર્ણ.

(३) છ લેશ્યાઓમાં પાંચ વર્ણ.

(४) ચક્ષુ ઈંદ્રિયના વિષયમાં પાંચ વર્ણ.

(५) પાંચ આંગળીઓમાં પાંચ વર્ણ:
અંગુઠો = શ્વેત, તર્જની = પીત, મધ્યમા = લાલ,
અનામિકા = નીલ તથા કનિષ્ઠિકા - શ્યામ વર્ણ.

(६) નાસિકા દ્વારા વાયુસંચારના પાંચ વર્ણ.

(७) આંગળીઓમાં પાંચ વર્ણના પાંચ તત્ત્વ:
અંગુઠામાં આકાશતત્ત્વ - શ્યામ વર્ણ
તર્જનીમાં પૃથ્વીતત્ત્વ - પીત વર્ણ
મધ્યમામાં જલતત્ત્વ - શ્વેત વર્ણ
અનામિકામાં વાયુતત્ત્વ - નીલ વર્ણ
કનિષ્ઠકામાં અગ્નિતત્ત્વ - રક્ત વર્ણ.

(८) વર્ણ અને રસનો સંબંધ

શ્યામ વર્ણ - કડવો રસ, નીલ વર્ણ - તીખો રસ,
પીત વર્ણ - ખાટો રસ, લાલ વર્ણ - કષાયેલો રસ,
શ્વેત વર્ણ - અગામ્ય રસ - સ્વસંબોધ.

(૯) ૐકારમાં પાંચ વર્ણ

શ્યામ - વિદ્વેષણમાં, પરવાળાની કાંતિ - ક્ષોભણમાં,
પીત - સ્તંભન કર્મમાં, લાલ - વશીકરણમાં
શ્વેત - કર્મઘાત કરવામાં.

(૧૦) હ્રીંકારના ધ્યાનમાં પાંચ વર્ણ

બે તીર્થંકરો શ્વેત વર્ણના, બે તીર્થંકરો રક્ત વર્ણના,
બે તીર્થંકરો નીલ વર્ણના, બે તીર્થંકરો શ્યામ વર્ણના,
૧૬ તીર્થંકરો પીત વર્ણના.

(૧૧) હ્રીંકારનું ધ્યાન પણ ૐકારના ધ્યાનની જેમ જ
પાંચ વર્ણ વડે થાય છે.

(૧૨) પંચ પરમેષ્ઠિ મંડલ આલેખનમાં પાંચ વર્ણ હોય.

(૧૩) પંચ પરમેષ્ઠિ પૂજનમાં પાંચ ધ્વજાઓના પાંચ વર્ણ.

(૧૪) પાંચ પરમેષ્ઠિની આરાધના માટે આયંબિલ તપમાં
પાંચ વર્ણ મુજબ ધાન્ય વપરાતું હોય છે.

(૧૫) પાંચ વર્ણની માળાઓ, પાંચ વર્ણના આસનો,
પાંચ વર્ણનાં વસ્ત્રો ધ્યાન વખતે વપરાતા હોય છે.

વર્ણનો સંબંધ ધ્યાનની સાથે તથા ધ્યાનનો સંબંધ
આત્માની સાથે છે. ધ્યાન કરવાના વિવિધ પ્રકારોમાં
વર્ણની પ્રધાનતા શાથી છે? તે હવે લેખમાં આવે છે.

V.V.

## આત્મગુહ્યરમણતાથી આત્મદર્શનની સિદ્ધિ

આત્મગુહ્યરમણતામાં ઓતપ્રોત કે તલ્લીન થવા માટે
પોતાના શરીરની, પ્રકૃતિની તથા લેશ્યાની
સ્થિતિ ધ્યાનમાં રાખવી જોઈએ.
ધ્યાન કરતી વેળા કમળની કેસરા શ્યામ વર્ણની દેખાય,
તો સિદ્ધિ પ્રાપ્ત કરવાનો પ્રારંભ સમજવો.
કમળની પાંખડીઓ તેજોમય લાલ વર્ણની દેખાય,
તો સિદ્ધિપ્રાપ્તિનો મધ્યભાગ આવ્યો છે, એમ સમજવું.
સ્ફટિક જેવી શ્વેત વર્ણ દેખાય,
તો સમજવું કે આત્મદર્શન થઈ ગયું છે.
ધ્યાન કરવા માટે આસન સ્થિર કરીને બેસવું, નેત્ર
બંધ કરવા, ત્યારબાદ શ્યામ ઘટા જેવી અંધકાર દેખાશે,
પછી શ્યામતા મટી નીલ વર્ણનો આભાસ થશે,
પછી તે મટી પીળો, પછી લાલ વર્ણ દેખાશે,
જ્યારે વર્ણ સિદ્ધ થઈ જશે,
ત્યારે શ્વેત વર્ણનો પ્રકાશ દેખાશે.
પહેલાં ચાર વર્ણ પ્રયત્નથી
અને છેલ્લે શ્વેત વર્ણ કુદરતી દેખાય,
ત્યારે સમજવું કે આત્મદર્શન સિદ્ધ થયું છે.

## (૪) ગુણસ્થાનક તથા લેશ્યાનો સંબંધ

छसु सव्वा तेउ तिगं इक छसु सुक्का अजोगी अलेसी।
बंधस्स मिच्छ अविरइ कसाय जोगत्ति चउ हेउ ॥

- કર્મગ્રંથ ૪, ગાથા ૫૦ અર્થાત્:

પ્રથમ છ ગુણસ્થાનકોમાં છ એ લેશ્યા, ૭મા ગુણસ્થાનકમાં તેજો - પદ્મ - શુક્લલેશ્યા, ૮ થી ૧૩મા ગુણસ્થાનક સુધી કેવળ શુક્લલેશ્યા હોય છે. ૧૪મા ગુણઠાણે લેશ્યા હોતી નથી અર્થાત્ ૧૪મા ગુણસ્થાનકે અલેશ્યપણું હોય છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ - આ ૪ કર્મબંધના કારણ છે. આમ લેશ્યા અને ગુણસ્થાનકોનો સંબંધ છે. પ્રથમની ત્રણ લેશ્યાઓ નષ્ટ ન થાય, ત્યાં સુધી આગળ વધવાનો અવકાશ નથી. પ્રત્યેક વર્ણ ઉપર વિજય પ્રાપ્ત થવાથી છેલ્લે સ્ફટિક જેવો શુદ્ધ પ્રકાશ રહે છે, જે આત્મદર્શન થવા પછીથી સ્થિર રહે છે.

આત્મદર્શનની સાથે તદ્રૂપ - આત્મસ્વરૂપ
જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપગુણ પણ સ્થિર રહે છે.
ધ્યાનમાં તદ્રૂપ થવાથી આત્માને
અનાહતની - સોહં સોહંની લય લાગે છે અને
સંસારદશાનો નાશ થઈ મુક્તદશા પ્રાપ્ત થાય છે.

એ માટે બહુવિધ અવસ્થા અને વ્યક્તિઓની યોજનાને
સમજવાની અને તેને સમજીને તેનો ઉપયોગ કરવાની
પણ જરૂર છે. પંચપરમેષ્ઠિના સામાન્યથી ગુણ ૧૦૮ છે.

અરિહંત - સિદ્ધના વિશેષથી અનંતા છે અને
આચાર્યાદિ ત્રણ પદના વિશેષથી અનુક્રમે
૩૬ x ૩૬, ૨૫ x ૨૫ અને ૨૭ x ૨૭ છે.

(૫)(1) અરિહંતપદના આરાધનથી દેવપાલ શેઠના નોકરે રાજ્ય મેળવ્યું - કાર્તિક શેઠે શક્રેન્દ્ર પદની પ્રાપ્તિ કરી.

(2) સિદ્ધપદના ધ્યાનથી પુંડરીક સ્વામી, પાંચ પાંડવ અને પદ્મ મુનિ આદિ મોક્ષે ગયા.

(3) આચાર્યપદના ધ્યાનથી નાસ્તિકવાદી પાપસ્થાનકથી ભરેલા પ્રદેશીરાજાએ સ્વર્ગના સુખ મેળવ્યાં.

(4) ઉપાધ્યાયપદના આરાધનથી સિંહગિરિજીના શિષ્યોએ લઘુવયસ્ક વજ્રમુનિનો આદર કરવાથી સાધુવાદ પ્રાપ્ત કર્યો.

(5) સાધુપદની આરાધનાથી રોહિણી સુખી થઈ અને સાધુપદની વિરાધનાથી રુક્મિણી દુઃખી થઈ.

o **નયથી આત્મા**

વ્યવહારનયથી આત્મા ક્રિયાવાન છે,
નિશ્ચયનયથી આત્મા જ્ઞાનવાન છે.

## કાયોત્સર્ગનું સ્વરૂપ

'ઉવવાઈ સૂત્ર'માં કાયોત્સર્ગનું સ્વરૂપ દ્રવ્ય અને ભાવથી બતાવ્યું છે, તેમાં દ્રવ્ય કાયોત્સર્ગના ૪ પ્રકાર: શરીર, ઉપધિ, ભક્તપાન અને કષાયનિરોધ. ભાવકાયોત્સર્ગના 3 પ્રકાર: ૪ કષાય, ૪ સંસાર, ૮ કર્મ કાયોત્સર્ગ છે.

(૧) આવશ્યક નિર્યુક્તિ - કાયોત્સર્ગાધ્યયન.

(૨) આચારાંગ સૂત્ર - અ - ૯, ઉ - ૫. (3) સ્થાનાંગ સૂત્ર ઉ - ૧ (૪) સમવાયાંગ સૂત્ર અ - ૮ (૫) શ્રી ભગવતી શતક-૨૫ ઉ - ૭, ૬. ઉત્તરાધ્યયન અ. ૨૬, આવશ્યક નિર્યુક્તિ વિશેષાવશ્યક આદિમાં કાયોત્સર્ગ સ્વરૂપનું વર્ણન છે.

## ચાર નિક્ષેપે જિનભક્તિ

(1) નામજિનનું સ્થાન જીભમાં.
નામનિક્ષેપે જિનભક્તિ માટે જાપ.

(2) સ્થાપનાજિનનું સ્થાન ચક્ષુમાં.
સ્થાપનાનિક્ષેપે જિનભક્તિ માટે પૂજા.

(3) દ્રવ્યજિનનું સ્થાન મનોયોગમાં.
દ્રવ્યનિક્ષેપે જિનભક્તિ માટે ગુણસ્મરણ.

(4) ભાવજિનનું સ્થાન હૃદયભૂમિમાં.
ભાવનિક્ષેપે જિનભક્તિ માટે સમવસરણ.

સમ્યગ્દ્રષ્ટિ પાસે જ્ઞાનશક્તિ અને વૈરાગ્યનું બળ હોય છે.
જ્ઞાનશક્તિથી શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે,
વૈરાગ્યબળથી અશુભોપયોગનું નિવારણ થાય છે,
તેથી ભાવનિર્જરા થાય છે.

ભાવનિર્જરા = વર્તમાનની મલિન પ્રવૃત્તિને રોકવા-ઓછી કરવી તથા ભવિષ્યમાં તે ઉત્પન્ન ન થાય, તે માટે તેનો પ્રતિબંધ કરી નિંદા - ગર્હાથી અનુબંધ તોડવો.

આલંબનથી ધ્યાન તથા સ્મરણ શુદ્ધ બને છે, તેથી સાલંબન ધ્યાન એ નિરાલંબન ધ્યાન માટે ઉપકારક છે.

શાસ્ત્રોમાં આલંબન અનેક પ્રકારનાં કહ્યાં છે,
તેમાં પાંચ પરમેષ્ઠિઓના ચાર નિક્ષેપા મુખ્ય છે.

અપ્રવિચાર શુદ્ધિનાં પાંચ કારણ

(૧) મન પ્રવિચારણા (૨) વચન પ્રવિચારણા (૩) કાય પ્રવિચારણા (૪) રૂપ પ્રવિચારણા (૫) સ્પર્શ પ્રવિચારણા.

(૬) ગુરુ યોગ અને ગુરુ આલયનો સંબંધ

યજ્ to sacrifice - વિદ્યાલય (૧ ગુણસ્થાનક).
યજ્ to worship - દેવાલય (૪ ગુણસ્થાનક).
યજ્ સંગતિકરણ to be - દેહાલય (૮ ગુણસ્થાનક).

કર્મયોગ એ શિવાલય છે.

Dt. 15 - 6 - 70

(1) કર્મયોગ - સનાતાત્માશ્રમ - વિશ્વાલય.

સમગ્ર વિશ્વ માતા - પિતારૂપ છે.
મળેલ બધી વસ્તુઓ માતા - પિતાદિની છે.
અનંત માતા - પિતાદિ મળીને
સમગ્ર વિશ્વમાં સ્થિત સર્વ જીવોને મળેલ બધી જ
વસ્તુઓનો માલિક જીવ પોતે છે. સમગ્ર વિશ્વને
માતાપિતાદિની દૃષ્ટિએ લેખવું, તે જ 'કર્મયોગ' છે.
કર્મયોગના મતે વિશ્વાલયમાં વસનારો તે પોતે છે.

(2) ભક્તિયોગ - વિશ્વાત્માશ્રમ - દેવાલય.

લૌકિક સંપત્તિના માલિક માતા-પિતાદિ છે,
આધ્યાત્મિક સંપત્તિના માલિક દેવગુર્વાદિ છે.
તે દેવાલયમાં વસે છે.
તેમની ભક્તિનું સ્થાન દેવાલય છે.
વિશ્વાલયમાંની મળેલ બધી વસ્તુઓ દેવની છે.

(3) જ્ઞાનયોગ - ભાવાત્માશ્રમ - દેહાલય.

સમગ્ર વિશ્વની માલિકી પ્રકૃતિની છે.
માતાપિતાદિ - દેવગુર્વાદિ તથા તેમનો સમાગમ કર્મપ્રકૃતિનું
સર્જન છે. આત્મા તે શુદ્ધ નિર્લેપ છે, તે દેહાલયમાં વસે છે.

## (9) આત્મા - કર્મબંધન - કર્મફળ

લોક કર્મ સાથે નહિ પણ કર્મફળ સાથે લડી રહ્યા છે. દરેક જણને અશુભ કર્મનું ફળ ન મળે અને શુભકર્મનું જ ફળ મળે, એ માટે લોકો સતત પ્રયત્ન કરી રહ્યા છે. અશુભફળનું કારણ અશુભ કર્મ છે, તેને કાપવા જો પ્રયાસ કરાય, તો આપોઆપ અશુભફળથી મુક્ત થવાય. કર્મનો એક અર્થ ક્રિયા પણ છે. મન, હાથ-પગ આદિ અવયવો તથા ઈંદ્રિયો પ્રતિપળ ક્રિયા કરી રહેલ છે. જીવનમાં પ્રત્યેક શ્વાસ કર્મ અને ક્રિયાથી વ્યાપ્ત છે, એક ક્ષણ પણ વિરામ લીધા વિના ક્રિયા કર્યા કરે છે. શરીરની નાડીઓ અને સૂક્ષ્મ પ્રાણની હીલચાલ અટક્યા વિના થઈ રહેલ છે. ક્રિયાઓના આ સતત પ્રવાહી-સ્ત્રોતને કોઈપણ શક્તિ રોકી શકતી નથી અને જ્યાં સુધી આ સર્વ ક્રિયાઓની સાથે સંબંધ છે, ત્યાં સુધી આત્માને કર્મનાં બંધનમાં રહેવું જ પડવાનું. કોઈ એમ વિચારે કે હું આ ક્રિયાઓનો અને ઉદયાગત કર્મના ફળનો ભોગવ્યા વિના ત્યાગ કરી દઉં, તો તે અશક્ય છે. નવીન ક્રિયાઓ થઈ રહી છે, તેનો આત્મા સાથે બંધન - પ્રાચીન ક્રિયાઓ જે કર્મરૂપથી જોડે છે,

તેના ફળનો ઉપભોગ રોકી શકાતો જ નથી. એનાથી
ભાગી છૂટવાની ચેષ્ટા કરવી, તે વ્યર્થ જ છે. જીવનમાં
પ્રારબ્ધ પણ છે અને નવીન ક્રિયાઓનો બંધ પણ છે.

આત્માને બંધનમાં નાખનાર બાહ્ય પદાર્થ નથી,
કિન્તુ રાગ-દ્વેષના વિકલ્પો જ છે.

વનમાં રહી યા ભવનમાં પણ મનને શુદ્ધ રાખો.

કર્મફળ એ પોતે જ વાવેલું બીજ ઊગ્યું છે,
પોતે જ નિમંત્રણ કરેલા અતિથિ આવેલ છે.
તેને કાપવા વખતે દુઃખ કે શોક કરવાની શી જરૂર છે?
હસીને કે રોઈને કાપવા કરતાં
નિર્લિપ્ત-નિર્વિકારી ભાવથી ભોગવી લેવું, તે જ શ્રેષ્ઠમાર્ગ છે.

પૂર્વકર્મના ઉદયથી જે સુખ-દુઃખ આવે,
તેને અનાસક્તભાવે સમતાભાવથી વેદવાં જોઈએ, તો
જૂનાં કર્મ ભોગવાઈ જાય અને નવાંનો બંધ થતો નથી.

કર્મફળની સાથે ઝઘડો ન કરો.
સુખ વખતે રાગ કે દુઃખ વખતે દ્વેષ કરવો,
તે કર્મના બંધનમાં જકડાઈ રહેવાનું કાર્ય છે.
બંને પ્રસંગોએ રાગ-દ્વેષના બંધનરહિત થવું,
એ જ મુક્તિનો ઉપાય છે.

## ધર્મનું સ્વરૂપ

ધર્મ એક અવિભાજ્ય અખંડ સત્તા છે અને
તે છે સ્વરૂપદર્શન (સ્વરૂપાનુભૂતિ) અને સ્વરૂપસ્થિતિ.
વિધિ - નિષેધનો આધાર બાહ્ય ઉપર છે, જ્યારે
ધર્મનો આધાર અંતરંગ ઉપર છે.
જેમ અગ્નિનો ધર્મ તે ઉષ્ણતા, જળનો ધર્મ તે શીતળતા,
તેમ આત્માનું સ્વરૂપ તે ધર્મ છે.
વસ્તુનું મૂળ સ્વરૂપ - મૂળ સ્થિતિ તે ધર્મ છે.
ધર્મ એ યોગમાં નહિ પણ ઉપયોગમાં છે.
ઉપયોગે ધર્મ, ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ.
ઉપયોગ એ પ્રવૃત્તિરૂપ નહિ, કિન્તુ ચેતનાનો ધર્મ છે.
અંતઃકરણની જાગૃતિનું નામ 'ધર્મ' છે.
જ્યાં યોગ ત્યાં સંસાર, જ્યાં ઉપયોગ ત્યાં મુક્તિ.
શુદ્ધોપયોગ એ ધર્મ છે અને એજ મોક્ષનો ઉપાય છે.
ચેતના જેટલા અંશમાં નિજભાવમાં લીન છે,
તેટલા અંશમાં તે જિનભાવની નજીક છે.
જિનધર્મનો અર્થ છે નિજધર્મ અંગીકાર
પોતાના આત્માના સ્વરૂપમાં કે સ્વધર્મમાં રમણતા.
સ્વભાવમાં રહેવું તે ધર્મ, પરભાવમાં જવું તે અધર્મ.

પરભાવથી હટવું તે ધર્મ, સ્વભાવથી હટવું તે અધર્મ.
નિજભાવને સમજવું તે ધર્મની પહેલી ભૂમિકા છે અને
જિનભાવમાં પહોંચવું તે ધર્મની છેલ્લી ભૂમિકા છે.

નિજભાવની દૃષ્ટિ જેટલી નિર્મળ,
તેટલું સમ્યગ્દર્શન વિશુદ્ધ.

સંપૂર્ણવિશુદ્ધ સ્વરૂપમાં રમણતા તે જિનત્વની પ્રાપ્તિ,
તેથી ધર્મ એ બાહ્યભાવમાં નહિ પણ અંતરભાવમાં છે.

બાહ્ય વિધિ-નિષેધોમાં ધર્મનો ઉપચાર કરાય છે,
તે પણ અંતરંગ ભાવની પ્રાપ્તિનાં સાધન તરીકે.

'મુક્તિ સ્વસ્વભાવ છે' એમ માન્યા પછી
તેને પ્રાપ્ત કરવી તે કઠિન નથી, કિન્તુ સહજ-સરળ છે.

મુક્તિ એ પ્રાપ્ત કરવાની વસ્તુ નથી,
પણ અનુભવ કરવાની ચીજ છે.

जं अन्नाणी कम्मं खवेई बहुयाहिं वासकोडीहिं।
तं नाणी तिहिं गुत्तो खवेई ऊसासमित्तेणं॥

: અર્થ :

અજ્ઞાની પુરુષ ઘણા ક્રોડો વરસે જે કર્મ ખપાવે, તે ત્રણ ગુપ્તિથી ગુપ્ત જ્ઞાની પુરુષ શ્વાસોચ્છ્વાસમાત્રમાં ખપાવે છે. અહીં 'જ્ઞાની'નો અર્થ સ્વરૂપાનુભૂતિ જેને છે, તેવા પુરુષ.

અનુકૂળતા કે પ્રતિકૂળતા કોઈ વાસ્તવિક તત્ત્વ નથી,
કિન્તુ પરિસ્થિતિજન્ય છે.
જે વસ્તુ એક વ્યક્તિને અનુકૂળ બની શકે,
તે જ વસ્તુ બીજાને પ્રતિકૂળ પણ બની શકે છે.
એક વ્યક્તિની બે દીકરી,
એક માળીને ત્યાં - બીજી ધોબીને ત્યાં, બંને સંકટમાં છે.
એક વરસાદના અભાવે અને બીજી વરસાદ આવે તો.
એકને બગીચો સુકાય છે, બીજાને કપડાં સુકવવા છે.
અનુકૂળતા - પ્રતિકૂળતાનો સ્ત્રોત
બાહ્યજગત નહિ પણ આંતરજગત છે.
કોઈ સંસારને વિષમય દેખે છે, તો કોઈ અમૃતમય.
એક જ સમુદ્રને એક લવણાકર જુએ છે,
તો બીજો તેને જ રત્નાકર દેખે છે.
એક બધાને સ્વાર્થમય જુએ છે, વિષમય વિચારે છે,
તો બીજો કરુણા અને પ્રેમમય દૃષ્ટિથી નિહાળે છે.
'યાદૃશી દૃષ્ટિઃ સૃષ્ટિર્ભવતિ તાદૃશી ।'
ઉક્તિ: જેવી જેની દૃષ્ટિ, તેવી તેની સૃષ્ટિ.
વીર ભગવાનની દૃષ્ટિ મૈત્રીમય હતી, તેમને
ગૌતમ અને ગોશાલક - બંને પ્રત્યે સમાન ભાવ હતો.

જગત એક દરિયો છે,

તેમાં જૈનાગમના ભાવ મુજબ તે વહાણ છે.

આંતરશુદ્ધિ માટે શુભોપયોગ અને શુદ્ધોપયોગ બંનેનું આલંબન લેવું જોઈએ. શુભોપયોગ અશુભ વિકલ્પોને ટાળે છે અને તે પછી જ બીજું કાર્ય પૂરું થાય છે.

મલશુદ્ધિના સ્થાને શુભોપયોગ છે.

'કંટકેનૈવ કંટકમ્ ।' એ ન્યાયે

શુભવિકલ્પની ઉપયોગીતા છે.

નદી - નાવનું પણ દૃષ્ટાંત છે:

કિનારે પહોંચ્યા બાદ નદીની જેમ નાવ પણ ત્યાજ્ય છે.

દૃષ્ટિનું આંતરિક પરિશોધન સમ્યગ્દર્શન ગુણ છે.

કાયોત્સર્ગના ૮ નિમિત્ત અને ૧૨ હેતુઓ

પહેલું નિમિત્ત : પાપક્ષપણાર્થ. એમાં ૪ હેતુ રહેલ છે.

૪ હેતુ: (૧) તસ્સ ઉત્તરીકરણેણં (૨) પ્રાયશ્ચિત્તકરણ

(૩) વિશુદ્ધિકરણ (૪) વિશલ્યીકરણ

બીજા સાત નિમિત્ત:

વંદન, પૂજન, સત્કાર, બોધિ, સન્માન અને નિરૂપસર્ગ.

નિરૂપસર્ગમાં વર્ધમાન - વૃદ્ધિ પામતાં ૫ હેતુ:

શ્રદ્ધા (૫) - મેધા (૬) - ધૃતિ (૭) - ધારણા (૮) - અનુપ્રેક્ષા (૯).

૮મું નિમિત્ત : સમ્યગ્દ્રષ્ટિ સુર સ્મરણાર્થે. તેમાં ૩ રત્ન:
(૧૦) વૈયાવૃત્ત્યકરાણં (૧૧) શાંતિકરાણં (૧૨) સમાહિકરાણં.
(1) પાપક્ષયાણં = દુષ્કૃતગર્હા (2) વંદનાદિ = સુકૃતાનુમોદન
(3) સુરસ્મરણ = ચતુઃશરણગમન.
આ રીતે ૮ નિમિત્તમાં ૧૨ રત્નો સમાયેલા છે.

## ક્ષાયિક રત્નત્રય

(૧) કેવળજ્ઞાન (૨) ક્ષાયિક સમકીત (૩) યથાખ્યાત ચારિત્ર.

## પ્રભુની પૂજા

પ્રભુપૂજા કેવળજ્ઞાન અર્થે, ક્ષાયિક સમકીત અર્થે તથા યથાખ્યાત ચારિત્ર અર્થે ભાવપૂર્વક કરવાની હોય છે.
તજ્જાપસ્તદર્થ ભાવનમ્ | તેનો જાપ અને તેનું અર્થભાવન.

## અર્થભાવનના બે અર્થ:

અર્થ - પદાર્થ - કેવળજ્ઞાનાદિ ગુણસંપન્ન.
અર્થ - પ્રયોજન - કેવળજ્ઞાનાદિ ગુણ માટે.

## ઈશ્વરપ્રણિધાનના બે અર્થ

(૧) ઈશ્વરનું પ્રણિધાન
(૨) ઈશ્વરત્વની પ્રાપ્તિ અર્થે પ્રણિધાન.

o ચૂલિકા આલાવાને ન સ્પર્શે.
ભાવનમસ્કાર દ્વૈત - અદ્વૈત ઉભય કોટિનો હોઈ શકે.

એક પ્રકારનો નમસ્કાર તરત સર્વ પાપક્ષયંકર છે
નહિ, ભાવનો નમસ્કાર પરંપરાએ સર્વ પાપક્ષયંકર છે.
અભવ્યને આ ચૂલિકાનો કદાપી સ્પર્શ થતો નથી, પરંતુ
પાંચ પદોનો દ્રવ્યથી નમસ્કાર એને પણ હોઈ શકે છે.

પાંચ પદોના ઉપયોગમાં

દ્રવ્ય - ભાવ ઉભયનો ભજનાએ સમાવેશ છે, જ્યારે
ચૂલિકાના ઉપયોગમાં ભાવનો નિયમાત્ સમાવેશ છે.
પાંચ પદોની શ્રદ્ધા મિથ્યાદૃષ્ટિને અને ભવાભિનંદીને
પણ હોય છે, જ્યારે ચૂલિકાની શ્રદ્ધા અથવા તો રુચિ
માત્ર અને માત્ર મોક્ષાભિલાષીને જ હોઈ શકે છે.
એ મોક્ષાભિલાષી નીચેમાંથી કોઈપણ પ્રકારનો હોઈ શકે:
અપુનર્બંધક, માર્ગાભિમુખ અથવા તો પછી માર્ગપતિત.

જેટલી જેટલી એની પ્રગતિ હોય,
તેટલી તેટલી વધારે શુદ્ધ - ચૂલિકાની સ્પર્શના હોય.

Dt. 17/6/70

ભાવનમસ્કાર કઈ રીતે નિશ્ચયનો નિયમાત્ સંગ્રાહક ?

નિશ્ચય - વ્યવહારની વ્યાખ્યા સ્પષ્ટ કરવી જોઈએ.
'નિશ્ચય' એટલે અદ્વૈત જ અર્થ કરવો જોઈએ.
વિશિષ્ટ રાગ વિનાના સર્વ ભદ્ર - સમ્યગ્દૃષ્ટિ જીવોને

અદ્વૈત નમસ્કારનો સ્થાન હોતો નથી, તેથી નવકારના 'ઇસો પંચનમુક્કારો |' પદથી ભાવનમસ્કાર ગ્રહણ કરવો. ભાવનમસ્કાર દ્વૈત તેમ જ અદ્વૈત ઉભય કોટિનો હોઈ શકે. ભાવનમસ્કારમાં ઐક્યનો નમસ્કાર તો જ આવે કે જો તેમાં વિશુદ્ધ કોટિની સમ્યક્ સમજણ હોય અને 'ભાવેણ સદ્દહંતો અયાણમાણોવિ સમ્મત્તં |' ન જાણવા છતાં ભાવથી શ્રદ્ધા કરે, તેને પણ સમ્યગ્દર્શન હોય, તેના જેવા વ્યવહારકોટિની ઊંચી ભૂમિકા ય તેમાં આવે. 'ભાવેણ સદ્દહંતો' જેવી ભૂમિકાને પણ ઐક્યનથી પ્રારંભિક ભૂમિકામાં સમાવિષ્ટ કરી શકાય. એ દૃષ્ટિએ કહી શકાય કે ભાવનમસ્કાર ઐક્યનો નિયમાત્ સંગ્રાહક છે.

દ્રવ્યનમસ્કાર = નૈગમનય - સંગ્રહનય.

ભાવનમસ્કાર = ઋજુસૂત્રનય.

ઐક્યનમસ્કાર = શબ્દાદિ ત્રણ નય:

પહેલો વિષયપ્રતિભાસ, બીજો આત્મપરિણતિમત અને ત્રીજો તત્ત્વસંવેદન.

o

First objective, second sub-objective & the third is subjectless i.e. Absorption of the object into the subject.

० 'ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि ।'

સમજૂતિ: કાયાથી એક સ્થાને સ્થિર થવા વડે, વચનથી મૌન ધારણ કરવા વડે અને મનથી શુભ ચિંતનથી બહિરાત્મભાવને વોસિરાવું છું, અંતરાત્મભાવમાં સ્થિર થાઉં છું અને પરમાત્મભાવમાં લીન બનું છું.

કાયોત્સર્ગ વડે થતાં ગુણોનું વર્ણન નીચેની ગાથામાં છે:

देह मई जड्ड सुद्धी सुह दुक्ख तितिक्खया य अणुप्पेहा ।
झायइ सुहं झाणं एयग्गो काउसग्गंमि ॥१॥

સમજૂતિ: કાયાને સ્થિર કરવાથી દેહની અને મતિની જડતા જાય છે, વચનનિરોધ વડે સુખ અને દુઃખની તિતિક્ષા થાય છે અને મનની એકાગ્રતા થવા વડે અનુપ્રેક્ષા અને શુક્લધ્યાન થાય છે.

આમ કાયોત્સર્ગથી: (૧) દેહ - મતિની જડતાનો નાશ
(૨) સુખ - દુઃખનું સમભાવે વેદન
(3) અનુપ્રેક્ષાનું ચિંતન (૪) શુક્લધ્યાનની વૃદ્ધિ થાય છે.
'શુક્લધ્યાન' એટલે 'સોऽहं' 'ॐ अर्हं' ઇત્યાદિ.

०

mental food and environment are more important than the physical food and environment.

जे केई संकप्प-विकप्प-विवज्जिया हुंति निम्मलप्पाणो।
ते चेव नवपयाइं नवरं परस्सं ते चेव ॥१॥
- सिरिवाल कहा प्रकृति:

જે કોઈ સંકલ્પ-વિકલ્પથી રહિત નિર્મલ આત્માઓ છે,
તે જ નવપદ છે અને નવે પદોમાં તે જ આત્માઓ છે.

નિર્વિકલ્પ સ્થિતિ એ જ પરમેષ્ઠિતત્ત્વ,
આત્મા એ જ નવપદ, આત્મા એ જ પંચપરમેષ્ઠિ,
આત્મા એ જ ઓંકાર અને આત્મા એ જ અર્હંકાર.

જ્ઞાન - દર્શન - ચારિત્ર = આત્મા તથા
આત્મા = જ્ઞાન - દર્શન - ચારિત્ર.

## પંચ પરમેષ્ઠિ સ્વરૂપ

પંચ પરમેષ્ઠિ સ્વરૂપ અને જાપની પાછળ
પંચ પરમેષ્ઠિ પદાર્થનું ભાવન અને
એ પદાર્થની પ્રાપ્તિ માટે અર્થભાવન હોવું જોઈએ.

પંચ પરમેષ્ઠિ પદાર્થ કેવળજ્ઞાન,
ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રમય છે અને
એ ગુણોના અર્થે જ તેમનું સ્વરૂપ જાણવું હિતાવહ છે.
આચાર્યોપાધ્યાય સાધુ - એ ત્રણ પદો ક્ષયોપશમભાવના
જ્ઞાનાદિને ધારણ કરનારા પણ હોય છે, પરન્તુ

અલ્પકાળમાં જ ક્ષાયિક ભાવને પામનારા હોવાથી
તેઓ પણ કેવળજ્ઞાન, ક્ષાયિકસમ્યક્ત્વ અને
યથાખ્યાત ચારિત્રમય જ ગણવા યોગ્ય છે.
ધર્મનું સ્વરૂપ રત્નત્રયમય છે અને તે
ધર્મને ધારણ કરનાર આત્મા પણ રત્નત્રયમય હોય છે.
સોનું એમ પીળું - ચીકણું - ભારે એક જ કાળે હોય છે,
તેમ પરિપૂર્ણ ધર્મ પણ
સોનાની પીળાશની જગ્યાએ કેવળજ્ઞાનમય,
સોનાની ચીકાશની જગ્યાએ ક્ષાયિક સમ્યક્ત્વમય અને
સોનાની ભારાશની જગ્યાએ યથાખ્યાત ચારિત્રમય હોય છે.
પંચ પરમેષ્ઠિ એ ત્રણે ગુણમય હોવાથી
સાચા સુવર્ણ સમાન છે, તેમને નમસ્કાર એ
સોનું મેળવવા માટે તેની ખાણને ખોદવા સમાન છે અને
પાપનાશ તથા ઉત્કૃષ્ટ મંગળ - એ તેના ફળો છે.
એમ સુવર્ણની સંપૂર્ણ ઓળખ તેના હેતુ, સ્વરૂપ
અને ફળની જાણકારી ઉપર આધાર રાખે છે, તેમ ધર્મ
પણ તેના હેતુથી, સ્વરૂપથી અને ફળથી ઓળખાય છે.
ધર્મનો હેતુ ધર્મક્રિયા, ધર્મનું સ્વરૂપ જ્ઞાન - દર્શન તથા
ચારિત્ર છે અને ધર્મનું ફળ પાપનાશ અને મુક્તિ છે.

## ધર્મની પ્રત્યેક ક્રિયાની કસોટી

તેના પાછળ રહેલ સમ્યગ્‌જ્ઞાન, સમ્યગ્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રનો અંશ રહેલો છે, તેના ઉપર છે.
સમ્યગ્‌જ્ઞાન = આત્મજ્ઞાન, સમ્યગ્‌દર્શન = આત્મદર્શન અને સમ્યક્‌ચારિત્ર = આત્મરમણતા.

## Practical Syadvad

સુદર્શન શેઠ જ્યારે પોતાને નપુંસક તરીકે ઓળખાવે છે, ત્યારે 'પરસ્ત્રી પ્રત્યે' એવું મનમાં અપેક્ષિત રાખે છે અને તેવા સાપેક્ષ વાક્યપ્રયોગ વડે પોતે ઉગરી જાય છે.

## ધ્યાનમાં મનની નિર્વિકલ્પ સ્થિતિ

રૂપાતીત ધ્યાનમાં મનનું functioning બંધ થઈ જાય છે, શુક્લધ્યાનમાં મન પોતે આત્મરૂપે જ પરિણમી જાય છે. પહેલાં બેઠમાં ગુણ - પર્યાય આત્મદ્રવ્યના છે, તેનું ધ્યાન છે, તે વર્તુળના પરિઘ ઉપરથી કેન્દ્રમાં જવાનો પ્રયાસ છે. બાકી શુક્લધ્યાનમાં માત્ર કેન્દ્ર પર કેન્દ્રિત થવાનું રહે છે. પિંડસ્થ - પદસ્થ - રૂપસ્થ ધ્યાનમાં આલંબન વડે મનને સ્થિર કરવાનું છે. રૂપાતીતમાં બાહ્ય આલંબન છૂટી જાય અને આત્મા જ આલંબન બને છે. આત્મામાં સ્થિર થવાથી મનની નિર્વિકલ્પ સ્થિતિ આપોઆપ ઉત્પન્ન થાય છે.

નિર્વિકલ્પ સ્થિતિમાં મનને ટકાવી રાખવાનો અભ્યાસ-
એ નિરાલંબનમાં જવાની પ્રક્રિયા છે.
પ્રતિક્રમણ ક્રિયા કરતે ઉપયોગ એક જ કેન્દ્રમાં અથવા
આલાપકમાં ટકી રહે તો બધી ક્રિયા સાર્થક થાય છે.

## સમાપત્તિ, સમાધિ તથા તેની અર્થભાવના

'સમાપત્તિ' એટલે આપત્તિમાં સમતા અર્થાત્
સંપત્તિ અને આપત્તિમાં સમાન બુદ્ધિ,
આધિ, વ્યાધિ, ઉપાધિ અને સમાધિમાં સમાન બુદ્ધિ.
'સમાધિ' એટલે આધિમાં - દ્વંદ્વમાં સમપરિણામ.
'તજ્જપસ્તદર્થ ભાવનમ્ ।' પરમાત્માનું નામ ઓંકાર,
તેનો જપ તથા તેના અર્થની ભાવના કરવી.

## અર્થભાવનાના બે અર્થ

એક તો ક્લેશકર્મવિપાક આશયથી
વિનિર્મુક્ત પરમાત્મ પદાર્થ પોતે અને
બીજો 'તદર્થ' એટલે તે સ્વરૂપની પ્રાપ્તિ માટે,
અન્ય કોઈ પ્રયોજન માટે નહિ.
પરમાત્માના સર્વજ્ઞ અને વીતરાગ સ્વરૂપની પ્રાપ્તિ
અર્થે જ પરમાત્માનું નામસ્મરણ કરવું તે.
કહ્યું છે કે: 'વન્દે તદ્ગુણલબ્ધયે ।'

'આર્હન્ત્ય' એટલે અર્હ તત્ત્વના પાંચ કૃત્યો:
શિવ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને સ્વસ્તિ - આ પાંચ
કૃત્યોની કર્તૃત્વ શક્તિ અર્હના આર્હન્ત્યમાં રહેલી છે.
આર્હન્ત્ય જ યોગ - ક્ષેમંકર શક્તિનો મહાધોધ છે.
ઈતરો તેને kindly light (માયાળુ પ્રકાશ) કહે છે.

આર્હન્ત્યના મૂળ અણુઓનો ધોધ સતત
વહ્યા કરતો હોય છે, પરંતુ જ્યારે તેની અસર ઘણાંક
ઉપર ઓછી થવા લાગે, ત્યારે યોગ - ક્ષેમંકર કોઈ
ભવસ્થ કેવળી - તીર્થંકર કેવળી ઉત્પન્ન થાય છે.

'યોગ' એટલે...

જ્ઞાનદાન, જ્ઞાનોદ્યોત અને જ્ઞાનપ્રેરણા આદિ વડે
અપ્રાપ્ત બોધિની પ્રાપ્તિ કરાવનાર.

'ક્ષેમ' એટલે...

પ્રાપ્ત બોધિનું ઉપદ્રવોથી રક્ષણ કરનાર - આર્હન્ત્ય.

o સં + યમ = યમ એટલે મૃત્યુ અને જન્મ -
ઉભયમાં સમાનભાવ, સમ વૃત્તિ તે સંયમ.

o જો તને જિનમતને આરાધવાની ઇચ્છા હોય, તો
કાતરતાને પૂજીશ નહિ અને સ્વતંત્રતાને ભૂલીશ નહિ.
તેને સ્વીકારવા વડે જ તું મહામુક્ત થઈ શકીશ.

ઋણ તે જ કર્મ છે અને તેનાથી
મુક્ત થવાનો ઉપાય તે જ કૃતજ્ઞતા ગુણનું પાલન છે.
ઋણ છે, ત્યાં સુધી કર્મનું બંધન છે અને
કર્મનું બંધન છે, ત્યાં સુધી ઋણ છે.
તે ઋણથી મુક્ત થવાનો ઉપાય કૃતજ્ઞતા ગુણ છે.
લૌકિક ઋણ માતા - પિતાદિ અને
ઉપકારીઓનું સર્વ સંસારી જીવોનું છે.
લોકોત્તર ઋણ દેવ અને ગુરુનું છે તથા ઉપકારીઓનું
મોક્ષમાર્ગને આરાધનાર સમ્યગ્દૃષ્ટિ જીવસમૂહનું છે.
પર પ્રત્યેનું ઋણ કૃતજ્ઞતાથી વળે છે,
સ્વ પ્રત્યેનું ઋણ સ્વતંત્રતા ગુણથી ઉતરે છે.
સુખ તથા દુઃખ ઉપકારીઓથી ભોગવતા કર્મના વિપાકોદય
વખતે જીવની સ્વતંત્રતાનો પૂરો ખ્યાલ રહેવો જોઈએ.
કૃતજ્ઞતા એ વ્યવહારનયનું લક્ષણ છે,
સ્વતંત્રતા એ નિશ્ચયનયનું લક્ષણ છે.
શ્રી જિનશાસનમાં બંને નયો કહ્યાં છે, તેનો અર્થ
કૃતજ્ઞતા પણ માન્ય છે અને સ્વતંત્રતા પણ માન્ય છે.
મોક્ષના અર્થી આત્માએ જીવદ્રવ્યની સ્વતંત્રતા પણ
માનવી જોઈએ અને સંસાર અવસ્થામાં કર્મદ્રવ્યની
પરતંત્રતા પણ સ્વીકારવી જોઈએ.

પરતંત્રતાનું મૂળ પરપીડા અને કૃતઘ્નતા છે, તેનો નાશ
પરોપકાર અને કૃતજ્ઞતાગુણના પાલન વડે શક્ય છે.

સ્વતંત્રતાનું મૂળ આત્મસ્વભાવ,
ચૈતન્ય લક્ષણ તથા જ્ઞાનદર્શનોપયોગ છે.

જડદ્રવ્ય અને ચૈતન્યતત્ત્વ એ
ગુણ તથા લક્ષણાદિથી પરસ્પર ભિન્ન છે - વિરોધી છે.
એકનો બીજામાં સમાવેશ - પ્રવેશ અશક્ય છે.

સુખદુઃખોપભોગ વખતે કર્મથી જીવની ભિન્નતાનું ભાન
યાદ રાખવાથી સમત્વ ટકી રહે છે.

શત્રુ-મિત્ર ભાવની લાગણી વખતે ચૈતન્ય પરમાત્માની
એકતાનો વિચાર કરવાથી સમત્વને ટકાવી શકાય છે.
સમત્વ એ જ સિદ્ધિનો ઉપાય છે. તે કર્મ અને ધર્મનું,
જડનું અને ચૈતન્યનું સ્વરૂપ વિચારવાથી સધાય છે.

## શ્રી ધર્મારાધના

प्रथमा सहजावस्था, द्वितीया ध्यानधारणा ।
तृतीया प्रतिमापूजा, होम-यात्रा विडंबना ॥१॥
नाऽहं नारको नाम, न तिर्यक् न च मानुषः ।
न देवः किन्तु सिद्धोऽहं, सर्वोऽयं कर्मविभ्रमः ॥२॥

(परिशिष्ट-३)

## ધર્મભૂપતિનું રાજ્ય

(૧) અહો ભુવનરૂપી પૃથ્વી (૨) જૈન શાસનરૂપી નગર
(૩) વિનય-ક્ષમા-સદાચારરૂપી નગરજન (૪) રાજ્યરૂપી પીઠ
(૫) તેના વ્યાખ્યાઓ શ્રેષ્ઠ વેદિકા (૬) વિચારરૂપી સિંહાસન
(૭) સમ્યક્ત્વ તે ઉત્તમ છત્ર (૮) મનઃશુદ્ધિ તે પટ્ટરાણી
(૯) સુકૃતનો ઉદય તે રાજકુમાર (૧૦) સિદ્ધાંત તે સંધિકારક
(૧૧) વિવેકલક્ષ્મી તે માહાત્મ્ય (૧૨) ચતુર્વિધ સંઘ તે સૈન્ય.

આવા ધર્મભૂપતિ રત્નત્રયનું દાન કરે છે.

દૂધ તથા ઘાસ, મેરૂ તથા સર્ષપ, સાગર તથા ખાબોચીયું-
તેના વચ્ચે જે અંતર છે,
તે અંતર જૈનધર્મ અને મિથ્યાધર્મ વચ્ચે રહેલું છે.

धर्मस्य विनयो मूलं, विनयेनाऽर्च्यते धनम् ।
विनीता स्त्री प्रिया पत्युर्मित्रवर्गो विनयात्मकः ॥१॥
सम्यक् संसेवितो धर्मो जिनोक्तः करुणान्वितः ।
इहलोके परत्राऽपि सर्वथा फलदायकः ॥२॥

અર્થ: ધર્મનું મૂળ વિનય છે. ધન અને પતિને પ્રિય એવી વિનયવંત સ્ત્રીઓ વિનય વડે જ મેળવાય છે. ભગવાને કહેલો અને સારી રીતે સેવાયેલો કરૂણાયુક્ત ધર્મ આ લોક અને પરલોકમાં બધે જ ફળદાયક છે.

## ધર્મકલ્પવૃક્ષ કેવું છે ?

(૧) જીવદયા એ ઉત્તમ છે.

(૨) સદાચાર એ કંદ છે.

(3) ધડ એ લજ્જારૂપી સ્તંભ છે.

(૪) સદ્બુદ્ધિ એ ધર્મવૃક્ષની છાલ છે.

(૫) દાન - શીલ - તપ - ભાવ એ વૃક્ષની શાખાઓ છે.

(૬) વિચાર - આચાર - વિવેક એ તેની પ્રશાખાઓ છે.

(૭) જીવાજીવાદિ તત્ત્વો, જિનપૂજાદિ તથા દ્વાદશભાવનાદિ એ ધર્મ રૂપી કલ્પવૃક્ષના સઘન પાંદડાઓ (પત્ર) છે.

(૮) વિવેકાદિ ગુણસમૂહ એ તેના નવીન કુંપળો છે.

(૯) સદ્ગતિ જન્મ, સ્વર્ગ સૌખ્ય એ તેના પુષ્પો છે.

(૧૦) સ્વજન - ધન - ધાન્ય - મિત્ર - પુત્ર - કલત્ર - બંધુ આદિની સુશીલતા એ ધર્મ રૂપી કલ્પવૃક્ષની છાયા છે.

(૧૧) મનઃશુદ્ધિ એ ધર્મવૃક્ષને કરાતું જલનું સિંચન છે.

(૧૨) દીનાનાથાદિ એ ધર્મવૃક્ષ ઉપર બેઠેલાં પક્ષીઓ છે.

(૧૩) શુદ્ધ - નિર્દોષ સપ્તક્ષેત્રમયી ધર્મવૃક્ષની ભૂમિ છે.

(૧૪) અક્ષય મોક્ષસુખ એ ધર્મરૂપી કલ્પવૃક્ષનું ફલ છે.

ભો ભવ્યાઃ શૃણુતાં સમ્યગ્ માનસે દંભવર્જિતે ।
ધર્મકલ્પદ્રુમઃ સોઽયં સેવનીયઃ સદાદરાત્ ॥ (પરિશિષ્ટ-૪)

० अर्हत्सिद्धश्रुताचार्यसंघादीनां सुभक्तितः ।
शुक्लध्यानाच्च गच्छन्ति मानवाः पंचमी गतिम् ॥१॥

અર્થ: અરિહંત, સિદ્ધ, શ્રુતજ્ઞાન, આચાર્ય, સંઘ વગેરેની સારી રીતે ભક્તિ કરવાથી અને શુક્લધ્યાનથી માનવો મોક્ષમાં જાય છે.

નવ પ્રકારના કૃત્યો

भक्तिर्भूरि गुणालये जिनपतौ, रक्तिस्तदुक्तागमे,
सक्तिः सद्गुरुपर्युपासनविधौ, मैत्री परप्राणिषु,
सद्दाने च मतिर्गुणार्जन - रतिः, शिष्टैः सदा संगतिः;
सर्वस्योपकृतिः कुकर्मविरतिः कार्या बुधैः सर्वदा ॥

: અર્થ :

(૧) જિનપતિને વિષેની ભક્તિ (૨) જિનાગમને વિષે રક્તિ
(૩) સદ્ગુરુસેવાને વિષે સક્તિ (૪) પરપ્રાણીને વિષે મૈત્રી
(૫) સત્પાત્ર દાનને વિષે મતિ (૬) ગુણોપાર્જન વિષે રતિ
(૭) શિષ્ટપુરુષને વિષે સંગતિ (૮) કુકર્મને વિષે વિરતિ
(૯) સર્વ જીવોને વિષે ઉપકૃતિ.

બુધ પુરુષોએ કરવા લાયક આ નવ પ્રકારના કૃત્યો છે,

०

With પ્રભુ bhakti, whosoever loses, gains & whosoever gains, loses.

સમાપત્તિ = તદ્રૂપ થવું. તર્ક = શબ્દમય ચિન્તા.

તન્મય થવું = તેના સ્વરૂપને પ્રાપ્ત થઈ જવું.

વિકલ્પ = ભેદ. સંકીર્ણ = ભળી ગયેલા.

જે સમાધિ પ્રસંગમાં વિતર્ક રહે છે,

તે 'સવિતર્ક સમાપત્તિ' કહેવાય છે.

શબ્દ અને જ્ઞાનનો વિકલ્પ જતો રહે અને

કેવળ ગાય પદાર્થ ચિત્તમાં ભાસતો રહે, ત્યારે

તે 'નિર્વિકલ્પ - વિતર્કરહિત સમાપત્તિ' કહેવાય છે.

'ગો' શબ્દ - ઉદાત્તાનુદાત્તાદિ ધર્મવાળો છે.

'ગો' અર્થ - સાસ્ના, શૃંગ, પૂચ્છ આદિ ધર્મવાળો છે.

'ગો' જ્ઞાન - પ્રકાશ આદિ ધર્મવાળું છે.

'સ્મૃતિપરિશુદ્ધૌ' એટલે સ્મૃતિ વડે પરિશુદ્ધ થયે છતે,

અર્થાત્ આગમ અને અનુમાન જ્ઞાનના કારણભૂત

શબ્દસંકેતનું સ્મરણ થવાથી.

કર્તવ્ય + સામર્થ્ય = માંગલ્ય.

કુદરતના અસીમ સામર્થ્યની ઉગ્રતા,

તેની અસીમ કરૂણાની આર્દ્રતા અને

તેના અસીમ માંગલ્યની મહાનતા વિચારવી.

તે પ્રત્યેક વિચારશીલ વ્યક્તિનું કર્તવ્ય છે.

કુદરત પાસે સામર્થ્ય પણ છે અને કરુણા પણ છે
અને તે જેના નિમિત્તથી ઉત્પન્ન થતું માંગલ્ય છે.
કરુણાથી વ્યાપ્ત રૌદ્રતા અને
રૌદ્રતાથી વ્યાપ્ત કરુણામાંથી માંગલ્યનું સર્જન થાય છે.
કુદરતમાં દયા અને ન્યાયનું સામ્રાજ્ય પ્રવર્તી રહેલું છે.

## પાંચ સનાતન ભેદ

જીવ, ઈશ્વર, માયા, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ (પુરુષોત્તમ)
- એ પાંચ સનાતન ભેદોનું તત્ત્વજ્ઞાન
સ્વામિનારાયણ સંપ્રદાયમાં આપેલું છે. તેમાં ય તેમનું
અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મના ભેદનું તત્ત્વજ્ઞાન નિરાળું છે.

## જપ, અજપાજપ તથા અનજપાજપમાં શું ફેર ?

મનની ક્રિયા વડે થતો જપ એ જપ છે.
જેમાં જપની ક્રિયા થાય છે પણ
મન તેને માત્ર સાંભળે છે, તે 'અજપાજપ' છે.
મંત્રના આંદોલનોને મન માત્ર ગ્રહણ કરે છે પણ
પોતે ક્રિયા કરતું નથી, ત્યારે તે 'અનજપાજપ' કહેવાય છે.
ઘણો કાળ માનસજાપ થયા પછી જ તે અવસ્થા આવે છે.
મન નિર્વિકલ્પ રહે છે અને મંત્રજાપ થયા કરે છે,
એ સ્થિતિ સહજાવસ્થાની પૂર્વભૂમિકા છે,

ત્યાં સુધી પહોંચવા માટે હોમ - હવન,
તીર્થયાત્રા - મૂર્તિપૂજા, સ્મરણ - પ્રાણાયામ તથા
ધ્યાન - ધારણાદિ ક્રિયાઓ સહાયક બને છે.

અરિહંતો નાદબ્રહ્મના પ્રત્યક્ષ છે,
તો સિદ્ધો જ્યોતિબ્રહ્મના પ્રત્યક્ષ છે.

તીર્થંકર નામકર્મની પુણ્ય પ્રકૃતિ એ નાદબ્રહ્મનું ફળ તથા
અષ્ટકર્મ નિર્મૂળક્ષયરૂપી સિદ્ધપદ એ
જ્યોતિબ્રહ્મનું પરિણામ છે.

નાદ - જ્યોતિનો એ રીતે સમન્વય રહેલો છે.

## સિદ્ધાચલનો મહિમા

શ્રી વિમલગિરિ શિખર મંડણ, દુઃખ વિહંડણ ધ્યાઈએ,
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં - પરમ જ્યોતિ નિપાઈએ.

- ચોમાસી દેવવંદનનું પ્રથમ ચૈત્યવંદન

સિદ્ધાચલ = અનાદિસિદ્ધ અચલ એવું આત્મસ્વરૂપ.
તેમાં વસનારી તે સંયમી આત્માર્થી જીવને પૂજનીક છે.
મરીને જીવી અર્થાત્ શરીરનું મૃત્યુ થઈ ગયું છે, પછી
જે જીવવાનું મળે, તે દિવ્ય આત્મા માટે હોવું જોઈએ.
અપ્રમત્તભાવ લાવવા મૃત્યુ બાદનું જીવન ઉપયોગી છે.
જીવનમાં પ્રમાદદોષને દૂર કરવા મૃત્યુનો વિચાર સમર્થ છે.

જગતના આ તમામ દૃશ્ય પદાર્થોમાં
માત્ર એક પરમતત્ત્વનું જ દર્શન કરતા રહો.
નામ, રૂપ અને આકૃતિઓ પર રહી એક જ તત્ત્વ
સર્વત્ર - સર્વકાળ વ્યાપીને રહેલું છે.
તે તત્ત્વ 'સચ્ચિદાનંદ'ના નામે ઓળખાય છે.

## યોગનું વિશિષ્ટ વિજ્ઞાન

'વિયોગ'નો અર્થ જુદું થવું યા જુદું પડવું.
'યોગ'નો અર્થ મિલન કે જોડાણ.
કોઈ બે વિશિષ્ટ ચૈતન્ય શક્તિ જ્યારે એકત્ર થાય,
ત્યારે તે યોગ બને છે. 'યોગ' એટલે યાદ પણ થાય.
લૌકિક જગતમાં મા, બાપ અથવા પ્રેમીજનો
પરસ્પરને યાદ કરે છે, તેમ જ્યારે પરમાત્માને
આપણું સર્વસ્વ માનીને દરેક સંબંધો બુદ્ધિયોગથી
તેમની સાથે જોડવામાં આવે, ત્યારે તેનું નામ 'યોગ' છે.
પરમાત્મા સાથે બુદ્ધિયોગ વડે જોડાવામાં કોઈ હઠ કરવાની
જરૂર નથી પણ ક્ષણેક્ષણે સ્મૃતિ રાખવાની જરૂર છે
કે 'હું પરમાત્માની હાજરીમાં જીવી રહ્યો છું.' આ યોગની
પ્રગતિએ પહોંચવામાં કેટલાક નિયમો શારીરિક અને મન
બંનેને લાગતા કહ્યા છે, તેને આચરણમાં લાવવા જોઈએ.

'ગીતા'માં કહ્યું છે કે: સ્થૂળ શરીર છોડવાની પહેલાં
જે મનુષ્ય કામ અને ક્રોધથી ઉત્પન્ન થયેલો વેગ
સહન કરી લેવા શક્તિમાન થાય, તે જ યોગી છે.

યોગના અભ્યાસ માટે પ્રથમ નિયમ
પૂર્ણ બ્રહ્મચર્ય વ્રતનું પાલન છે.

પરમાત્મા તો પવિત્રતાના મહાસાગર છે.
અપવિત્ર અને વિકારી યાદ તેમને કઈ રીતે પહોંચી શકે?
Like attracts like.

પરમાત્મા જેવા દિવ્ય ગુણો જો ધારણ ન કરીએ, તો
ગમે તેટલા પ્રયત્ને પણ દિવ્ય શક્તિ પ્રાપ્ત નહિ થાય,
યોગ વડે મન એકાગ્ર કરવાના પ્રયત્નો સફળ નહિ થાય.

કામરૂપી મહાશત્રુને સાથે રાખીને
પરમાત્માને યાદ કરવા તે પરમાત્માને પ્રિય નથી, તે
પરમાત્માની પ્રથમ આજ્ઞાનું જ ઉલ્લંઘન કર્યું ગણાય.

બીજો નિયમ તે પવિત્ર ભોજન.
ન્યાયસંપન્ન ધનવડે તથા શુદ્ધ હાથ - પગ - આંખોથી
સાત્વિક ભોજન જ સત્વપ્રધાન હોવાથી
પરમાત્મા સાથે યોગ કરાવી શકે છે.
પહેરવેશ પણ સદા સીધો જોઈએ કે પરસ્પર

પિતા-પુત્ર, માતા - પુત્રી, ભાઈ - બહેનનો ભાવ બનાવે.
ત્રીજો નિયમ સત્સંગનો છે.

'જેવો સંગ તેવો રંગ' એ નિયમ છે.
જેની બુદ્ધિનું જોડાણ પરમાત્મા સાથે છે અને જેના રોમરોમમાંથી સર્વના કલ્યાણની ભાવના સતત વહે છે, તેવા વ્યક્તિઓના સહવાસથી પ્રભુની યાદ સહજ બને છે. સાચો યોગી તે છે કે જે પરમ પિતા શિવ પરમાત્માના સૌ ગુણોને પોતાના ગુણ સમજી જીવનમાં ઉતારે છે. સહજ રાજયોગની વિધિ કોઈ પ્રકારના સ્થૂલ નિયમોને આધારે નહિ, કિન્તુ પોતાની જ સમજના આધારે છે. એ વાત તો સૌ પ્રથમ જરૂરી છે કે: 'હું આત્મા છું અને પરમાત્મા સાથે મારો પિતા-પુત્રનો સંબંધ છે.' પોતાને શરીર સમજતાં બધાના શરીર યાદ આવે છે. પોતાને જ્યોતિબિંદુ સમજવાથી નિરાકાર શિવ પ્રભુ અથવા પરમાત્મા જ યાદ આવે છે. પરમાત્મા પ્રેમ, સુખ, શાંતિ પવિત્રતા અને આનંદના સાગર છે. શિવ પરમાત્માના દરેક ગુણોને યાદ કરતાં કરતાં તે ગુણ રૂપ બનતા જઈએ છીએ અને પરમાત્માની દિવ્ય શક્તિ અને પ્રેમ આપણને મળતાં જાય છે.

આવો યોગી જે ક્રિયાઓ વડે પરમાત્માને પામી શકે છે,
તે જ ક્રિયાઓ દ્વારા દ્રષ્ટિના ભેદભાવ વિના તે
વિશ્વની પ્રત્યેક વ્યક્તિને પામી શકે છે.

## પરમાત્માની પ્રકૃતિ એટલે શું ?

પરમાત્માની પ્રકૃતિ = સર્વજ્ઞતા તથા સર્વશક્તિમત્તા.
પોતાને પરમાત્માની પ્રકૃતિનો વારસ સમજવાથી
યોગની અંતિમ સિદ્ધિ મેળવી શકાય છે.

## યોગનું અંતિમ લક્ષ્ય એ છે કે:

પરમાત્માના જેવા જ ગુણો અને શક્તિઓનો
સાધક પોતાના વાસ્તવિક જીવનમાં અનુભવ કરે.
નરમાંથી નારાયણ અને નારીમાંથી શ્રી મહાલક્ષ્મી
પદને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય સિદ્ધ થાય છે.
યોગનો હેતુ વિશ્વનો તિરસ્કાર નહિ,
કિન્તુ નવસર્જન - રૂપાંતર યા પરિવર્તન કરવાનો છે.

## સમાધિ સાધના અને અસંગ અનુષ્ઠાન

'સમાધિ' એટલે શુદ્ધાત્મ સ્વરૂપનું ભાન.
'સમાધિમંત્ર' એટલે આત્મસ્વરૂપનું ભાન કરાવનાર
આગમ વચનો તથા શુદ્ધ સ્વભાવ આત્મસ્વરૂપનું
સાચું ભાન કરાવનાર આગમશાસ્ત્રો.

મેરૂશિખર નવરાવે... હો સુરપતિ મેરૂશિખર...
જન્મકાળ જિનવરજીનો જાણી, પંચરૂપ કરી આવે,
હો સુરપતિ... મેરૂશિખર... નવરાવે.

પ્રતિમાની આકૃતિ એ

સાધકની સાધનાનો પ્રાણ અને અસંગ અનુષ્ઠાન,
જેમાં મનનો સંગ છૂટી ગયો છે, તેવા આત્માની ક્રિયા.

મન વડે થતી શરીરાદિની ક્રિયાઓમાંથી મુક્ત થઈ
કેવળ કુંડલિની શક્તિ અથવા આત્માની ચેતનશક્તિથી
જે સહજ ભાવે ક્રિયા થાય, તે અસંગક્રિયા છે.

મન અને તેના વિકલ્પો છે...
આત્મા-પરમાત્મા વચ્ચે ભેદ કરનાર પડદો યા દિવાલ.
તેને તોડવા માટે નિર્વિકલ્પ થવું જોઈએ.

મનને વિકલ્પરહિત કરવા માટે તેને નિર્વિચાર કરવું
અને નિર્વિચાર થવા માટે નિર્વાસન થવું જોઈએ.
નિર્વાસન થવા માટે બાહ્ય વસ્તુઓમાં મમત્વ-
મારાપણાની બુદ્ધિનો સર્વથા છેદ ઉડાવવો જોઈએ.
જન્મ પહેલાં અને મૃત્યુ પછી જે સ્થિતિ આવે છે,
તેનો અનુભવ જીવન જીવતાં લેવો જોઈએ.
હું અને મારાંપણાના ભાવનો સર્વથા ત્યાગ, તે સર્વવિરતિ.

બધા વ્યવહારમાં હું અને મારાપણાનો ભાવ
સર્વથી, ટાળવો જોઈએ, એજ સર્વવિરતિ છે.

## દુર્લભ વસ્તુઓની પ્રાપ્તિ

મલથી મલિન જલ મલિન નથી,
પાપપંકથી મલિન તે જ તત્ત્વથી મલિન છે.
ધર્મનું મૂળ દયા છે, દયાનું મૂળ વિશિષ્ટ જ્ઞાન છે.
જ્ઞાન પ્રાપ્ત થયા પછી જ ચારિત્રનો પરિણામ દુર્લભ છે,
તેથી બહુ દુર્લભ ક્ષાયિકભાવનું જ્ઞાન-દર્શન-ચારિત્ર છે,
કેમકે તે મોક્ષનું અનંતર કારણ છે.
મનુષ્યપણું દુર્લભ છે, દીર્ઘ આયુષ્ય દુર્લભતર છે.
काले सुपत्तदाणं सम्मत्तविसुद्ध बोहिलाभं च ।
अंते समाहिमरणं अभव्वजीवा न पावंति ॥(પરિશિષ્ટ-૫)

## ચિતા અને ચિન્તા

ચિતા મડદાને - મરેલાને બાળે છે, જ્યારે
ચિન્તા જીવતાને બાળે છે, એક બિંદુની આ અસર છે.
પહેલાં બિંદુ હતું, તેમાંથી
૧ - ૨ - ૩ - ૪ - ૫ - ૬ - ૭ - ૮ - ૯ - ૧૦ થયા.
૯નો આંક અખંડ છે, એટલે ત્યારે પછી
બાળ આંકની જરૂર નહોતી એટલે બિંદુ મૂક્યું.

બિંદુ આગળ મૂકવાથી ૧૦ના ૧૦૦ થાય છે.
એ રીતે બિંદુ એ શક્તિ છે.
શક્તિ વિનાનો શિવ પણ શવ છે,
તેથી બિન્દુને 'આદ્યશક્તિ' કહેવામાં આવે છે.
આંખ મીંચીને જોવાથી અંધકાર દેખાય છે.
તે અંધકારને વધુ વખત જોવાથી ચક્રાકાર બિંદુ દેખાય છે
અને એ બિંદુમાંથી સમગ્ર વિશ્વની ઉત્પત્તિ છે.
સૃષ્ટિ સુધારવા પહેલાં દૃષ્ટિ સુધારો.

## સાચી સમાધિ

શુક્લધ્યાનના પહેલાં બે પાયા ધ્યાન તથા સમાધિ છે,
ત્રીજો પાયો લાનસમાધિનો છે.
સમાધિ મરણ એટલે ત્રણ શલ્યવિનાનું મરણ.
જ્યારથી શાંતિ કે સમાધિ દેખાતી હોય પણ અંદરથી
માયા, મિથ્યાત્વ કે નિદાનશલ્ય કાયમ રહ્યું હોય,
તો તે સાચી સમાધિ નથી.
જ્યારથી સમાધિ ન દેખાતી હોય પણ જો તે નિઃશલ્ય
થઈને મરણ પામે, તો તે સમાધિ મરણ કહેવાય.
सव्वे अवराह पए उस्स खमावेमि अज्जा निस्सल्लो।
अम्मापिउ सरिसस्स सव्वे वि खमंतु मे जीवा ॥१॥
(પરિશિષ્ટ-૬)

## પ્રતિક્રમણ - ક્ષમાપના

અપકારનિમિત્ત બનેલ સર્વ જીવોને અપકાર કર્યો છે અને ઉપકાર લઈને તેને માન્યો નહિ, તે પાપનું ઋણ છે અને

નિશ્ચયનિમિત્ત પોતાના આત્માને અવગણ્યો છે,

તેના ઉપકારને સ્વીકાર્યો નહિ, તેનું પણ ઋણ છે.

તે બંને ઋણને મિટાવવા માટે જ પ્રતિક્રમણ છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવ ક્ષમા માંગે છે,

તેને ક્ષમા આપવાની રીતી નહિ, કેમકે પોતાના અશુભ કર્મ સિવાય બીજા કોઈને પણ તે અપરાધી માનતો નહિ. બીજો જીવ તેની ક્ષમા માંગે, ત્યારે પણ તે એમ કહે છે કે 'મને તારા ઉપર કોપની લાગણી કદી થઈ નહિ અને થતી નહિ માટે મારા તરફથી તું નિર્ભય રહેજે. હું કોઈને અપરાધી માનતો નહિ. મારું કર્મ જ મારું અપરાધી છે. તું પણ કર્મને અપરાધી માનતા શીખજે, તો તને પણ કોઈના ઉપર કદાપિ ક્રોધ આવશે નહિ'.

'ૐ સોઽહં ૐ હંસઃ સોઽહં ૐ'

Time is tremendously precious. The orderly universe can't be coincidence. Its autonomy is really amazing.

## આત્માનું અજ્ઞાન એ અક્ષાંતવ્ય

વ્યવહાર ધર્મ = સર્વ જીવો સાથે ક્ષમાપનાનો વ્યવહાર.
નિશ્ચય ક્ષમાપના = પોતાના આત્મા સાથે ક્ષમાપના.
નિશ્ચય ક્ષમાપના એટલે... આત્મગુણ, પર્યાય કે દ્રવ્ય અને તેની શક્તિની અવગણના ન કરવી તે.

આત્માનું જ્ઞાન ન હોવું તે જ અજ્ઞાન છે. બીજું બધું અજ્ઞાન ક્ષાંતવ્ય છે, કિન્તુ આત્મ અજ્ઞાન એ અક્ષાંતવ્ય છે! એ સર્વથી મોટો અપરાધ છે, એ મહામિથ્યાત્વ છે.
તેનું નિવારણ આત્મજ્ઞાનથી થાય છે.

'આત્મજ્ઞાન' એટલે...

આત્માના સ્વરૂપનું જ્ઞાન, અનંત ચતુષ્ટયનું જ્ઞાન,
આત્માની ઉપાદેયતાનું જ્ઞાન.
તે જ્ઞાન થવાથી આત્મ અજ્ઞાન અને તજ્જનિત સર્વ મિથ્યા ભાવો, મોહજનિત દુષ્ટ વિચારો નાશ પામી જાય છે.

### ત્રણ પ્રકારની સમાધિ

યોગસમાધિમાં બધું પ્રકૃતિનું છે, પુરુષ દૃષ્ટા છે.
જ્ઞાનસમાધિમાં બધું આત્મભિન્ન છે, આત્મા અલિપ્ત છે.
ભક્તિસમાધિમાં બધું ભગવાનનું છે.
ત્રણે સમાધિમાં આત્મતત્ત્વની પ્રધાનતા વિચારવાની છે.

પ્રકૃતિ પુરુષ મહાન છે, જ્ઞાનદાતા પુરુષ છે અને સંસારની બધી બાહ્ય વસ્તુઓનો દાતા પણ પુરુષ છે.
સુખગુણ પણ પુરુષનો છે, જ્ઞાનગુણ પણ પુરુષનો છે.
પૂર્ણતાનો, સ્વાત્મત્વનો, બંધુત્વનો ભાવ જ્યારે બધેથી છૂટી આત્મતત્ત્વ ઉપર આવે, ત્યારે જીવ મુક્ત થાય છે.
દેવની કરુણા, ગુરુની કરુણા, શાસ્ત્રની કરુણા વગેરે આત્માની કરુણા ઓળખાવવા માટે છે.
સર્વાધિક કરુણા આત્મતત્ત્વની છે, તેને ઓળખાવનાર દેવ-ગુરુ-શાસ્ત્રાદિ હોવાથી તે બધાં પરમ ઉપકારક છે.

<u>કયો વિચાર કયા યોગને પુષ્ટ કરે?</u>

(૧) કર્મયોગ : આત્મા બધા આત્માઓનો ઋણી છે.
<u>'મારું બધું સંસારનું છે' એ વિચાર કર્મયોગને પ્રકટાવે.</u>

(૨) ભક્તિયોગ : આત્મા પરમાત્માનો અંશ છે.
<u>'મારું બધું પ્રભુનું છે' એ વિચાર ભક્તિયોગને વિકસાવે.</u>

(૩) જ્ઞાનયોગ : આત્મા પ્રકૃતિથી ભિન્ન છે.
<u>'મારું બધું પ્રકૃતિનું છે' એ વિચાર જ્ઞાનયોગને પુષ્ટ કરે.</u>

Dt.22/6/70

જેઓના ચિત્તમાંથી રાગ-દ્વેષનો નાશ થઈ ગયો છે, તે જ્ઞાની છે, દાની છે, ધ્યાની છે. - સંત તુલસીદાસજી

2/7/70

મા ચિટ્ઠહ મા જંપહ મા ચિંતહ કિંપિ જેણ હોઇ થિરો।
અપ્પા અપ્પમ્મિ રઓ ઇણમેવ પરં હવે ઝ્ઝાણં ॥૧॥

– દ્રવ્યસંગ્રહ, ગાથા ૫૬ ઉક્તિ:

કંઈ કરો ન ચેષ્ટા વિચાર ઉચ્ચાર, જેથી સ્થિર બનો.
અંતર આત્મરમણતા ને તલ્લીનતા પરમ ધ્યાન ગણો. (૧)
અંતરાત્મરમણતા – તલ્લીનતા એ જ એક કરવા યોગ્ય છે.
આત્મસિદ્ધિ ગમે ત્યારે, ગમે તેટલા જન્મ પછી પણ એ
સાધ્ય થશે; ત્યારે જ સાચી શાંતિ અને સમાધિ મળશે.

સાચા સાધકો આ જ કરે છે.

વાદ – વિવાદ, વિતંડાવાદ કે ચર્ચા આદિથી
અલગ રહી આ જ વસ્તુની સાધના કરવા યોગ્ય છે.

મહાવીરવાળા પણ આ જ કહે છે,
કબીર પણ તે જ કહે છે.

અંતે શાસ્ત્રવાસના પણ છૂટવી જોઈએ.
સર્વ શાસ્ત્રનો ઉગમ – ભંડાર આ સાધનાથી ખુલ્લો થાય છે.
ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે,
સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.
સંત વિના અંતની વાતનો અંત પમાતો નથી.

લોકસંસાધિ લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ કર્યા વિના
વૈરાગ્યમાં યથાયોગ્ય સ્થિતિ પામવી દુર્લભ છે.
વિષયસુખ = objective happiness.

ગુણનો પ્રચાર કરવો પડે છે,
રોગનો પ્રસાર આપમેળે થાય છે.

'હું ક્ષુદ્ર છું, મારી આ જગતમાં જરૂર જ નથી'
આ જ્ઞાનની શરૂઆત છે.

नाहमन्नस्स कस्सइ, नत्थि मे कोइ ।
एवं अदीणमणसो अप्पाणमणुसासइ ॥

સમજૂતિ: 'હું એકલો છું, મારું કોઈ નથી.' આ પ્રમાણે
અદીન મનથી આત્માને શિખામણ આપી સમજાવે.

હું આત્મા છું, આત્માનો છું.
આત્મા દિવ્ય છે, દિવ્ય ગુણોનો ભંડાર છે.
આવી સમજણ જેને આવી, તે 'જ્ઞાની' ઇત્યાદિ.

'ભક્તિ' એટલે...
લોભ - મિલન - દિવ્યતા સાથે સંબંધ - જોડાણ - એકતા.
કુચિત અંશ નહિ પણ પૂર્ણ.

असूयक - पिशुनश्चैव कृतघ्नो दीर्घरोषकः ।
चत्वारः कर्मचाण्डाला जन्मतश्चापि पंचमः ॥१॥
(પરિશિષ્ટ-૭)

पापोऽहं पापकर्माऽहं पापात्मा पापसंभवः। अर्थात्
હું પાપી છું, પાપકર્મી છું, પાપાત્મા છું,
પાપમાંથી જ ઉત્પન્ન થયેલો છું.

'तपो द्वन्द्वसहनम्।' દ્વન્દ્વ સહન કરવું તે તપ છે.
ક્રોધાદિ કષાયોથી દૂષિત જ્ઞાન હોય, ત્યાં સુધી
અહિંસાદિના પાલનરૂપ વ્યવહારચારિત્ર પણ ટકતું નથી.
જ્યારે જ્ઞાન આત્માના સ્વરૂપમાં જ સમાઈ રહે,
આત્માકાર પરિણામી રહે,
ત્યારે હિંસાદિ પાપસ્થાનો પલાયન કરી જાય છે.
પાછું જ્ઞાન જ્યારે વિષયાકાર પરિણમે છે, ત્યારે તુરત
જ હિંસાદિ અવ્રતો - ક્રોધાદિ કષાયો આવીને ઉભા રહે છે.
આથી એ નિશ્ચય થાય છે કે
વિષયાકાર વૃત્તિ - જ્ઞાનનું વિષયાકાર પરિણમન
તે અધર્મનું મૂળ છે અને
બીજું આત્માકાર પરિણમન તે ધર્મનું મૂળ છે.

રત્નત્રય સ્વરૂપ આત્માનું ધ્યાન
જ્યારે યોગી મુમુક્ષુ કરે છે, ત્યારે સકલ કર્મો -
હિંસાદિ અને રાગાદિ પાપકર્મો નાશ પામે છે અને
આત્મા મુક્ત સ્વરૂપે પ્રકાશે છે.

જ્યાં જ્યારે આત્માથી પરાઙ્મુખ થઈને પર દ્રવ્યમાં
રાગ કરે છે, ત્યારે જ્ઞાનાદિ રત્નત્રય ટકી શકતા નથી.
આત્માથી અભિન્નરૂપ જ્ઞાનાદિમાં પ્રવૃત્તિ કરવા માટે
યોગી પુરુષો નિરન્તર પ્રયત્નશીલ રહે છે.

આત્મા આત્મા વડે આત્માને જાણે, તે જ્ઞાન છે.
આત્મા આત્મા વડે આત્માને જુએ, તે દર્શન છે.
આત્મા આત્મા વડે આત્મામાં પ્રવૃત્તિ કરે, તે ચારિત્ર.

મોક્ષાર્થી જીવોએ આત્માનું જ્ઞાન કરી, શ્રદ્ધાપૂર્વક તેમાં
આચરણ કરવું, તે મોક્ષનો સરલ-સચોટ માર્ગ છે.

ઇંદ્રિયોને પોતપોતાના વિષયોથી રોકીને,
ચિત્તને ચિન્તાઓ વિનાનું બનાવીને
સ્વરૂપસ્થિરતાનો અભ્યાસ કરનારને
આત્માનું તાત્ત્વિકસ્વરૂપ પ્રત્યક્ષ થાય છે.

જે આત્મા પર દ્રવ્યનું ચિન્તન કરે છે, તે પરદ્રવ્યમાં
તદાકાર થાય છે, તેને પ્રાપ્તિ પણ તેની જ થાય છે
તથા જે શુદ્ધ આત્મામાં તદાકાર થાય છે,
તેને તેની જ પ્રાપ્તિ થાય છે.

આત્મતત્ત્વને જાણવું તે જ્ઞાન, રૂચવું તે દર્શન અને
તેમાં પ્રવર્તવું તે ચારિત્ર છે.

'ગુણ પર્યાયવત્ દ્રવ્યં ।'

ગુણ પર્યાયોને દ્રવે - ઝરે અને બદલતો રહે તે દ્રવ્ય.

દ્રવ્યો સત્ છે, માટે અવિનાશી છે.

ઉત્પન્ન થતાં પદાર્થમાં ઉત્પન્ન થવારૂપે સત્તા રહેલી છે,
વ્યય થતાં પદાર્થમાં વ્યયરૂપે સત્તા રહેલી છે અને
સ્થિર રહેતા પદાર્થમાં સ્થિરરૂપે સત્તા રહેલી છે.

પુદ્ગલના આકારો - પ્રકાર અને આત્માના જ્ઞાન -
દર્શનાદિ ઉપયોગો ગમે તેટલાં બદલાય પણ દ્રવ્ય તો
કાયમ રહે છે, તેથી આત્મા 'અવિનાશી' કહેવાય છે.

ઉપાદાન = મૂળકારણ, અંતરંગકારણ.

નિમિત્તકારણ = બાહ્યકારણ.

કાર્ય થયા પછી નાશ પામે, તે બાહ્ય કારણ છે, તેથી
તેનો નાશ થવાથી કાર્યનાશ થવાનો નિયમ નથી પણ
ઉપાદાન કારણના નાશથી કાર્યનો નાશ અવશ્યંભાવી છે.

રાગ-દ્વેષના નિમિત્તે પુદ્ગલો કર્મ રૂપે પરિણમે છે
અને પુદ્ગલો કર્મ રૂપે પરિણમે છે, ત્યારે
જીવ કર્મના નિમિત્તે રાગી-દ્વેષી થાય છે.

Thinking for all others nourishes
our body, mind and also soul.

વિષયપ્રતિભાસ = નિમિત્તપ્રધાનતા.

આત્મપરિણતિમત્ = ઉપાદાનપ્રધાનતા.

તત્ત્વસંવેદન = અભિન્ન નિમિત્તોપાદાનતા.

o માનવ સ્વભાવની એક નબળી કડી એ છે કે તે પ્રેમ અને સંપની ભાવના ગ્રહણ કરવાને બદલે કુસંપ અને ધિક્કારની ભાવના જલ્દી ગ્રહણ કરી લે છે.

વળી દરેકે તે નબળી કડી ઉપર

કાબુ મેળવવાની શક્તિ કેળવવી જોઈએ.

<u>થોડા સામાન્ય પ્રશ્ન અને તેના ઉત્તર</u>

<u>પ્ર. - જપમાં ૧૦૮ મણકા કેમ?</u>

ઉ. - ૧૦૮નો આંક સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ છે.

તે આંક બ્રહ્મની સાકાર મૂર્તિ છે.

એ કારણે સંત મહાત્માઓ અને ગુરુજનોના નામમાં પહેલાં - ૧૦૮ લખાય છે. આ ૧૦૮ લખવાથી એ સૂચિત થાય છે કે આપ બ્રહ્મસ્વરૂપ છો.

<u>પ્ર. - ૧૦૮વાળા બ્રહ્મ કોણ છે?</u>

ઉ. - એક ઐશ્વર્યમય બ્રહ્મ અને જે સંસારમય છે

તથા બાળ સીતારામ - રાધિકાકૃષ્ણ.

(૧) સંસાર (૨) સીતારામ (3) રાધિકાકૃષ્ણ.

પ્ર. - એ ત્રણને બ્રહ્મસ્વરૂપ માનવામાં પ્રમાણ શું ?

ઉ. - શાસ્ત્રપ્રમાણ ઉપરાંત અક્ષર ગણિતને આધારે પણ એ ત્રણ બ્રહ્મસ્વરૂપ છે, તેનો બોધ થશે અને તેથી શાસ્ત્રપ્રમાણ ઉપર વિશ્વાસ થઈ જશે.

| બ્રહ્મ | સંસાર | સીતા | રામ |
|---|---|---|---|
| ૧ બ - ૨૩ | ૧ સ - ૩૨ | ૧ સ - ૩૨ | ૫ ર - ૨૭ |
| ૨ ર - ૨૭ | ૨ ં - ૧૫ | ૨ ઈ - ૪ | ૬ આ - ૦૨ |
| ૩ હ - ૩૩ | ૩ સ - ૩૨ | ૩ ત - ૧૬ | ૭ મ - ૨૫ |
| ૪ મ - ૨૫ | ૪ આ - ૦૨ | ૪ આ - ૨ | |
| | ૫ ર - ૨૭ | સીતા = ૫૪ | રામ = ૫૪ |
| બ્રહ્મ = ૧૦૮ | સંસાર = ૧૦૮ | સીતા + રામ = ૧૦૮ | |

| રાધિકા | કૃષ્ણ |
|---|---|
| ૧ - ર - ૨૭ | ૧ - ક - ૧ |
| ૨ - આ - ૨ | ૨ - ઋ - ૭ |
| ૩ - ધ - ૧૯ | ૩ - ષ - ૩૧ |
| ૪ - ઈ - ૩ | ૪ - ણ - ૧૫ |
| ૫ - ક - ૧ | |
| ૬ - આ - ૨ | |
| રાધિકા = ૫૪ | કૃષ્ણ = ૫૪ |

રાધિકા + કૃષ્ણ = ૧૦૮

## ૧૨ ઉપયોગી વચનો

(૧) સંતોષ એ સુખનું મૂળ છે.

(૨) સત્સંગતિ એજ પરમ ગતિ.

(૩) સ્વાવલંબન એ સર્વસિદ્ધિ ગુરુ છે.

(૪) આજ્ઞાપાલન એજ સાચી ભક્તિ છે.

(૫) એક વાતને કદી ભૂલો નહિ કે
ચોટલી પકડીને બેઠેલો કાળ માથા ઉપર તૈયાર જ છે.

(૬) સદાચાર એજ ધર્મ છે, તેના પાછળ
શારીરિક અને અંતઃકરણનો લાભ પ્રમાણ છે.

(૭) રોજ પ્રભાતે ઉઠીને આંખો બંધ કરી
બે ભ્રુકુટિના મધ્ય ભાગ ઉપર દૃષ્ટિ સ્થિર કરો.

(૮) ક્રોધને ક્ષમાથી, વિરોધને અનુરોધથી,
ઘૃણાને દયાથી, દ્વેષને પ્રેમથી તથા
હિંસાને અહિંસાની પ્રતિપક્ષ ભાવનાથી જીતવા.

(૯) માત્ર એકાકીપણે જ પ્રભુસંબંધ થઈ શકે છે,
તે માટે એકાંત પસંદ કરો.

(૧૦) નામ - રૂપનું ધ્યાન તે સગુણ અને સાકાર છે.
નિત્યતા, શુદ્ધતા, બુદ્ધતા, અનન્તતા,
સત્યતા અને આનંદતા વગેરે નિર્ગુણ છે.

(૧૧) વ્યક્તિનું ધ્યાન સગુણ છે, જાતિનું ધ્યાન નિર્ગુણ છે.
સર્વવ્યાપીતા, સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા, પ્રકૃતિ તે સગુણ
-નિર્ગુણ છે. તે વડે નિર્વિકલ્પ સ્થિતિ સુલભ બને છે.
(૧૨) સત્સંગતિ, સદ્ગ્રન્થ, સદ્વિચાર ધ્યાનમાં સહાયક છે.

ઈશ્વરને ન ભૂલો. એને જ માર્ગદર્શક બનાવો.

એ વિચાર દૃઢ કરો કે:

'વિશ્વના સંચાલક તે છે, તમે તો માત્ર તેના ટપિયાર છો.'

## એક અદ્ભુત વાત

પાંચે પાંચ ઈંદ્રિયના વિષયો ભોગવતો આત્મા પણ કર્મનિર્જરા સહિત આત્મવિશુદ્ધિ પામી શકે, જો તે વિષયો પરમાત્મા સંબંધી હોય. એના દૃષ્ટાંત રૂપે શાસ્ત્રોમાં નીચેની એક એક વસ્તુને બતાવી છે:

(૧) મનોહર રૂપને જોતો (જિનપ્રતિમાદિક).
(૨) મધુર - મનોજ્ઞ વચનોને સાંભળતો (સદ્ગુરુ દેશના).
(૩) સુગંધી પદાર્થોને સુંઘતો (સમવસરણસ્થ પુષ્પવૃષ્ટિ).
(૪) સરસ ભોજનનો આસ્વાદ લેતો (જ્ઞાનામૃતરસપૂર્ણ સમ્યક્ત્વ ગુણ).
(૫) મૃદુ પદાર્થોનો સ્પર્શ લેતો (દેવ - ગુરુના સુકોમળ ચરણકમળ).

મનુષ્યને જેમ શારીરિક ભૂખ છે,
તેમ માનસિક અને આધ્યાત્મિક ભૂખ પણ છે.
શારીરિક ભૂખ અન્નની, માનસિક ભૂખ કીર્તિની અને
આધ્યાત્મિક ભૂખ પ્રેમની છે.

'મને કોઈ પ્રેમ આપે અને હું કોઈને પ્રેમ આપું'
એ માણસની મોટામાં મોટી ભૂખ છે, તેને સંતોષવા માટે
મૈત્રી, કરુણા અને પ્રેમ - એ ત્રણેની જરૂર છે.
મૈત્રીથી ક્રોધ, કરુણાથી કામ અને પ્રેમથી લોભ-
એ ત્રણ જે નરકનાં દ્વાર છે, તે જાય.

અંતરાત્માને મૈત્રીની ભૂખ છે.

કોઈપણ કામ માટે જો બહુ બોલશો,
માત્ર તપ જ એકલાથી થઈ શકે છે.

માનવજાતના ઐક્ય માટે આત્માને જુઓ, ભૂખને ન જુઓ.
સ્નાનથી તનની, દાનથી ધનની, ધ્યાનથી મનની શુદ્ધિ થાય.

જપ કેવી રીતે કરવો ?

જીભથી નામ લેવું, મનથી સ્મરણ કરવું,
આંખથી દર્શન કરવા અને કાનથી શ્રવણ કરવું.
ભગવાન સાધનસાધ્ય નહિ પણ ભક્તિલભ્ય છે.
જપ કરવાથી છ મહિનામાં ભગવાન મળે છે.

नायमात्मा प्रवचनेन लभ्यः,
न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यः,
तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् ॥

અર્થાત્: આ આત્મા વ્યાખ્યાનથી, બહુ ચતુરાઈથી અથવા
ઘણા શાસ્ત્રો સાંભળવાથી મળતો નથી પરંતુ
જેનું તે વરણ કરે છે, તેને આત્માની પ્રાપ્તિ થાય છે,
આત્મા તેને પોતાનું સ્વરૂપ દેખાડે છે.

નમોક્કારો = પાંચ 'નમો' પદની આવલિ.
ૐકાર, હ્રીંકાર, અર્હંકારની જેમ 'નમો'ક્કાર પણ આવશ્યક છે.
'નમો' વાક્ કર્તૃત્વી છે અર્થાત્
'નમો' શબ્દ કૃત્યકારી સમજવો જોઈએ.
'કૃત્ય માટેની ક્રિયા કરવી જોઈએ' તે અધ્યાહાર છે.
'एएसिं पंचण्हं नमोक्कारो ।' किं करिज्जा ? આ
પ્રશ્નના ઉત્તરમાં 'આ પાંચેનો નમસ્કાર' એમ કહ્યું છે.
'નમો' શબ્દથી શરૂ થતી પંચ અધ્યયનોની આવલિ-
જેને વાક્તંત્રની ભાષામાં 'નમો' કહી શકાય, તે
કૃત્યકારિ-કાર્યજનક છે, તેની પાછળ ક્રિયા અધ્યાહાર છે.
અન્યથા અણસમજુ ક્રિયા ન કરે નહિ,
તો પણ તે ફલપ્રદ કેવી રીતે નિવડે?

કેવળ સ્વભાવ જ કાર્ય પ્રત્યે હેતુ છે.

'पंचनवकारी' ને સામાસિક પદ ન કરતાં 'पंचकृत्वो नमस्कारः ।' એમ જો અવ્યયીભાવ સમાસ કરવામાં આવે, તો 'नमो' વાક્ની કૃત્યકારિતા સ્પષ્ટ થાય.

હ્રસ્વ - દીર્ઘની અર્ધમાત્રા - દ્વિમાત્રાદિ વ્યાકરણને માન્ય પ્રક્રિયાને ગ્રહણ ન કરતાં સંયુક્તાક્ષરની ગુરુ સંજ્ઞા અને લઘુ સંજ્ઞા અહીં અભિપ્રેત હોય એમ સમજાય છે,

કેમકે ૭ ગુરુ અને ૬૧ લઘુ -

એ પ્રમાણે વિશ્લેષણ સંગત જોવામાં આવે છે.

'तत्त्वं तु केवलिनो विदन्ति ।'

'नमो' એ વૈખરી - મધ્યમાની જેમ પશ્યંતી અને પરાવાક તરીકે પણ ઘટાવશો, તો આગમિક અર્થની સાથે તેનો સમન્વય થઈ જાય છે.

મધ્યમા વિચારાત્મક, પશ્યંતી ભાવાત્મક, પરાવાણી સંકલ્પાત્મક અને વૈખરી ઉચ્ચારણાત્મક છે.

'આપવું' એ કપરામાં કપરું કામ

જગતમાં કપરામાં કપરું કામ આપવાનું છે. મનુષ્યને લેવું બહુ ગમે પણ આપવાની તો ઇચ્છા જ ન થાય.

આપવાની વાત આવે તો હાથ સંકોચાય.

## દાનધર્મની મહત્તા

જે આપીને કાંઈક લેવાનું હોય, તે આપ્યું ન કહેવાય.
આપીએ તેના બદલામાં કશું લેવાનું હોય જ નહિ,
તે દાનધર્મ છે.

કોઈને નમાવવા કે પેટ ભરવા ખાતર જ દાન આપો,
તે ધર્માર્થે આપેલું દાન ન કહેવાય, પરન્તુ
જે દાનથી ધર્મનો પ્રવાહ જીવંત રહે,
જે દાનથી ધાર્મિક કાર્યો - પ્રભુનાં કાર્યો થાય,
તે દાન ધર્માર્થે આપેલું દાન ગણાય.

લોકૈષણા - લોકવાસના - લોકસંજ્ઞાના કુચક્રો
લોકો અન્યની બુદ્ધિ - દુનિયાની બુદ્ધિ ચાલે છે.
'સાક્ષરા વિપરીતા રાક્ષસા ભવન્તિ ।'

સ્ત્રીનું રૂપ મોહક - આકર્ષક પણ માત્ર યુવાનને ખેંચે
અને એ આકર્ષણ પણ ક્ષણિક છે,
કિન્તુ રૂઢવણું, વિત્ત, સંપત્તિ એ બાળ - વૃદ્ધ - યુવાન
સૌને બધાને આકર્ષે છે અને એ કાયમ આકર્ષણ છે.
વિત્ત એક મહાન શક્તિ છે.
સંપત્તિથી દોષ પણ ગુણ બને છે.
આળસ્ય એ સ્થિરતા, ચાપલ્ય એ કર્મયોગ,

પૂજાઈ કે લભાઈ ગણાય અને
પાત્રાદિના વિવેક વિના વાપરે તો પણ શેઠ ઉદાર ગણાય.
લક્ષ્મી પૂજનીય છે પણ તે ઉન્નત કરનારી ન હોય તો.
ધનવાન કંઈક હશે પણ ધન નહિ.
વિત્તવાન એ યોગભ્રષ્ટ મનુષ્ય છે.
વિદ્યા, ધન, હવા, પાણી, સૂર્ય, ચંદ્ર, આરોગ્ય, સદ્ગુણો-
એ બધા જ અર્થ - દ્રવ્ય - સંપત્તિ છે.
મા - બાપ - મહેમાન આપણા જીવનના વૈભવ છે પણ
આધુનિક અર્થશાસ્ત્રના મતે તે બધો વૈભવનો વિનાશ છે.
તે તો આ સર્વને Liabilty ગણે છે, વૈભવ નહિ.
જ્યાં સુધી ઇચ્છાઓ છે, ત્યાં સુધી
તમે ભગવાનથી સ્વતંત્ર છો, જુદા છો, છૂટાં પડેલાં છો.
મને જ્યાં સુધી સ્વતંત્ર વિચાર - વાસના છે,
ત્યાં સુધી હું પ્રભુનો બની શકતો નથી.

રાગ - આસક્તિ - ભક્તિમાં શું ફેર ?

માહાત્મ્યશ્રવણાત્ સર્વાધિકસુદૃઢસ્નેહો ભક્તિઃ ।
બધેથી રાગ ખેંચી લઈ, કોઈપણ સ્થળે, કાળે, પ્રાણી, પદાર્થ
કે ક્રિયામાં આસક્તિ રાખ્યા વિના એકમાત્ર પ્રભુમાં જ
સર્વભાવપૂર્વક અને સર્વથી અધિક સ્નેહ બાંધવો,
એનું નામ 'ભક્તિ'.

'आराध्यत्वेन ज्ञानं भक्तिः।'

બાહ્ય જરૂરતે કરેલો પ્રેમ મોહ છે પણ પ્રેમ નહિ અને પરિણામે એવો પ્રેમ દુઃખમાં જ પરિણમે છે.

ભક્ત ભગવાનમાં બધું જુએ છે અને
ભગવાન ભક્તમાં બધું જુએ છે.

## નવ દરવાજાવાળી નગરી

જીવ સર્વદા, અને સર્વદા ઉપકાર કરનાર ઈશ્વરને ભૂલી ફરતો ફરતો એક નવ દરવાજાવાળી નગરીમાં દાખલ થયો.

નવ દરવાજાવાળી નગરી તે માનવશરીર.

ત્યાં આવ્યા પછી એક સુંદર સ્ત્રી મળી. તેના કુળ-ગોત્રનો વિચાર કર્યા વિના તેણીની સાથે લગ્ન કર્યું.

સ્ત્રી તે બુદ્ધિ.

લગ્ન પછી અતિ આસક્ત રહેવાથી ૧૧૦૦ છોકરાંઓ થયા.
૧૧ ઇંદ્રિયોનું સુખ ભોગવવાના સંકલ્પો, તે જ બાળકો.
અવિજ્ઞાત તે ઈશ્વર છે અને પુરંજન તે જીવાત્મા છે.

પછી પુરંજનની ઇચ્છા ન હોવા છતાં
તેને 'જરા' વળગી. જરાએ પુરંજન સાથે લગ્ન કર્યું.

પછી મૃત્યુનો સેવક પ્રજ્વાર આવ્યો.
'પ્રજ્વાર' એટલે અંતકાળનો જ્વર.

સ્ત્રીમાં અતિ આસક્ત રહેવાથી અંતકાળે
સ્ત્રીનું ચિંતન કરવાથી વિદર્ભ નગરીમાં કન્યારૂપે જન્મ્યો.

## મનની મા મમત્વ.

દ્વૈતભાવ મમત્વ નિર્માણ કરે છે.
સમાજ ઠોકી બેસાડે છે કે આ તારું! વિચારો તારા! ઘર તારું!
મન મનુષ્ય નિર્મિત છે અને જગત ઈશ્વર નિર્મિત છે.
જગત અને મનનો મેળ સાધી રાખવો તે કળા છે.
એ જીવન જીવવાની કળા છે.
તત્વવેત્તા કહે છે : મનનો ત્યાગ કર.
ભક્ત કહે છે કે : મનને સમર્પિત કર.
બન્નેનો અર્થ એક જ છે.
મનને દૂર કર, મમનું 'ન મમ' કર, મારુંનું તારું કર.
મનનો નાશ કર - એમાં ઉજાશ છે.
મનને સમર્પિત કર - એમાં ચાકાશ છે.
બંનેમાં વસ્તુ એક જ છે પણ બંનેના સ્વાદ જુદા છે.
મારું મન સારે ઠેકાણે આપવું, એજ સંન્યાસ કે ભક્તિ.
'મનનો નાશ કર' એનો અર્થ મનને સ્વાત્મનિષ્ઠ કર.
૪૦ શેર = ૧ મણ. મણ = મન.
ચાલીસ શિંગ જેટલું બળ માણસના મનમાં છે.

આ નિત્યસિદ્ધ વસ્તુ છે, તેને ન માનવું,
તે જ મોટી ભૂલ છે અને મિથ્યાત્વ છે અને
અહીં મનની અસ્થિરતા અને દુઃખોનું કારણ પણ છે.
એ ભૂલ મટી જાય તો પછી કેવળ આનંદ જ આનંદ છે.
ભક્તિયોગ એ objective side છે,
જ્ઞાનયોગ એ Subjective side છે અને
ધ્યાનયોગ એ Subjective - objective side છે.

ત્રણ મતે ભક્તિ

નૈગમસંગ્રહના મતે ભક્તિ એ ભગવાનની સેવા છે,
ઋજુસૂત્રના મતે ભક્તિ, જ્ઞાન, શબ્દોચ્ચાર આદિ
ભક્તની શક્તિ છે તથા
શબ્દાદિના મતે આત્મજ્ઞાન એ જ નૈશ્ચયિક ભક્તિ છે.
એક ભક્તિ ભગવાન પ્રત્યે ઝૂકે છે,
બીજી ભક્તિ ચિત્તવિશુદ્ધિને પ્રધાન માને છે,
ત્રીજી ભક્તિ આત્મજ્ઞાન સ્વરૂપ છે.
ત્રણે પ્રકારની ભક્તિ પરસ્પર
ગૌણ - મુખ્યભાવે સંકળાયેલા છે.
પ્રથમ ભક્તિ એ દાસ્યરૂપ છે,
બીજી સખ્યરૂપ છે અને ત્રીજી આત્મનિવેદનરૂપ છે.

'ભૂમા તત્સુખમ્।' 'નાઽલ્પે સુખમસ્તિ।'
મન એ 'બૃંહક' છે, સુખ એ 'બૃહત્' છે.
સંતુષ્ટ મનની શક્તિ અધિક છે.
સમાહિત થયેલું મન પુરુષપરાયણ હોય છે અર્થાત્
વિવેકી બને છે અને વિવેકી વધુ વિરાગી બને છે.
આત્મના દર્શન થયા વિના અનાત્મના દર્શન થતાં નથી.
વિષયોમાં રતિનું બીજું નામ 'અવિરતિ' છે.
માનવજીવનની બે પાંખ છે:
એક જનસંપર્ક અને બીજી સ્વસંપર્ક.
વ્યવહાર કરીને પણ અલગ રહેવું તે પુણ્ય છે અને
આસક્ત થવું તે પાપ છે.
એકાંતમાં બેસવું કે એકલા રહેવું - તેનો અર્થ શું?
ભૂતકાળની સ્મૃતિ નહિ, ભવિષ્યનું સ્વપ્ન નહિ અને
વર્તમાનની ઇચ્છા નહિ - એ જ ખરું એકાંત છે,
એ જ ખરી ભક્તિ, એ જ ખરું શાસન છે અને
એ જ જીવન જીવવાની કળા છે.

o

Where there is
thinking for the welfare of all,
the thinker is the best gainer.

પ્રભુ સંગાથે એકરૂપ થવામાં ત્રણ શરતઃ

નિર્મળતા - સ્થિરતા - તન્મયતા.

નમસ્કાર વડે દુષ્કૃતગર્હા થતી હોવાથી
તે નિર્મળતાનું કારણ છે.

નમસ્કાર વડે સુકૃતાનુમોદના થતી હોવાથી
તે સ્થિરતાનું કારણ છે.

નમસ્કાર વડે શરણાગમન થતું હોવાથી
તે તન્મયતાનું કારણ છે.

પંચપરમેષ્ઠિ ભગવંતોની સાથે તદ્રૂપતા થવામાં અર્થાત્ સમાપત્તિ, સમરસાપત્તિ કે એકરૂપતા થવામાં ત્રણ શરત છેઃ પ્રથમ ચિત્તની નિર્મળતા થવી જોઈએ, પછી ચિત્તની એકાગ્રતા - સ્થિરતા થવી જોઈએ અને એ બે થયા પછી અંતઃકરણની તન્મયતા થવી જોઈએ.

નિર્મળતા માટે દુષ્કૃતગર્હા સાધન છે.

દુષ્કૃતના બે પ્રકાર છેઃ

એક પરાપકાર અને બીજો આત્માપકાર.

પરાપકારના બે પ્રકાર છેઃ

એક પરસામાન્યનો અપકાર, બીજો પરવિશેષનો અપકાર.

'પરવિશેષ' એટલે ઉપકારી વર્ગ.

સ્થિરતા - એકાગ્રતા થવા સુકૃતાનુમોદન થવું જોઈએ.
સુકૃતના બે પ્રકાર: એક પરકૃત અને બીજું સ્વકૃત.
પરકૃત સુકૃતના બે પ્રકાર છે:
એક સાક્ષાત્ અને બીજું પરંપરાએ.
ઉભય પ્રકારના સુકૃતના અનુમોદનને પ્રતાપે
ચિત્ત સ્થિર અને એકાગ્ર બને છે.
તન્મયતા થવા માટે શરણાગમનની જરૂર છે.
શરણાગમનના બે પ્રકાર છે:
એક પરશુદ્ધાત્મા અને બીજો સ્વશુદ્ધાત્મા.
પરશુદ્ધાત્માના બે પ્રકાર છે:
એક અષ્ટકર્મથી મુક્ત થઈ ચૂકેલા અને
બીજા મુક્ત થવા પ્રસ્થિત થયેલા.
તેમનું શરણ એટલે સ્વશરણ.
સ્વશરણ માટે ધ્યાન, પૂજન, આજ્ઞાપાલનાદિ સાધન છે.

नाति रेकोऽन्नातिर्लोके दानमेव धनार्जनम् ।
परार्थ एव हि स्वार्थो महतां येन कथ्यते ॥१॥
नातिरेकोऽन्नातिरेषां दानमेव महाधनम् ।
परार्थ एव तु स्वार्थः क्रमैव हि समर्थता ॥२॥

શ્રી પાર્શ્વનાથ ચરિત્ર : ગાથા ૭/૧૬ તથા ગાથા ૨/૫૬૨

'નતિ' એટલે 'ન મન પરિણામ' અથવા ઉન્નતિ
એટલે નતિ અંતરાત્મભાવના શિખરમાં પરમ હેતુ છે.

અરિહંતાદિ પરમેષ્ઠિઓ નમસ્કારમય
બન્યા હોવાથી જ પરમોચ્ચ સ્થાનને પ્રાપ્ત થયેલા છે.

'નમસ્કાર'નો એક અર્થ સન્માનનું દાન છે અને
દાન એ જ પુણ્યનું કારણ હોવાથી સાચું તાત્ત્વિક ધન છે.
દાનમાં બહુ લાભ રહેલ છે.

સ્વાર્થ માટે થતું દાન પુણ્યોપાર્જન કરાવે છે,
કિન્તુ તે પુણ્યાનુબંધી પુણ્ય નહિ.
પરાર્થ માટે થતું દાન જ પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ છે.

નમસ્કાર વડે થતું પંચ પરમેષ્ઠિઓનું સન્માન
પરાર્થ હોવાથી પરમ પુરુષાર્થની સિદ્ધિનું કારણ છે.

નમસ્કાર વડે પરમ પુરુષોને શરણે રહેનાર પુરુષ
નિર્ભય રહે છે અને નિર્ભય હોવાથી જ
તે સર્વ પરિષહોને સહવા માટે સમર્થ બને છે.
સહનશીલ રહે તે જ ક્ષમાશીલ છે.

સ્વાપકર્ષ - બોધાનુકૂલ - વ્યાપારો નમસ્કારઃ ।
અર્થાત્ : પોતાના અપકર્ષનો બોધ જે વડે થાય,
તે ક્રિયાને 'નમસ્કાર' કહે છે.

અહીંથી જ એ અર્થ પણ નીકળે છે કે
ગુણાધિક પુરુષોના ઉત્કર્ષનો બોધ જે વડે, જે ક્રિયા
વડે પ્રકટ કરાય, તે ક્રિયાને પણ 'નમસ્કાર' કહેવાય છે.
નમસ્કારની ક્રિયા વડે બે વસ્તુનો બોધ થાય છે:
એક તો નમસ્કાર કરનાર સ્વગુણહીનતાને જણાવે છે,
બીજું અધિક ગુણવાન પ્રત્યે આદરનો ભાવ જણાવે છે.

પોતાનો અપકર્ષ જણાવવા વડે
પોતાના દુષ્કૃતોની ગર્હા કરે છે અને
ગુણાધિકોનો ઉત્કર્ષ જણાવવા વડે
સ્વપરના સુકૃતોની અનુમોદના કરે છે.
દુષ્કૃતગર્હા વડે પાપનાશ અને
સુકૃતાનુમોદના વડે પુણ્યોપાર્જન થાય છે.
એકમાં પોતાના પાપનો સ્વીકાર છે,
બીજામાં પુણ્યવાન પુરુષોના પુણ્યની અનુમોદના છે.
એકમાં મૈત્રી અને મુદિતા છે,
બીજામાં કરુણા અને માધ્યસ્થ્ય છે.
પોતાના પાપ પ્રત્યે કરુણા અને બીજાના પાપ પ્રત્યે
માધ્યસ્થ્ય એ જ રીતે પરના ગુણ પ્રત્યે
મુદિતા અને પ્રમોદ છે અને તે મૈત્રીનું ફળ છે.

નમસ્કાર વડે પાપનાશ અને મંગળનું આગમન -
એ બે ફળ જે કહ્યાં છે, તે આ રીતે સિદ્ધ થાય છે.
મંગળ બે પ્રકારે: દ્રવ્ય તથા ભાવ, લૌકિક તથા લોકોત્તર.
ભાવમંગળના બે પ્રકાર છે: એક પુણ્યરૂપ અને બીજું
પુણ્ય-પાપથી પર થયું જે આત્મતત્ત્વ, તેના અનુભવનરૂપ.
આત્મતત્ત્વની અનુભૂતિરૂપ ભાવમંગળ - તે લોકોત્તર છે.
નમસ્કાર વડે લોકોત્તર ભાવમંગળની પ્રાપ્તિ થાય છે.

પાપના નાશ માટે પુણ્યનો લાભ અને

પુણ્ય - પાપ ઉભયના નાશ માટે

લોકોત્તર ભાવમંગળની પ્રાપ્તિરૂપ આત્મતત્ત્વની અનુભૂતિ.
આ નવકાર મંત્રના પ્રથમ ૫ પદ વડે ગ્રાહ્ય સમાપત્તિ,

છઠ્ઠા - સાતમા પદ વડે ગ્રહણ સમાપત્તિ,

આઠમા - નવમા પદ વડે ગૃહિતા સમાપત્તિ.

પહેલાં પાંચ પદમાં પરમેષ્ઠિઓની મુખ્યતા છે,
પછીના બીજા બે પદમાં નમસ્કારનું પ્રણિધાન છે,

છેલ્લા બે પદમાં આત્મપ્રણિધાન છે.

પરમેષ્ઠિઓનું પ્રણિધાન પણ કથંચિત્ આત્મપ્રણિધાન છે,
નમસ્કારનું પ્રણિધાન પણ કથંચિત્ આત્મપ્રણિધાન છે,
સર્વોત્કૃષ્ટ મંગળનું પ્રણિધાન સાક્ષાત્ આત્મપ્રણિધાનરૂપ છે.

સ્યાદ્વાદ દર્શનમાં સ્વરૂપનો જેમ ભેદ માનેલો છે,
તેમ કથંચિત્ અભેદ પણ માનેલો છે.
વ્યક્ત્યપેક્ષયા ભેદ છે, જાત્યપેક્ષયા અભેદ છે.
સ્વશબ્દ વિશેષ વ્યક્તિને જણાવે છે,
પરશબ્દ વ્યાપક જાતિને જણાવે છે.
જાતિ એ સામાન્ય છે, વ્યક્તિ એ વિશેષ છે.
સામાન્ય અને વિશેષ પરસ્પરાનુવિદ્ધ છે, તેથી વ્યક્તિના સ્વરૂપમાં જાતિનું સ્વરૂપ અને જાતિના સ્વરૂપમાં વ્યક્તિનું સ્વરૂપ ગૌણ - મુખ્યભાવે સમાઈ જાય છે.
પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ વિશેષથી પરમેષ્ઠિ પદને પામેલા પુરુષોને છે અને સામાન્યથી આત્મતત્ત્વને છે.
વિશેષ એ ઉપચારનયનો વિષય છે,
સામાન્ય એ નિશ્ચયનયનો વિષય છે.
ઉપચાર નમસ્કાર પરમેષ્ઠિઓને છે તથા
નિશ્ચય નમસ્કાર આત્માને છે.
નિશ્ચય નમસ્કારમાં સ્વરૂપનો ભેદ નથી.
અભેદભાવે આત્મતત્ત્વને નમસ્કાર હોવાથી તે સર્વ મંગળોમાં પ્રથમ - પ્રધાન - સર્વોત્કૃષ્ટ મંગળ છે. સર્વોત્કૃષ્ટ મંગળનો લાભ નવપદના નમસ્કારથી જ પ્રાપ્ત થાય છે.

નમસ્કાર એ દ્રવ્ય - ભાવસંકોચરૂપ છે.
'સંકોચ'નો બીજો અર્થ સમર્પણ પણ છે.
દ્રવ્યસમર્પણ કાયા તથા વચનનું - ભાવસમર્પણ મનનું છે.
ભાવસંકોચ એટલે...
મનને વિશુદ્ધ કરવું, અહંકાર-મમકારરહિત બનાવવું.
ભાવનમસ્કાર એટલે...
જેને નમવામાં આવે છે, તેમાં અહં-મમનો ભાવ સ્થાપવો અર્થાત્ 'હું તે છું' અથવા 'સોઽહં' ભાવ ઉત્પન્ન કરવો તે.
તાત્ત્વિક નમસ્કાર એટલે...
આત્મામાં આત્મભાવ અને આત્મગુણોમાં આત્મીયભાવ.
નમસ્કારનું ઐદંપર્ય એટલે...
મમતાનું મૂળ જે મન, તેને સમતાનું મૂળ - જે 'નમ',
તેમાં પરિવર્તન કરવું, તે જ નમસ્કારનું ઐદંપર્ય છે.
ભાવનમસ્કાર - તાત્ત્વિકનમસ્કાર - અદ્વૈતનમસ્કાર એટલે મનની મમતાને આત્માની સમતામાં પરિવર્તિત કરવી તે.
તેને 'નિશ્ચયનમસ્કાર' પણ કહે છે.
સાધુજીવનનો સાર
રત્નત્રયીની આરાધના એ જ સાધુજીવનનો સાર છે.
'રત્નત્રયી' એટલે જ્ઞાન - દર્શન - ચારિત્ર.

## જ્ઞાનની આરાધના એટલે...

જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનની આરાધના.
મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન -
તે પાંચે જ્ઞાનને ધારણ કરનારા તે જ્ઞાની.
પુસ્તક, પોથી, કલમ આદિ જ્ઞાનનાં સાધન છે.

## દર્શનગુણની આરાધના એટલે...

દર્શન, દર્શની અને દર્શનનાં સાધન -
શ્રી જિનમંદિર આદિની આરાધના કરવી તે.

## ચારિત્રગુણની આરાધના એટલે...

ચારિત્ર, ચારિત્રવાન જીવો અને ચારિત્રનાં સાધન -
તે સર્વની આરાધના કરવી તે.
આમ રીતે રત્નત્રયની આરાધનામાં
જ્ઞાનની આરાધના = જ્ઞાન - જ્ઞાતા - જ્ઞેયની આરાધના.
અહીં જ્ઞાનનું જ્ઞેય આત્માને ગ્રહણ કરવો.
જ્ઞેય આત્મા, જ્ઞાતા આત્મા અને જ્ઞાન પણ આત્મા.
આત્મા જ જ્ઞાન, આત્મા જ જ્ઞાતા અને આત્મા જ જ્ઞેય.
તેની આરાધના તે જ્ઞાનગુણની આરાધના છે.
આખા જગતને જાણે પણ પોતાને ન જાણે,
તે જ્ઞાની નહિ પણ અજ્ઞાની છે.

જેમ પોતાનું નામ ન જાણે અને બધાનાં નામ જાણે, તો એ તે દુનિયામાં પાગલ - મૂર્ખ - અજ્ઞાની ગણાય છે, તેમ મોક્ષમાર્ગમાં સૌનાં નામ જાણે, પોતાના દેહનું નામ પણ જાણે, કિન્તુ પોતાના આત્માનું નામ ન જાણે, તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અને ભવભ્રમણ કરનારો છે.

આત્માનું નામ ઉપચારથી અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય - સાધુ છે તથા નિશ્ચયથી તે પોતાના આત્માનું જ નામ છે. આમ આત્મા જ અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય - સાધુ છે.

## ધ્યાનયોગ : આત્માનુભવનું પ્રધાન સાધન

સર્વ મોક્ષસાધક અનુષ્ઠાનોનું મુખ્ય ધ્યેય આત્માનો તથા આત્મિક સહજ સમતાસુખનો અનુભવ જ છે.

ધ્યાનયોગ એ સર્વ સાધનાઓમાં આત્માનુભવ કરાવવાનું પ્રધાન સાધન છે.

કર્મયોગ, ભક્તિયોગ વગેરે ધ્યાનયોગનાં સાધનો છે.

ધ્યાનયોગનાં અનેક પ્રકારો છે:

પિંડસ્થ - પદસ્થ - રૂપસ્થ - રૂપાતીતાદિનું જ્ઞાન મેળવીને તેનો સતત અભ્યાસ કરવો જોઈએ. પ્રથમ પિંડસ્થ (પંચ ધારણાઓ), પછી પદસ્થ (મંત્રજાપાદિ)

પછી રૂપસ્થ (સમોવસરણસ્થ જિનપ્રતિમા આદિ) આલંબનો દ્વારા અરિહંતાદિના સ્વરૂપનું ચિન્તન કરવું. એ પછી સ્વાત્માને પણ પરમાત્મસ્વરૂપે ધ્યાવવું. એથી આત્મતત્ત્વનો અનુભવ થશે. શુદ્ધ સંગ્રહનયે સત્તાથી સર્વ જીવોનું સ્વરૂપ સિદ્ધ સમાન છે, તેથી પરમાત્માના આલંબને વૃત્તિઓની નિર્મળતા અને સ્થિરતા થતાં અનુક્રમે શુદ્ધ આત્મસત્તામાં તન્મયતા પ્રાપ્ત થાય છે. આત્મા, પરમાત્મા કે જીવાત્માનું શુદ્ધ-ચૈતન્યસ્વરૂપ એકસરખું છે, તેથી પરમાત્મધ્યાનમાં તન્મય બનેલો આત્મા પોતાનું પરમાત્મસ્વરૂપ અનુભવે છે, એ જ અનુભવદશા છે, જેને આત્મદર્શન-આત્માનુભવ કહે છે. જિનપ્રતિમાદિ આલંબન દ્વારા ધ્યાન સૂક્ષ્મ બને છે,

સૂક્ષ્મ ધ્યાનમાં એકાગ્રતા આવવાથી
નિરાલંબનતા પ્રાપ્ત થાય છે.

નિરાલંબન - નિરાકાર ધ્યાનના અભ્યાસ વડે
વધુ ને વધુ સૂક્ષ્મતા જ્યારે પ્રાપ્ત થાય છે,
ત્યારે લય અવસ્થા પ્રગટે છે.

લય અવસ્થાને પ્રાપ્ત થયેલો સાધક
પરમાત્મસ્વરૂપમાં તન્મય બની સ્વરૂપને અનુભવે છે.

પરમાત્માની ભાવસેવાના બે ભેદ છે:

(a) અપવાદ ભાવસેવા (નિમિત્તરૂપ ભાવ).

(b) ઉત્સર્ગ ભાવસેવા (ઉપાદાનરૂપ ભાવ).

પરમાત્મસેવા નિમિત્તરૂપ હોવાથી
અપવાદ ભાવસેવા છે.

તેના યોગે આત્માની ઉપાદાન શક્તિ સહિત
સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટે છે.

અપવાદ ભાવસેવા (નિમિત્તરૂપ ભાવ)

(૧) નૈગમનયે અપવાદ ભાવસેવા.
જિનગુણનો સંકલ્પ - ચિંતન.

(૨) સંગ્રહનયે ભેદ - અભેદ વિકલ્પથી
આત્મા - પરમાત્માની તુલ્યતાનો વિચાર.

(૩) વ્યવહારનયે બહુમાનપૂર્વક ચારિત્ર -
સહિત જિનગુણમાં રમણતા.

(૪) ઋજુસૂત્રનયે પ્રભુગુણના આલંબને પિંડસ્થાદિ ધ્યાન.

(૫) શબ્દનયે શુક્લધ્યાન આરોહણ પ્રથમ પાયો.
આત્મસ્વરૂપમાં તન્મય બની પરમાત્મસ્વરૂપ ચિંતન.

(૬) સમભિરૂઢનયે દશમા ગુણસ્થાને ઘણું શુદ્ધ ધ્યાન.

(૭) એવંભૂતનયે બારમા ગુણસ્થાને પ્રગટતો
શુક્લધ્યાનનો બીજો પાયો.

દીપ્રાદૃષ્ટિવાળા અપુનર્બંધક મિથ્યાદૃષ્ટિ,
અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત, પ્રમત્તસંયત અને
અપ્રમત્તસંયતને અનુક્રમે
નૈગમ - સંગ્રહ - વ્યવહાર અને ઋજુસૂત્રનયે
ભાવસેવા (સમાપત્તિ) ધર્મધ્યાનરૂપ અને
બાકીના શબ્દાદિનયના ભાવસેવા (સમાપત્તિ)
શુક્લધ્યાનવાળા સાધકોને સંભવી શકે છે.
ધ્યાનની નિર્મળતારૂપ સમ્યગ્દર્શન છે.
ધ્યાનની સ્થિરતારૂપ સમ્યગ્જ્ઞાન છે અને
ધ્યાનની તન્મયતારૂપ સમ્યક્ચારિત્ર છે.
સમાપત્તિ = સમ + આપત્તિ. આપત્તિમાં સમતાબુદ્ધિ.
સામાયિક = સમનો આય - લાભ.
આમ સમાપત્તિ અને સામાયિક એક જ અર્થને સૂચવે છે.
વ્યવહારનયે 'સમ' એટલે મૈત્ર્યાદિભાવો વડે 'સમતા'.
નિશ્ચયનયે 'સમ' એટલે
આત્મા અને પરમાત્માની સમતા - એકતાની અનુભૂતિ.
સમાપત્તિ એ સમતા - સામાયિકનું કારણ અને
સમતા - સામાયિક એ
ઉત્તરમાં સિદ્ધ થતી સમાપત્તિનું કારણ, એમ પરસ્પર

તાત્ત્વિકસ્વરૂપ હોવાથી મોક્ષમાર્ગની વૃદ્ધિ કરનારા છે.

ધ્યાનરૂપ સમાપત્તિથી સમતાની વૃદ્ધિ અને
સમતારૂપ સામાયિકથી સમાપત્તિની વિશુદ્ધિ સધાય છે.

न साम्येन विना ध्यानं न ध्यानेन विना च तत् ।
निष्कंपं जायते तस्मात् द्वयमन्योन्यकारणं तत् ॥१॥

## વૈરાગ્ય અને ભક્તિ વડે શું થાય ?

તૃષ્ણા આદિની મૂર્છા ઉતારવા માટે ઘણું
દાનાદિ ધર્મોનું આસેવન ચિત્તશુદ્ધિનું કારણ છે.
આત્મતત્ત્વમાં સ્થિરતા અને એકાગ્રતા
સિદ્ધ કરવા માટે થતી દેવ - ગુરુ - શાસ્ત્ર - સંઘ
આદિની ઉપાસના તે તન્મયતાનું કારણ છે.
વૈરાગ્ય વડે ચિત્તશુદ્ધિ થાય છે અને
ભક્તિ વડે ચિત્તની એકાગ્રતા થાય છે.

o

All religions declare to practice love,
forgiveness, repentance, truth,
non-violence, nonstealing, chastity,
celibacy, non-hoarding charity
and modesty of having
regard and reverence for others.

આદરી, સં - ૨૦૨૬, અષાડ સુદી ૮, રવિવાર, તા. ૧૨-૭-૭૦

## ભાવધર્મનું માહાત્મ્ય

ધર્મના ચાર પ્રકાર - દાન, શીલ, તપ અને ભાવ.
ભાવ વિનાના દાનાદિ ત્રણે નિષ્ફળ છે.
ભાવ = મનનો વિષય, તે આલંબન વિના ચંચળ છે.
મનને વશ કરવાના આલંબન અસંખ્ય, તેમાં નવપદ મુખ્ય.
ભાવધર્મની પ્રાપ્તિ માટે નવપદોનું આલંબન ધ્યાન મુખ્ય છે.
ધ્યાન વડે સમાપત્તિ - સમાપત્તિ વડે ભાવધર્મની પ્રાપ્તિ.
સમાપત્તિ એ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ છે.
ધ્યાતા અંતરાત્મા છે,
ધ્યેય પરમાત્મા છે અને ધ્યાન એકાગ્રતા છે.
દાનાદિના સેવન વડે ચિત્તની નિર્મળતા થાય છે.
નિર્મળ અંતઃકરણમાં ધ્યેયની પ્રતિચ્છાયા તે ધ્યાન છે.
ધ્યેય નવપદોમાં નિર્મળ અંતઃકરણથી
એકાગ્રતા અને સ્થિરતા થતાં તલ્લીનતા આવે છે.
તલ્લીનતા વડે એકતા - તદ્રૂપતા થવી, તે ભાવધર્મ છે.
ધ્યેયના આલંબન વડે ધ્યાતાનો સ્થિર-શુભ અધ્યવસાય,
તે ભાવધર્મ છે. આલંબન ધ્યાન જ્યારે પરિપક્વ થઈને
નિરાલંબન બને, ત્યારે તે શુદ્ધ ઉપયોગરૂપ થાય અને
તે નિશ્ચયથી ભાવધર્મ છે.

ભાવધર્મ - વિષયસમાપત્તિરૂપ છે.
ભાવધર્મ - આત્મસમાપત્તિરૂપ છે.
ભાવધર્મ - તે સમ્યગ્દર્શનરૂપ છે.
ભાવધર્મ જ્યારે મૈત્ર્યાદિભાવ રૂપ હોય છે,
ત્યારે તે વ્યવહારથી ભાવધર્મ છે અને
સમ્યગ્દર્શનરૂપ - આંશિક આત્મસાક્ષાત્કારરૂપ હોય છે,
ત્યારે તે નિશ્ચયથી ભાવધર્મ છે.
દેવ-ગુરુ-ધર્મની ઉપાસના તે વિષયસમાપત્તિરૂપ છે,
જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના આત્મસમાપત્તિ છે.
આલંબન વડે જ્ઞાનાદિ ગુણોની ઉપાસના થાય છે,
ત્યાં સુધી તે વ્યવહારથી ભાવધર્મ છે, આત્મા જ્યારે
આત્માને વિષે આત્માને જાણે-જુએ-રમે, ત્યારે તે
નિશ્ચયથી ભાવધર્મ છે. સમ્યગ્દર્શન વિના વ્રતાદિનું
પાલન નિષ્ફળ છે, માટે સમ્યગ્દર્શન એ ભાવધર્મ છે.
આત્મજ્ઞાન વિના વૈરાગ્યાદિ નિષ્ફળ છે,
માટે આત્મજ્ઞાન એ ભાવધર્મ છે.
વૈરાગ્ય વડે વિષયોનો પ્રત્યાહાર થાય છે,
આત્મજ્ઞાન વડે પ્રત્યગાત્મભાવની* પ્રાપ્તિ થાય છે.
આત્મજ્ઞાન માટે ધારણા, ધ્યાન, સમાધિની આવશ્યકતા છે.

*પ્રત્યગાત્મભાવ = ચૈતન્યભાવ

વિષય પ્રત્યાહાર માટે યમ - નિયમ -
આસન - પ્રાણાયામાદિ અંગોની સાધના આવશ્યક છે.
પ્રત્યાહારપર્યન્ત બહિરંગ છે, ધારણા-ધ્યાનાદિ અંતરંગ છે.
બહિરંગ સાધનો એ અંતરંગની આરાધના માટે છે.
જડનો સંગ છોડવા માટે બહિરંગ સાધનો છે, જ્યારે
આત્મામાં સંયમ કરવા માટે અંતરંગ સાધનો છે.
વૈરાગ્ય વૃત્તિથી વિષયો પ્રત્યે નફરત આવે, તો પણ
કષાયભાવો જીતવા સાચું સામર્થ્ય મૈત્રી - ભક્તિમાં છે.
ભક્તિથી ભગવત્તત્ત્વ સાથે સંબંધ બંધાય, વૈરાગ્યથી જડ
તત્ત્વ સાથે સંબંધ તૂટે, જે મળી નિર્મળતા-સ્થિરતાનો
હેતુ બને. નિર્મળતામાં પ્રધાનકારણ વૈરાગ્યવૃત્તિ છે,
સ્થિરતામાં મુખ્ય હેતુ મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ છે.
વૈરાગ્યથી મમતા જાય, તો અભ્યાસથી સમતા પ્રગટે છે.

તે અભ્યાસ યમ - નિયમાદિ અને
તેનાં મૂળ મૈત્રી - મુદિતાદિ સમજવાં.

मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी ।
स्वस्वरूपानुसन्धानं भक्तिरित्यभिधीयते ॥

અર્થાત્: મોક્ષનાં સાધનોની સામગ્રીમાં ભક્તિ જ મોટી છે.
સ્વસ્વરૂપનું અનુસંધાન કરવું, તેનું નામ 'ભક્તિ' છે.

નમસ્કાર વડે સ્વસ્વરૂપાનુસંધાનરૂપ ભક્તિ થઈ રહેલી છે.

નમસ્કારના પ્રથમના પાંચ પદમાં

શ્રવણ - સ્મરણ - વંદન - પાદસેવન - અર્ચનાદિ ભક્તિ છે. તેમાં પ્રભુનું દાસ્ય - સખ્ય - આત્મનિવેદન પ્રદર્શિત થાય છે. છેલ્લા ચાર પદમાં સ્વરૂપાનુસંધાનની પ્રક્રિયા છે. સમ્યગ્દર્શન એ તત્ત્વતઃ સ્વશુદ્ધાત્માનું જ ભાવન છે. I am that i am - એ વાક્યનું પરિશીલન છે. 'તત્ત્વમસિ', 'પ્રજ્ઞાનં બ્રહ્મ', 'અયમાત્મા બ્રહ્મ' અને 'અહં બ્રહ્માઽસ્મિ' વગેરે વાક્યો જે અર્થને કહે છે, તે અર્થને જ સિદ્ધ કરવા નમસ્કારની ચૂલિકામાં પ્રયત્ન છે. 'આ પાંચ નમસ્કાર' કહીને એકદમ object પરથી subject પર આવવાનું થાય છે. આ નમસ્કાર પદ સમાપત્તિવાચક છે. ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતાનો અર્થ સમાપત્તિરૂપ નમસ્કાર વડે સૂચવાય છે. એ સમાપત્તિ સર્વ પાપની નાશક અને સર્વ મંગળમાં પ્રથમ મંગળની વાચક છે. પ્રથમ ૫ પદથી પરમેષ્ઠિઓનું સ્મરણ થાય છે, જે વડે છઠ્ઠા પદમાં શરણ થાય છે, જે આત્મરમણતા ઉત્પન્ન કરે છે. આત્મરમણતા એ સર્વ પાપનાશક અને સર્વશ્રેષ્ઠ મંગળની ઉત્પત્તિ થાય છે.

Ask and you shall receive.
આ વાક્ય સમ્યગ્દર્શન - તત્ત્વરૂચિ દર્શાવે છે.
Seek and you shall find.
આ વાક્ય સમ્યગ્જ્ઞાન - તત્ત્વબોધ દર્શાવે છે.
Knock & the doors are opened.
આ વાક્ય સમ્યગ્ચારિત્ર - તત્ત્વપરિણતિ દર્શાવે છે.
આ રીતે નવકાર એ જ ask યાને તત્ત્વરૂચિબોધક છે, નવકાર એ જ seek અર્થાત્ તત્ત્વબોધસૂચક છે તથા નવકાર એ જ Knock યાને તત્ત્વપરિણતિ જણાવે છે. નવકાર વડે અનુક્રમે પ્રાપ્તિ, ઉપલબ્ધિ, પરિણતિ સધાય છે.

પ્રથમ વિષયની પ્રાપ્તિ, પછી તેની ઉપલબ્ધિ અને અંતે તદ્રૂપ પરિણતિ થાય છે.

શ્રદ્ધા વડે પ્રભુતાની રૂચિ, જ્ઞાન વડે પ્રભુતાનો બોધ અને ચારિત્ર વડે પ્રભુતાની પ્રાપ્તિ થાય છે.

First belief, then knowledge & last but not the least is realisation.

ભક્તિ - દર્શન - જ્ઞાન વડે ચૈતન્ય સાથે ભાવાત્મક એકતા સધાય છે અને ચારિત્ર વડે ક્રિયાત્મક એકતા પ્રાપ્ત થાય છે.

જ્ઞાન = Analysis, ભક્તિ = Sythesis,
ચારિત્ર = Oneness.

Be ye righteous and all
the good things shall be added to you.

Right + use + ness = સ્વસ્વરૂપાનુસંધાન.
સ્વસ્વરૂપાનુસંધાન વડે તદ્રૂપતા સધાય છે.

જીવનના પ્રત્યેક ક્રિયામાં, પછી ભલે તે
ધાર્મિક યા સામાજિક, રાજકીય કે આર્થિક હો, સર્વત્ર
Divinity & Divine laws કાર્ય કરી રહેલ છે.
તેનું ઉલ્લંઘન સર્વ આપત્તિનું નિદાન છે અને
તેનું પાલન સર્વ સંપત્તિનું નિદાન છે.

સમગ્ર વિશ્વ પ્રભુઆજ્ઞાને વશવર્તિ છે.
જે પ્રભુની આજ્ઞાને આધીનપણે જીવે છે,
તે સુખ - શાંતિ પામે છે તથા
જે પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે,
તે તેના ફળ ભોગવે છે.

o

All laws of the society must agree
and surrender to the Divine law,
which is universal good.

## <u>પ્રભુના ધ્યાન બાદ સુણાતો દિવ્ય ધ્વનિ</u>

મંત્રજાપ વડે જે અનાહત ધ્વનિ સંભળાય છે અને જે સંગીતમય Harmonious melody હોય છે, તેને જ જૈન શબ્દોમાં 'દિવ્ય ધ્વનિ' કહેવામાં આવે છે. સાંભળવાની ક્રિયા થાય છે, ત્યાં સુધી તે શબ્દ-ધ્વનિ છે. અનાહતનાદ એ નિમિત્ત છે અને સાંભળનારો ઉપાદાન છે. ત્યાર પછી અવ્યક્ત અક્ષર સત્-ચિત્-આનંદ એ ત્રણેની સમાપત્તિ રૂપ આત્માનું સ્વરૂપ માત્ર રહે છે, જેને 'I am' અસ્મિતા માત્ર કહી શકાય.

પ્રભુના ધ્યાન બાદ આવો અનુભવ સ્વાભાવિક બને છે.

अलिंगी निश्चयेनात्मा लिंगश्च व्यवहारतः ।
शुद्धात्मलिंगिनो ज्ञानी क्रियावान् लिंगिनो देशः ॥१॥

(પરિશિષ્ટ-૮)

વ્યવહારથી આત્મા લિંગ સહિત કહેવાય છે. તે વિષે સંપૂર્ણ જાગ્રત રહી Self-awarenessથી વ્યવહારમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધના કર્તવ્ય છે, તેથી પણ દેહરૂપી દેવાલયમાં બિરાજમાન પરમ-આત્મતત્ત્વની વ્યવહાર ભક્તિ કરાય છે. ષડ્ જીવનિકાયની રક્ષા અને હિતશિક્ષા એ વ્યવહાર ભક્તિ અથવા પ્રભુઆજ્ઞાનું પાલન છે, વ્યવહાર રત્નત્રય છે.

નિશ્ચય રત્નત્રય નિજસ્વરૂપ થઈ નિજનું આરાધન છે. તે પૂજા, સ્તોત્ર, જાપ, ધ્યાન વગેરે વડે થાય છે. એક પ્રવૃત્તિરૂપ જિનરાજનું આરાધન છે, બીજું નિવૃત્તિ રૂપ છે. બંને પરસ્પરપૂરક - complimentary છે.

## ઉદાસ મન - ઉલ્લસિત મન

ઘણાબધા માણસ પોતાને મળેલ સર્વ નિષ્ફળતાઓને અને પોતાને થયેલા ખરાબ અનુભવોને યાદ કરે છે.

પોતે કેટલો દુઃખી છે,

પોતાને કેવા કેવા તકલીફો છે, એને મનમાં ઘોળ્યા કરે છે. આને લઈ પછી એનું મન ઉદાસ થઈ જાય છે અને પછી તે જીવનનો ઉલ્લાસ ગુમાવી બેસે છે.

આપણા મનમાં જે વિચારો આવે, તે સારા - સુંદર વિચારો અને સપનાઓ આવે, એવી ટેવ પાડવી જોઈએ. આમ કરવાથી પોતાનો આત્મવિશ્વાસ વધે છે અને ઉત્સાહ તેમ જ ખંતથી જીવનકાર્યો કરી શકીએ છીએ.

- જીવનયાત્રા

°

*If you like happiness, give it to all-everybody. See the Divine in everybody. Each has a divine spark within.*

V.V. Imp.

જામનગર, અષાડ સુદી ૬

અપવાદ ન સેવવો - પરમ હિતાવહ

શાસનની દૃષ્ટિએ અતિગાઢ પ્રબળ કારણ ન હોય, અનિવાર્ય સ્થિતિ ન હોય અને સમાધિભાવને આંચ આવે તેમ ન હોય, તો કોઈપણ પ્રકારનો અપવાદ કદાપિ સેવવો જ નહિ, એ જ પરમ હિતાવહ છે. તેમાં ય સમાધિભાવ એ મુખ્ય જ પ્રધાન વસ્તુ છે.

રત્નત્રયીની આરાધના સાથે

અશાતા વેદનીયના ઉદયને સમાધિભાવથી પરમ નિર્જરાનું કારણ બનાવવું, એ હિતાવહ છે.

પ્રમાદ અવસ્થા - જાગૃત અવસ્થા

'હે ગૌતમ! એક સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહિ' એમ શ્રી મહાવીર પરમાત્મા તીર્થંકર દેવે ફરમાવ્યું છે, તેમાં પ્રમાદ એટલે કે પુદ્ગલભાવમાં રહેવું તે તથા જાગૃતિ એટલે આત્મભાવમાં રહેવું તે.

'છાપાંનું વાંચન, અધ્યાત્મ સિવાય અન્ય વિચાર-વાંચન-વાર્તાલાપ ઈત્યાદિ સર્વ પરભાવ છે' એમ દૃઢ કરો, એ પરભાવથી પર થઈ સ્વભાવમાં સમાઈ પરમ જાગ્રત દશામાં રહેવું - એવો શ્રી મહાવીર પ્રભુનો બોધ આપણે સર્વેએ ગ્રહણ કરવા યોગ્ય છે. - પ્રશાંતધન, 2-7-70

अधिमुक्त्याशय स्थैर्य विशेष वदिहाऽपरैः ।
इष्यते सदनुष्ठानं हेतुरत्रैव कर्मणि ॥२९४॥

- योगबिन्दौ

ભાવાર્થ: ભુવનની દરેક પળને અનંતની જોડે સંબંધ છે. તીર્થંકરોની અનંત કરુણા જ વિશ્વવ્યવસ્થાનું કારણ છે. સર્વ જીવોના હિતના પરિણામ તો સંયમ ગ્રહણવાળા સર્વને હોય પણ તેમાં મંદ-મધ્યમ-તીવ્ર આદિ વિચિત્રતા હોય, એટલે સામગ્રી તદનુસાર મળે. તીર્થંકર દેવો સર્વશ્રેષ્ઠ હોવાથી તેમને સામગ્રી તથા ભાવના - બંને પ્રબળ હોય.

મધ્યમ અથવા મંદ પરિણામવાળાને
'સર્વ જીવોનું હિત થાઓ' એવી ભાવના હોય,

એમાં ગણધર ભગવંતોની ભાવના વિશિષ્ટ હોવાથી સામગ્રી વિશિષ્ટ મળે તથા સ્વપક્ષને તારવાનો ભાવ જાગે. એટલે સ્વજન-સંબંધી-મિત્રાદિ જે અમુક ગામ-નગર-દેશ સુધી તારવાની ભાવના પ્રકટે, એના પરિણામે એટલી
સામગ્રી મળે અને એ પ્રમાણમાં પ્રયત્ન કરવાથી
તેઓ ગણધર બની શકે.

મંદભાવનાવાળાને સ્વયં તરવાનો પ્રયત્ન થાય, તેટલી જ સામગ્રી મળે, તે પોતાનું હિત કરવા પૂરતો ઉદ્યમ કરે.

આમ સર્વ જીવોના હિતાશયનો પરિણામ સર્વને હોવા છતાં
આ પરિણામમાં તારતમ્ય - વિચિત્રતા હોવાના કારણે
એ પ્રમાણમાં તીર્થંકર, ગણધર કે મુંડ કેવળી બને.

આ વિચિત્રતાનું કારણ પણ અનાદિ
તથાવિધ વિચિત્ર તથાભવ્યત્વ હોય અહીં
જીવોની અનાદિ યોગ્યતામાં જ આવું તારતમ્ય હોય છે,
તેથી તેટલા પ્રમાણમાં વિકાસ થાય છે અને
તેવી તેવી પ્રયત્ન કરી શકે, તેવી સામગ્રી મળે છે.
પરિણામે મોક્ષે જવાનો એકસરખો છતાં મોક્ષ થવા પૂર્વે
તીર્થંકર - ગણધર - સામાન્ય કેવળી જુદો ભેદ પડે છે.

## શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિ

માનવનો જન્મ પામીને કરવા લાયક કાંઈ પણ હોય,
તો તે શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિ જ છે.
બીજું જે કરવા લાયક છે, તે ભક્તિની પુષ્ટિ માટે જ છે.

## શ્રી પંચ પરમેષ્ઠિની ભક્તિ

સર્વદુઃખહર - સર્વસુખકર છે, તેમાં કારણ એ છે કે:
(૧) પાંચ વિષયોના રાગાદિ રાગ વધે છે અને પરિણામે
દુઃખ મળે છે. પરમેષ્ઠિ - ભગવંતો ઉપરના રાગાદિ રાગ
નાશ પામે છે અને પૂર્ણસુખની શીઘ્ર પ્રાપ્તિ થાય છે.

## (૨) પંચ પરમેષ્ઠિની ભક્તિથી

પાંચે કારણો અનુક્રમપણે વર્તે છે. કારણોનું કારણ આ પંચપરમેષ્ઠિ ભગવંતો મહાકારણ અથવા પરમકારણ છે.

(૩) આ પંચ પરમેષ્ઠિ ભગવંતો સ્વયં મૂર્તિમંત સુખ છે. જેને સુખ મેળવવું હોય, તેને પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિને છોડીને અન્ય બીજું કોઈ સાધન છે નહિ.

(૪) સંસારમાં જેમ ધન વડે બાહ્ય સુખનાં સાધનો પ્રાપ્ત કરી શકાય, તેમ બાહ્ય અને આંતર - ઉભય પ્રકારનાં ઉત્તમોત્તમ સુખો મેળવવાનું સાધન પરમેષ્ઠિ ભક્તિ છે. સુવર્ણ ઉપર જેવી શ્રદ્ધા, તેથી કોઈ ગુણી અધિક શ્રદ્ધા પરમેષ્ઠિ ભક્તિથી ઉપાર્જન થતાં પુણ્ય ઉપર હોવી જરૂરી છે. સુવર્ણની કાર્યકારી શક્તિ કરતાં કોઈ ગુણી અધિક કાર્યકારી શક્તિ પરમેષ્ઠિ ભક્તિમાં છે.

(૫) ચંદ્રનો સ્વભાવ જેમ શીતળતાને આપવાનો છે, સૂર્યનો સ્વાસ્થ્ય આપવાનો છે, પુષ્પનો સુગંધ આપવાનો છે, પાણીનો તૃષા છીપાવવાનો, અન્નનો ક્ષુધા શમાવવાનો છે, તેમ અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય તથા સાધુ,
અર્થાત્ આ પંચ પરમેષ્ઠિ ભગવંતોનો
મૂળ સ્વભાવ જ સર્વ આત્માને સુખ આપવાનો છે.

(૬) ધીસ્તુ તેષાં સર્વેઽપિ સુખિનો ભવન્તુ।

'સર્વે જીવો સુખી થાઓ' તેવા ભાવનાથી પોતાના આત્માને ભાવિત કરીને પંચ પરમેષ્ઠિ ભગવંતોએ જગતના જીવોને સુખ આપવાનો સ્વયંસંચાલિત યાને automatic સ્વભાવ લોકાલોકવ્યાપી કર્યો છે, જેના પ્રભાવે સર્વ જીવોને આપોઆપ સુખ મળ્યાં કરે છે. જો તે જીવો અસાવધાનતાથી દુઃખ ભેગું ન કરે અર્થાત્ જો પરમાં રમણતા ન કરે, તો પૂર્ણ સુખ મેળવવા માટે જીવોને બીજું કાંઈ કરવું પડે તેમ નથી. જો તેઓ પરમાં રમણતારૂપ અસાવધદોષને ટાળે, તો પંચ પરમેષ્ઠિ ભગવંતોનો સ્વયં સંચાલિત વીતરાગ સ્વભાવ જ

સર્વ જીવોના દુઃખોનો નાશ કરી

ભાવિમાત્રમાં અક્ષયસુખ આપી શકે છે.

આ વસ્તુની પૂર્ણ શ્રદ્ધા જેઓની બુદ્ધિમાં ઉતરી છે, તેઓના હૈયામાં સદાસર્વદા પંચપરમેષ્ઠિઓનો વાસ છે.

(૭) આ પંચ પરમેષ્ઠિ ભગવંતોએ જે કાંઈ આજ્ઞાઓ ફરમાવી છે, તે તમામનો હેતુ એક જ છે અને તે પંચ પરમેષ્ઠિ ભગવંતોને હૃદયમાં સ્થિર કરવા તે છે.

સર્વ પ્રકારનાં (સમ્યગ્) જ્ઞાન અને

સર્વ પ્રકારની (સમ્યક્) ક્રિયાઓનો હેતુ
આ પંચ પરમેષ્ઠિ ભગવંતોને આત્મસાત્ કરવાનો છે.
તે જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે અને એ જ ક્રિયા તે
સમ્યક્ ક્રિયા છે કે જે આપણે પરમેષ્ઠિમય બનાવે.
(૮) સમ્યક્ત્વ વિના બધું નકામું છે, તેથી સમ્યક્ત્વને
પામવા માટે અને સમ્યક્ત્વ આવ્યા બાદ આત્મપદની
પ્રાપ્તિ માટે નિરંતર આ પંચ પરમેષ્ઠિ ભગવંતોમાં મગ્ન
બનવા માટે સતત પ્રયત્નશીલ બનતાં રહેવું જોઈએ.

પ્રભુમાં મગ્નતા

(અ) તઇયવિ મમ હુજ્જ સેવા ભવે ભવે તુમ્હ ચલણાણં ।
(બ) અવર ન ધંધો આદરું નિશદિન તોરા ગુણ ગાઉં રે.
(ક) 'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી.'
સાચા સમ્યક્ત્વધારીઓને આ પંચ પરમેષ્ઠિની
ભક્તિ સિવાય બીજે કાંઈ રસ નહિ,
ગમો નહિ, આનંદ નહિ અને ઉદયના બંધનમાં પણ
તેઓનું અંતર પંચ પરમેષ્ઠિ ભક્તિમાં લીન રહે છે.
(૯) પંચ પરમેષ્ઠિ ભગવંતોના ધ્યાનથી
સર્વ ઇચ્છિત પ્રાપ્ત થાય છે, મુક્તિ મળે છે.
(અ) 'કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।'

ૐકારમાં પંચ પરમેષ્ઠિ છે.
યોગી પુરુષો નિરંતર તેનું ધ્યાન ધરે છે.

(૮) નમસ્કાર મહામંત્રમાં પંચ પરમેષ્ઠિ ભગવંતો છે.
નવકાર મંત્ર સર્વ દુઃખનાશક અને સર્વ સુખપ્રાપક છે.
સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ છે, ચૌદ પૂર્વોનો સાર છે,
ધર્મજીવન (સમકીત) લાવનાર છે,
સમકીતવાળાને શાશ્વતસુખ આપનાર છે.

(૯) દેવ-ગુરુના પ્રસાદથી સુખશાતા રહે છે.
દેવ-ગુરુ એટલે પંચ પરમેષ્ઠિ ભગવંત છે.
પંચ પરમેષ્ઠિ ભગવંતોના પ્રસાદથી જ
સર્વે જીવો શાશ્વતસુખને પામે છે.

(૧૦) અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય - સાધુ
ભગવંતોને અંતરમાં સ્થિર કરવા તે ધર્મકળા છે.
સર્વ કળાઓમાં સૌથી પ્રધાન ધર્મકળા શીખવા જેવી છે.
ચૌદ વર્ષની મદાલસા સુંદરીએ આ ધર્મકળા નાની ઉંમરમાં
સિદ્ધ કરી હતી, જગત સમક્ષ પ્રત્યક્ષ કરી બતાવી હતી.
પંચ પરમેષ્ઠિ ભગવંતોને હૃદયમાં સ્થાપન કરવા,
એ જ સાચા સુખનો - સાચો માર્ગ છે.
જેની બુદ્ધિએ આ નિશ્ચય કર્યો, તેને મુક્તિ હથેલીમાં છે.

(૨૧) જેઓ સંસારની અસારતા જાણે છે અને
આ પંચ પરમેષ્ઠિ ભગવંતોની શક્તિને પિછાને છે,
તેનું શરીર સંસારમાં અને તેનો ભાવ ભગવંતોમાં છે.
કહ્યું છે કે : પરપુંસિરતાનારી ભર્ત્તારમનુવર્તતે ।
તથા તત્ત્વરતો યોગી સંસારમનુગચ્છતિ ॥ અર્થાત્:
પરપુરુષમાં રાગી સ્ત્રી જે રીતે પતિની બાહ્યથી જ ભક્તિ
કરે, એ રીતે તત્ત્વમાં રાગી યોગી સંસારમાં રહે છે.

(૨૨) પરમેષ્ઠિ ભગવંતોને સરળ ભાવથી પ્રાર્થના કરો કે:
'હે ભગવંતો ! મને સાચો માર્ગ બતાવો!'
સાચા હૃદયથી આ પ્રાર્થના કરનારને
સત્ય માર્ગની પ્રાપ્તિ તુરંત થાય છે.

પ્રભુને હૈયામાં ઉતારવાની કળા જેને પ્રાપ્ત થઈ છે,
તેના જ્ઞાન-ક્રિયા સમ્યક્ છે, કાર્યસાધક છે. જ્યાં આ
સમજણ નથી, તે જ્ઞાન-ક્રિયા મિથ્યા છે, કાર્યબાધક છે.
જેઓને આ કળા પ્રાપ્ત થઈ છે,
તે મહાપુણ્યશાળીઓ છે, મહાત્માઓ છે, વંદનીય છે.
તેઓનું લક્ષ્ય પરમેષ્ઠિઓને હૃદયમાં સ્થિર કરવાનું
હોવાથી પ્રતિકૂળ સંયોગોને પણ અનુકૂળ બનાવે છે,
સમ્યગ્જ્ઞાન તથા ક્રિયા વડે તેને કાર્યસાધક બનાવે છે.

આ પંચ પરમેષ્ઠિ ભગવંતોની શક્તિની પરાકાષ્ઠા અને
પોતાની બંધન અવસ્થા ખ્યાલમાં આવવાથી
ભક્તિ કરાતી નથી પણ થઈ જાય છે.
ભક્તિથી કર્મના બંધન શિથિલ થાય છે અને
તેથી ભક્તિરસ વધે છે.
અહીં ઉત્તરોત્તર કાર્ય - કારણભાવ છે.
પ્રથમ બંધન ઢીલા થતાં અનુભવવા જોઈએ.
ભક્તિથી સમભાવ પ્રગટે છે.
રાગ-દ્વેષની નિરંતર થતી હાનિ એ સમભાવ છે. રોજ
પોતાના અસલ સ્વરૂપને જોવાથી ક્રમિક સ્થિરતા થાય.
*Practice makes man perfect.*
જેમ જેમ પંચ પરમેષ્ઠિમાં ધ્યાન એકાકાર થતું જાય,
તેમ તેમ રાગ-દ્વેષ ઓછા થતા જાય છે.
પોતાના રાગ-દ્વેષ ઓછા થાય છે કે નહિ,
એનું જેને ધ્યાન નથી અને
તેની જેને ખબર પડતી નથી,
તેને ભક્તિ કહેવી કે કેમ? - તે વિચારણીય છે.
આ પંચ પરમેષ્ઠિ ભગવંતો પોતાના સૌ સાચા ભક્તોને-
સેવકોને પાલખીમાં બેસાડીને મુક્તિમાં લઈ જાય છે.

નમસ્કારનો હેતુ - પંચ પરમેષ્ઠિ.

નમસ્કારનું સ્વરૂપ - નિશ્ચય પરિણતિ.

નમસ્કારનું ફળ - પ્રથમ મંગળ - આત્મલાભ.

વ્યવહાર રત્નત્રય

(૧) ગુરૂવિનય (૨) શાસ્ત્રાભ્યાસ (3) વ્રતપાલન.

નિશ્ચય રત્નત્રય

(૧) સમ્યગ્દર્શન - આત્મદર્શન - રતિ.

(૨) સમ્યગ્જ્ઞાન - આત્મલાભ - તૃપ્ત.

(3) સમ્યક્ચારિત્ર - આત્મરમણતા - સંતુષ્ટ.

યસ્ત્વાત્મરતિરેવ સ્યાદાત્મતૃપ્તશ્ચ માનવઃ ।
આત્મન્યેવ ચ સંતુષ્ટસ્તસ્ય કાર્યં ન વિદ્યતે ॥૧॥

- ગીતા૦ ૩-૧૭ (પરિશિષ્ટ-૯)

રાગપ્રીતિ - (અર્થ) કામ, દ્વેષપ્રીતિ - (કામ) અર્થ, મોક્ષજ્ઞાન - વસ્તુનું ત્રિપદાત્મક જ્ઞાન. જો વસ્તુસ્વરૂપને જાણી, તો રૂચિ ઉત્પન્ન થતાં દોષો નિવૃત્ત થાય છે.

0 સકલ અરિહંત કલાથી યુક્ત અકલિ દેહથી યુક્ત અર્હંતમાં પ્રતિષ્ઠિત આર્હન્ત્ય સિદ્ધાવસ્થામાં સંભવે નહિ.

સક્રિય આર્હન્ત્ય શક્તિની સ્થાપના છે,
જે ભાવઅરિહંતમાં જ સંભવે.

## શબ્દબ્રહ્મ દ્વારા પરબ્રહ્મની પ્રાપ્તિ

અર્હં તો વિશ્વપુરુષની નાભિમાં છે અને
તે શબ્દબ્રહ્મ રૂપ છે.

યોગી પુરુષો નાભિમાંથી 'અર્હં'ના ધ્યાનનો પ્રારંભ કરે છે, ત્યાંથી જ નાદનું ઉત્થાન થાય છે અને તે અર્હંતની શક્તિરૂપ છે. એ નાદબ્રહ્મ દ્વારા મેરુદંડના માર્ગે થઈને જ્યારે સહસ્રારમાં પહોંચાય, ત્યારે પરબ્રહ્મની પ્રાપ્તિ થાય અર્થાત્ અર્હંત દ્વારા સિદ્ધનો સાક્ષાત્કાર થાય.

## અહિંસા - સંયમ - તપ

અહિંસા વડે સર્વ જીવો સાથે ઔચિત્યનું પાલન,
સંયમ વડે નિજ આત્મતત્ત્વ પ્રત્યે ઔચિત્યસેવન અને
ધ્યાન વડે પરમાત્મતત્ત્વ પ્રત્યે ઔચિત્યનું આરાધન થાય,
તપ વડે કર્મરોગની ચિકિત્સા થાય છે,
સ્વાધ્યાય વડે મોહવિષનો અપહાર થાય, ઈશ્વરના
પ્રણિધાન - ગુરુવિનય વડે ભવભયનું નિવારણ થાય છે.

## ત્રણેની સાદી વ્યાખ્યા

સર્વ જીવો સાથે ઔચિત્યપૂર્ણ વર્તન તે અહિંસા છે.
પોતાના આત્મા સાથે ઔચિત્યપૂર્ણ વર્તન તે સંયમ છે.
પરમાત્મા સાથે ઔચિત્યપૂર્ણ વર્તન તે તપ છે.

બધા તપમાં ધ્યાનતપ એ સર્વશ્રેષ્ઠ તપ છે.

અંતરાત્મભાવમાં રહીને થતું પરમાત્માનું ધ્યાન
પોતાના આત્માને પરમાત્મસ્વરૂપ બનાવે છે.
અહિંસાના પાલન વડે બહિરાત્મભાવનો ત્યાગ થાય છે,
સંયમના સેવન વડે અંતરાત્મભાવની પ્રાપ્તિ થાય છે,
તપ વડે પરમાત્મભાવનું ધ્યાન થાય છે.
તે વડે ધ્યેય રૂપ પરમાત્મસ્વરૂપનો લાભ થાય છે.
જેમ ધ્યાન માટે અહિંસા અને સંયમની જરૂર છે, તેમ
અહિંસા માટે સંયમ - તપની પણ તેટલી જ જરૂર છે.
અહિંસા એ ધર્મ છે, સંયમ - તપ તેની બે બાજુ છે.
સંયમ વડે સંવર અને તપ વડે નિર્જરા થાય છે.
અહિંસા એ વસ્તુસ્વભાવ રૂપ ધર્મ છે.
આત્મા એ જ અહિંસા છે અથવા અહિંસા જ આત્મભાવ
છે અને તેની રક્ષા સંયમરૂપી સંવર અને તપરૂપી
નિર્જરા વડે થાય છે. તપ એ ઇચ્છાનિરોધરૂપ છે,
જ્યારે સંયમ એ પ્રશસ્ત ઇચ્છારૂપ છે.
અહિંસા એટલે આત્મૌપમ્ય ભાવની રક્ષાના તે બે
સાધન છે. સંયમ વડે જીવમૈત્રી સધાય છે અને
તપ વડે શિવભક્તિ સધાય છે.

(a) અહિંસા = સર્વ જીવવિષયક ઔચિત્ય.
નૈગમ - વ્યવહારનયના વિષયરૂપે
પંચ પરમેષ્ઠિને નમસ્કાર = અહિંસા.
(b) સંયમ = આત્મવિષયક ઔચિત્ય.
ઋજુસૂત્રનયના વિષયરૂપે
નમસ્કારની પરિણતિ = સંયમ.
(c) તપ = પરમાત્મવિષયક ઔચિત્ય.
શબ્દાદિનયોના વિષયરૂપે
નમસ્કારનો દાતા સ્વયં નમસ્કાર = તપ.

o इष्टफलसिद्धिः । इह लौकिकी अर्थनिष्पत्तिः,
यथोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति ।
ऐहिकार्थनिष्पत्तिः । ततश्च उपादेयप्रवृत्तिः । (परिशिष्ट-१०)

ગુણ અને પર્યાય

હું = ઊર્ધ્વતા સામાન્ય - પર્યાયવિશેષ.
મારું = તિર્યક્ સામાન્ય - ગુણવિશેષ.
ગુણ એ જાતિસૂચક છે (ક્ષેત્ર).
પર્યાય એ વ્યક્તિસૂચક છે (કાળ).
ગુણ ક્ષેત્રગ્રાહક છે, પર્યાય કાળગ્રાહક છે.

o માનવતા = સદ્ભાવના, સ્નેહ, પ્રેમ.

## મન અને મનન

'મનન ધર્માત્ માનવઃ ।' 'મનુતે જાનાતિ ઇતિ માનવઃ ।'
મન ધાતુ ઉપરથી મનન અને મનન શબ્દ ઉપરથી
મન અને મન જેને છે, તે 'માનવ' શબ્દ બન્યો છે.
મનુ=વિચાર, તેનો પુત્ર માનવ. માનવ એ વિચારનો પુત્ર છે.

વિચાર ઊંચો તો ગતિ ઊંચી.

વિચાર ક્ષુદ્ર તો ગતિ પણ ક્ષુદ્ર - હલકી.

જેની અંદર વિચારની શક્તિ છે, તે મનુષ્ય.
વિચારશક્તિ વડે જ મનુષ્ય આત્મૌપમ્યભાવ, પ્રેમ,
અહિંસા, દયા, સહિષ્ણુતા આદિ વિકસાવી શકે છે.

આત્માનો વૈભવ - ઐશ્વર્ય આધ્યાત્મિક છે.
એનો આધાર બાહ્યજગત નહિ, આત્માનું અંતરંગ છે.

સંતોષ, દયા, ક્ષમા, કરુણા, શાંતિ, ત્યાગ,
વૈરાગ્ય, વિનમ્રતા - એ ગુણો આત્માનો વૈભવ છે.

ભોગસુખ ઔદયિક છે, ત્યાગસુખ આત્મિક છે.

ચંચળ મનને નિર્વિકલ્પતાએ સ્થિર રાખવાનો
દીર્ઘ અભ્યાસ થયા પછી
તેને નિરાલંબન કરવાનો અભ્યાસ કરવો જોઈએ, જે
સિદ્ધ થવાથી રૂપાતીત ધ્યાનનો અધિકાર પ્રાપ્ત થાય છે.

o    જન્મમાત્ર સાથે મૃત્યુ સંકળાયેલું છે,
એટલે જીવનની અવસ્થામાં મૃત્યુથી ગભરાયા વિના
મૃત્યુને સુંદર બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ કે
જેથી મુક્તિ નિકટની બને એવું શુભ ભાવિ સર્જાય.
શુદ્ધ બનવાના ધ્યેયથી શુભમાં પ્રવર્તમાન બનવું,
એ આત્મા માટે હિતાવહ બને છે.

અનાદિકાળની પુદ્ગલની આસક્તિ નષ્ટ કરવી,
તે સહેલું કામ નથી. રોજ દરેક સમયે ધ્યાન રાખવું પડે,
પરંતુ જેને સમજ પડી છે અને ગરજ પડે છે, તેને
કહેવું પડતું નથી. સમજ પડ્યા પછી કામ સાવ સહેલું છે.

'પુદ્ગલરમણતા દુઃખનું મૂળ છે'
તેમ યથાર્થ બુદ્ધિ જેઓને થઈ ગઈ છે તથા તેમ
બુદ્ધિપૂર્વક પરમાં નહિ રમવાની ફાવટ જેને આવી ગઈ છે
અને તેથી જ શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોમાં
રમણ કરવાની આવડત જેને આવી ગઈ છે,
તેને માટે નિરંતર સુખ અને શાંતિ છે.

સમકીત, ભક્તિ, સમતા - એક જ મકાનના મજલા છે.
Three in One. એકની વૃદ્ધિ ત્રણે વધારે છે
અને ત્રણેના પૂર્ણ યોગથી પૂર્ણ સુખની પ્રાપ્તિ છે.
- અ. સુદ ૧૫, 18/7/70, Kantilal

ધર્મ = Love of God, કર્મ = Love for God.

ધર્મ = સ્વભાવ.

ઈશ્વરનો સ્વભાવ જગદુદ્ધારનો છે,
તેનો સ્વીકાર કરવો તે ધર્મનો સ્વીકાર છે.

કર્મ = ક્રિયા.

કર્મનો સ્વભાવ જીવને દુર્ગતિમાં લઈ જવાનો છે.
તેનાથી છૂટવા ધર્મનો આશ્રય લેવાનો છે.

ધર્મનો નિયમ: Sin of Omission એટલે...
અનુગ્રહનો અસ્વીકાર, પૂજ્યનું અપૂજન.

કર્મનો નિયમ: Sin of Commission એટલે...
નિગ્રહનો અસ્વીકાર, અપૂજ્યનું પૂજન.

## વચનાનુષ્ઠાનમાં પ્રભુનો ભાગ

વચનાનુષ્ઠાનમાં બાહ્યદૃષ્ટિએ કર્મયોગ રહેલો છે અને
આંતરદૃષ્ટિએ ધ્યાનયોગ સધાય છે.

શાસ્ત્રોક્ત કોઈપણ અનુષ્ઠાન પોતાની ભૂમિકાને અનુરૂપ અને ધ્યાનપૂર્વક કરાય, તે વચનાનુષ્ઠાન છે. શાસ્ત્રના આદ્યપ્રકાશક ઉપરની ભક્તિ જેટલી સુદૃઢ હશે, તેટલી તે ક્રિયા વધુ ધ્યાનપૂર્વક થશે અથવા ધ્યાન આપીને ક્રિયા કરવાથી કર્મયોગ સાથે ધ્યાનયોગ પણ સધાશે.

વચનાનુષ્ઠાનમાં પ્રભુની માર્ગદર્શકતાગુણ
આગળ કરીને પ્રભુનું ધ્યાન - સ્મરણ થાય છે.
પ્રભુનાં નામ અને પ્રતિમામાં પ્રભુના સઘળા ગુણોનો
આરોપ કરીને સ્મરણ થાય છે, તેથી તે અભેદારોપ
બને છે અને વચનાનુષ્ઠાન સંસર્ગારોપરૂપ બને છે.
કર્મયોગમાં સમાપત્તિ થાય છે, તે સંસર્ગારોપરૂપ છે,
ધ્યાનયોગમાં સમાપત્તિ થાય છે, તે અભેદારોપરૂપ છે.
એક તાત્સ્થ્ય છે, બીજી તદંજનતા છે.

ઈશ્વરસ્મરણ એ જ્ઞાનરૂપ નહિ પણ
ભાનરૂપ - જાગૃતિરૂપ awareness સાથે હોવું જોઈએ.
Not only knowledge but awareness.

રોમમાં એક જ તત્ત્વ વિલસી રહ્યું છે, તેનું
સતત ભાન રહેવું, તે જ વાસ્તવિક ઈશ્વરસ્મરણ છે.

બીજાના દોષો સહન કરવાની ટેવ પડે એટલે
પોતાના દોષો દૂર થવા જ લાગે છે.

શુષ્ક બુદ્ધિવાદ વસ્તુનિષ્ઠ તથા વિષયનિષ્ઠ હોય છે,
તેથી તે ખરાબ છે.

સહાનુભૂતિને કારણે હૃદયથી જે જ્ઞાન થાય છે,
તે પ્રત્યક્ષ - અપરોક્ષાનુભૂતિરૂપ હોય છે.

## પ્રાર્થના અને પ્રેમ

આપણું ચિત્ત વ્યાકુળ બને, ત્યારે
તેને શાંત કરવા પ્રાર્થના જેવું કોઈ ઔષધ નથી.
ક્રોધ અને અસ્વસ્થતા લાગે, લાગવા માંડે ત્યારે
પ્રાર્થના કરવાની બુદ્ધિ થવી તે શુભ સંસ્કારનું દ્યોતક છે.
પ્રેમને કદરૂપતા, અપવિત્રતા કે ન્યૂનતા પોષાતી નથી.
વાસ્તવિકતામાંની ન્યૂનતાને તે ભાવનાથી ભરી દે છે.
માને પોતાનો છોકરો મદન કરતાં પણ સુંદર દેખાય છે.
છોકરાને પોતાની મા દેવાંગના કરતાં પણ સુરેખ લાગે છે.

આ જગતમાં પ્રેમને લીધે જ મનુષ્ય
સામી વ્યક્તિમાં ન હોય તેવા ગુણોનું આરોપણ કરી
પોતાના અસમાધાનને નિવારે છે.

પાપ નિંદનીય છે, પાપી નહિ.

પાપી પુણ્યાત્મા બની શકે છે, પરંતુ
પાપ પોતે કદી પણ પુણ્ય બની શકતું નથી.

વૈરાગ્યં[1] તત્ત્વવિજ્ઞાનં[2] નૈર્ગ્રન્થ્યં[3] વશચિત્તતા[4] ।
જિતપરીષહત્વં[5] ચ પંચૈતે ધ્યાન હેતવઃ ॥ અર્થાત્:
વૈરાગ્ય, તત્ત્વનું જ્ઞાન, નિર્ગ્રંથતા, ચિત્તવશતા તથા પરિ-
ષહોને જીતવા - આ પાંચ ધ્યાન કરી શકવાના કારણો છે.

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ એટલે શું ?

શુદ્ધ આત્મતત્ત્વની નિર્મળ - નિશ્ચય શ્રદ્ધા
તે સમ્યગ્દર્શન.

શુદ્ધ આત્મતત્ત્વનું રાગાદિરહિત સ્વસંવેદન જ્ઞાન
તે સમ્યગ્જ્ઞાન.

શુભાશુભ વિકલ્પરહિત નિત્યાનંદમય આત્મસ્વરૂપની
અનુભૂતિ અને સ્થિરતા તે સમ્યગ્ચારિત્ર.

પૌદ્ગલિક ઇચ્છાનો ત્યાગ કરી આત્મસ્વરૂપમાં
સહજાનંદરૂપે તપવું તે સમ્યગ્તપ.

દેવ - ગુરુ - ધર્મથી બનેલ સિદ્ધચક્રનું ધ્યાન એ સર્વ
સંપત્તિકર છે, વિપત્તિહર છે. તેના ધ્યાનથી આત્મભાવનારૂપ
નિર્વિકલ્પ વીતરાગ - ચિન્માત્ર સમાધિની પ્રાપ્તિ થાય છે.

જન્મ - જન્માંતરમાં પણ
જ્ઞાન - દર્શન - ચારિત્ર કાયમ રહે તે સમાધિ.
નહિ પ્રાપ્ત થયેલ જ્ઞાનાદિની પ્રાપ્તિ તે બોધિ.
અપ્રાપ્ત જ્ઞાનાદિ રત્નત્રયની પ્રાપ્તિ તે બોધિ અને
પ્રાપ્ત જ્ઞાનાદિ રત્નત્રયની રક્ષા તે સમાધિ.

શુદ્ધ એટલે રાગાદિરહિત તથા બુદ્ધ એટલે
અનંત જ્ઞાન - દર્શન - આનંદ તથા અનંતવીર્યયુક્ત સ્થિતિ.

## શુદ્ધ આત્મા અને પરમાત્મા

શુદ્ધ આત્મા શાસ્ત્રો અથવા ઇંદ્રિયો વડે
જાણી શકાય તેવો નથી, કિન્તુ નિર્મળ આત્મબોધથી
ઉત્પન્ન થતા વિશુદ્ધ ધ્યાન વડે અનુભવી શકાય છે.
નિર્વિકલ્પ સમાધિ દ્વારા તેનો અનુભવ થાય છે.

અહીં પ્રકરણ આત્માનો ઉદ્દેશ -
પ્રાપ્ત કરવા યોગ્ય એક પરમાત્મા જ છે.
ધ્યાન વડે અજ્ઞાનજનિત અને રાગ - દ્વેષજનિત કર્મો
દૂર થાય છે, રાગ - દ્વેષ આત્મજ્યોતિને આવરી દે છે.

દેહમાં જ પરમાત્મા વસે છે અને
સ્વસંવેદન જ્ઞાન વડે તેનો અનુભવ લેવાનો છે.
દેહ એ ડાંગર છે, ડાંગરના ફોતરાની નીચે ચોખા છે.
ચોખા એ જ આપણો આત્મા.

અજ્ઞાનદશામાં આત્મા એ સૃષ્ટિનો કર્તા છે અને
સહજ સ્વરૂપદશામાં પોતાની સૃષ્ટિનો જ સંહારક છે.

આત્મા દેહમાં રહેલો છે, છતાં
નિર્વિકલ્પ સમાધિરૂપી તપ વિના મોટા મહાત્માઓ
પણ તેને જાણી શક્યા નથી કે જાણી શકતા નથી.
પર્યાયની અપેક્ષાએ આત્મામાં ઉત્પત્તિ - નાશ છે

તથા મૂળ દ્રવ્યની અપેક્ષાએ અનવસ્થાનન્ત - નિત્ય છે.

આત્મા વ્યવહારથી લોકને જાણે છે અને

પરમાર્થથી પોતે પોતાના સ્વરૂપમાં રહે છે.

પ્રદેશાર્થનયથી દેહવ્યાપી છે. જ્ઞાનાર્થનયથી વિશ્વવ્યાપી છે.

નામકર્મની અપેક્ષાએ દેહવ્યાપી છે,

જ્ઞાનની અપેક્ષાએ સર્વવ્યાપી છે.

પરલોકને તે તન્મય થઈને જાણતો નથી, પોતાને

તન્મયપણે અનુભવે છે. અન્યના કરેલા રાગ - દ્વેષ કે

સુખ - દુઃખાદિ જાણે છે, છતાં તન્મય થઈ જતો નથી.

પરપ્રકાશકતા સદ્ભૂત ઉપચરિત છે,

સ્વપ્રકાશકતા નિરૂપચરિત છે.

સત્યાદિ ગુણોના ઉચ્છેદ રૂપ શૂન્યપણું આત્મામાં છે.

જ્ઞાતૃત્વ, દૃષ્ટત્વરૂપ ગુણોથી પૂર્ણપણું છે.

શુદ્ધ આત્મબોધની જાગૃતિના અભાવે જીવ કર્મ બાંધે છે.

ઇષ્ટાનિષ્ટ વિષયોમાં રાગ - દ્વેષ, હર્ષ - શોકાદિ કરે છે.

નિશ્ચયનયથી કર્મનો કર્તા જીવ નહિ પણ કર્મ છે.

પરમાણુમાં રહેલા વર્ણ - ગંધાદિ, ષટ્ ગુણ -

હાનિ - વૃદ્ધિ આદિ સ્વભાવ પર્યાય છે.

સ્કંધ અને તેના વર્ણાદિ - એ વિભાવ પર્યાયો છે.

ઘટાકાશ - મઠાકાશાદિ આકાશના
વિભાગ પદ્ધતિ છે, ઔપચારિક છે.

'શુદ્ધ આત્મા જ એક પ્રાપ્ત કરવા યોગ્ય છે'
એવી રૂચિ તે સમ્યગ્દર્શન છે. પરદ્રવ્ય ગ્રહણ કરવા
સંબંધી સર્વ ઇચ્છાઓનો ત્યાગ તે સમ્યગ્ તપ છે.
કર્મોને તપાવવા - નીરસ કરવા - આત્માથી જુદા પાડવાં
તે અપેક્ષાએ આત્મા જ તપ છે.

દ્વાદશાંગીરૂપ સર્વ આગમનું જ્ઞાન કરીને પણ તેના
સારભૂત - ધ્રુવરૂપ પરમાત્મધ્યાનમાં રહેવાની જરૂર છે.
પરમાત્મધ્યાન વડે
નિજ શુદ્ધ આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

જાણીને અનુભવવું - તેમાં જ જ્ઞાનની સાર્થકતા છે.
પાકશાસ્ત્રને જાણવાથી પેટ ભરાતું નથી.

ત્રણ ગુપ્તિની જેમાં મુખ્યતા છે, એવી નિર્વિકલ્પ-
વીતરાગ સમાધિ એ જ કેવળજ્ઞાનનું કારણ છે.

આત્મધ્યાનથી આત્મસ્વરૂપ અનુભવાય અને વિશ્વ-
સ્વરૂપ પણ તેના ખરા સ્વભાવમાં જાણી શકાય છે.
વીતરાગ ભાવવાળી નિર્વિકલ્પ સમાધિ
મોહરૂપી વાદળોને વિખેરી નાંખે છે.

જેમ અગ્નિનો એક નાનો કણીયો
ડુંગર જેટલા લાકડાના ઢગલાનો વિનાશ કરે છે, તેમ
પરમાત્માના શુદ્ધ સ્વરૂપમાં
એક નિમેષ જેટલો વખત પણ એકરસ થવાય, તો
ડુંગર જેટલો પાપનો ઢગલો બળીને ખાક થઈ જાય છે.
શુદ્ધ આત્મધ્યાનનું આ સામર્થ્ય છે. આત્માના શુદ્ધ
સ્વરૂપમાં વૃત્તિ સાંધી બાહ્ય ઇચ્છાઓનો ત્યાગ કરવો,
આવા સર્વસ્વના ત્યાગીને આત્માનો અનુભવ થાય છે.
'આત્મા, આત્માને, આત્મા વડે, આત્મા માટે,
આત્માથી આત્માને વિષે રહેલો છે' એમ જ્યાં સુધી
જાણી નહિ, ત્યાં સુધી પરમ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.
સમભાવમાં પરિણમેલા મનોમંદિરમાં
આત્મદેવ સ્થિરતા કરીને રહે છે.
શત્રુ - મિત્ર, સુખ - દુઃખ, નિંદા - પ્રશંસા, જીવન - મરણ,
ઇત્યાદિ હર્ષ - શોક યા રાગ - દ્વેષના પ્રસંગોમાં અથવા
નિમિત્તોમાં જેનું મન રાગ - દ્વેષ વિનાનું રહી શકે છે,
તે સમચિત્તવાળા સાધક કહેવાય છે.
આત્માના સ્વભાવને - સહજ સ્વરૂપને પ્રગટ કરવું,
તે ભાવધર્મ છે, ભાવનિક્ષેપે ધર્મ છે.

આત્માનો સ્વભાવ જ આત્મધર્મનો મૌલિક છે.
પુણ્ય - પાપ તે ઉપાધિ છે, પરદ્રવ્યનો સંબંધ છે.

ચાર પુરુષાર્થ

ધર્મ = આત્માનો સ્વભાવ, અર્થ = પરદ્રવ્યનું ભાન,
કામ = ચિત્તની અભિલાષાઓની નિવૃત્તિ,
મોક્ષ = કામના શાંતિ.

આત્મસ્વભાવ પ્રકટ કરવાનો પુરુષાર્થ તે ધર્મ.
પરદ્રવ્ય જાણવાનો પ્રયત્ન તે અર્થ પુરુષાર્થ.
મનની ઇચ્છાઓનો વિલય મેળવવા પ્રયત્ન કરવો,
તે તત્ત્વથી કામ પુરુષાર્થ છે.
પુન્ય એ સાત્વિક છે, અર્થ એ રાજસિક છે અને
કામ એ તામસિક પ્રકૃતિને પોષનાર છે.
મોક્ષમાં અતિન્દ્રિય ભાન અને અવ્યાબાધ સુખ છે.
બુદ્ધિજન્ય ભાન મલિન છે,
ઇંદ્રિયજન્ય સુખ અનિશ્ચિત, પરાધીન તથા મલીન છે.
સવિકલ્પ અવસ્થામાં વીતરાગ સર્વજ્ઞની
સ્તુતિ અને મંત્રનું ધ્યાન અને
નિર્વિકલ્પ સમાધિ અવસ્થામાં
સ્વ શુદ્ધ આત્માનું ધ્યાન હોય છે.

જે પવિત્ર આત્મા પાંચ ઇંદ્રિયોના વિષયો અને મન સંબંધી વિકલ્પજાળોનો સર્વદા નિરોધ કરી વીતરાગ-નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનમાં એકાગ્ર થઈને રહે છે, તેને વિશેષ પ્રકારે આત્મિક સુખનો અનુભવ થાય છે.

આ સુખ પોતાને પોતાથી અનુભવાતું હોવાથી સ્વસંવેદન છે, તેમાં જ્ઞાનની મદદ કે બાહ્ય કોઈપણ વસ્તુની અપેક્ષા હોતી નથી. જ્યાં જ્યાં સુધી ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે, ત્યાં સુધી તે દ્વૈતભાવનો વિષય છે, કિન્તુ અદ્વૈતમાં નિષ્ક્રિય સ્થિતિ છે અર્થાત્ તે તો timeless and spaceless અવસ્થા છે.

જન્મરૂપી મહાસમુદ્રને સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપી અમૂલ્ય ક્રિયાઓથી પૂર્ણ - શુદ્ધ આત્મભાવનારૂપ વહાણ વડે લીલામાત્રમાં જે તરીને પાર પામે છે, તે જ સત્પુરુષ છે. તેવા ઉત્તમ પુરુષો વડે જ આ પૃથ્વી 'રત્નગર્ભા' નામ ધારણ કરે છે. પોતાના કે પારકા ભાવપ્રાણની હિંસા કરવાથી આત્મજ્ઞાન પ્રકટ થતું નથી. મનુષ્યનું ખરું હથિયાર મન છે. મનને શુદ્ધ આત્મામાં જોડી શકો તો યોગી થશો; મનને આત્મધ્યાનમાં લગાડી શકો તો ધ્યાની બનશો.

મનને નિર્વિકલ્પ સમાધિમાં જોડે તો તે સમાધિનિષ્ઠ ગણાશે.

સુખ પછી દુઃખનો વારો આવવાનો જ.

આત્મિક સુખ હોય તો ન આવે પણ ઈંદ્રિયજનિત સુખ ભોગવતાં રાગ-દ્વેષ થાય તથા નવા બંધનો બંધાય. આ સુખ ભોગવવાને પછી દુઃખ પેદા કરશું, તે પોતાના હાથે જ પોતાની ડોક ઉપર કુહાડી મારવા જેવું છે. કિંપાકવૃક્ષના ઝેરી ફળોની જેમ દેખાવમાં રૂડાં અને રળીયામણાં પણ પરિણામે ઝેરની માફક પ્રાણ લેનારાં વિષયોનો જેઓએ ત્યાગ કરે છે, તેઓ સર્વે ધન્ય છે. તેઓ જ સત્યને સમજ્યા છે અને સત્યને પામ્યા છે.

## એક સાદો પ્રશ્ન

અસ્થિર દેહ વડે સ્થિર મોક્ષ,
મલિન દેહ વડે નિર્મળ જ્ઞાન અને નિર્ગુણ દેહ વડે
જો કેવળજ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થતી હોય,
તો તે શા માટે ન કરી લેવા?

દેહદૃષ્ટિ છોડી આત્મદૃષ્ટિ કેળવો. દેહ દુઃખરૂપ છે, આત્મા સુખસ્વરૂપ છે, પવિત્ર છે, નિશ્ચલ છે, અનંતગુણમય છે. જેમ અગ્નિ ઈંધણથી અને સમુદ્ર નદીઓના પાણીથી તૃપ્તિ પામતો નથી, તેમ કામ-ભોગોથી આત્માને તૃપ્તિ થતી નથી.

## યોગ અને યોગીની ૭ અદ્ભુત વાતો

જેનું મન નિર્મળ છે, તેને શુદ્ધ આત્મા પ્રત્યક્ષ અનુભવાય.
પરમાત્મા સાથે આત્માનો યોગ કરાવી આપે, તે 'યોગ' છે.
જેઓ ઉજ્જડ ભાગને વસાવે છે અને વસેલા ભાગને
ઉજ્જડ કરે છે, તેવા યોગીઓ ધન્યવાદને પાત્ર છે.

(૧) યોગના અભ્યાસથી, નાસિકાદિ નાભિ અથવા મૂલાધાર
સુધીનો જે પ્રદેશ પ્રાણવાયુના ગમનાગમનથી વસેલો
છે, તેને ઉજ્જડ કરે તથા નાસિકાદિ સાધી બ્રહ્મરંધ્ર
સુધીનો માર્ગ ઉજ્જડ છે, ત્યાં પ્રાણવાયુનો માર્ગ બંધ છે,
તે ઉજ્જડ માર્ગને વસાવે છે અર્થાત
તે માર્ગે થઈ પ્રાણવાયુ સ્વાભાવિક બ્રહ્મરંધ્ર દ્વારા
નીકળે એવો રસ્તો બનાવે છે, એ યોગનો માર્ગ છે.

(૨) જ્ઞાનયોગમાં શુદ્ધ આત્માના અનુભવના પરિણામોને
સ્વસંવેદન જ્ઞાન વડે સ્થિર કરવાં તે ઉજ્જડ ભાગને
વસાવવા બરોબર છે અને મિથ્યાત્વાદિ વિકલ્પજાળથી
મનનો પ્રદેશ જે નિરંતર વસેલો છે,
તે વિભાવ પરિણામવાળા માર્ગને - પ્રદેશને
સ્વસંવેદન જ્ઞાનના બળે ઉજ્જડ કરાવે છે,
તે વસેલા ભાગને ઉજ્જડ બનાવવા સમાન છે.

(3) નાસિકાના બંને દ્વારેથી શ્વાસોચ્છ્વાસ બહારની બાજુ નીકળતો બંધ થઈને જે આકાશપ્રદેશમાં લય થાય, ત્યાં આત્માને શાંત તથા જાગૃતદશામાં મનુષ્યોનો મોહ તૂટી જાય, મન પણ ત્યાં જ વિલય થઈ જાય છે. પ્રાણ નાસિકાના દ્વારનો માર્ગ મૂકી દઈને અંદર લક્ષ્યના શ્વાસોચ્છ્વાસરૂપે તાળુરંધ્રરૂપે બહાર નીકળે, તે આકાશ અર્થાત્ નિર્વિકલ્પ સમાધિમાં (રાગાદિ વિકલ્પજાળરૂપ) મોહ નાશ પામે છે. રાગાદિ વિકલ્પના આધારભૂત મન પણ ત્યાં વિલય પામે છે અર્થાત્ સ્વરૂપલીન થાય છે. જ્યારે આત્મા રાગ આદિ પરભાવમાં નહિ પરિણમતાં કેવળ નિર્વિકલ્પ સમાધિમાં રહે છે, ત્યારે ઉચ્છ્વાસ રૂપી વાયુ નાસિકાનાં બંને છિદ્રોમાંથી નીકળવાનું બંધ કરીને સાધકની પ્રેરણા વિના જ પોતાની સહજગતિએ તાળવાના મધ્ય ભાગમાં વાળના આઠમા ભાગ જેટલું પાતળું એક છિદ્ર છે, જેને 'દશમું દ્વાર' કહે છે, તે વડે પ્રાણવાયુ બહાર નીકળે, ત્યારે નાસિકાના છિદ્ર વાટે પ્રાણવાયુ થોડો વખત બંધ થાય છે. અભ્યાસે કરી તે પ્રાણ બ્રહ્મરંધ્ર દ્વારા નીકળવાને ટેવાઈ જાય, તેથી મન નિર્વિકલ્પ દશામાં લય પામે છે અને મોહ નાશ પામે છે.

(૪) હઠયોગમાં ક્રિયાની મુખ્યતા છે, જ્યારે રાજયોગમાં
જ્ઞાનની - આત્મોપયોગની મુખ્યતા છે. હઠયોગથી ધારણા
દ્વારા પવનને બ્રહ્મરંધ્ર તરફ લઈ જઈ શકાય છે.
વાયુની ધારણાથી દેહની નિરોગિતા, શરીરનું ટકવાપણું
ઈત્યાદિ થાય છે, પરંતુ આત્મજાગૃતિને લીધે જ્યારે
મન વિકલ્પો કરતું બંધ થાય છે, ત્યારે ત્યારે મનની
નિર્વિકલ્પ સ્થિતિમાં પ્રાણ નાસિકાદ્વારથી નીકળતો બંધ
થઈ સહજ ઊર્ધ્વગતિએ બ્રહ્મરંધ્ર દ્વારા બહાર નીકળે છે,
તે નિર્વિકલ્પ આત્મજાગૃતિવાળી સ્થિતિમાં મન અને
મોહનો નાશ થાય છે, તેવું હઠયોગમાં કદી થતું નથી.

(૫) વિકલ્પો બંધ થતાં નિર્વિકલ્પ સમાધિના બળે
યોગીપુરુષો જેને દશમું દ્વાર - બ્રહ્મરંધ્ર કે સુક્ષ્મ કહે છે,
તે તાળવાના છિદ્રમાંથી વાયુ બહાર જાય છે.
તે આકાશમાં વિશેષ ઉપયોગરૂપે સ્થિરતા થતાં મોહ
ક્ષીણ થાય છે, વિકલ્પવાળું મન મરે છે, ઉપરાંત
શ્વાસોચ્છવાસ ચાલતો બંધ થાય છે.
આ સ્થિતિ જો વધુ વખત લંબાય,
તો સાધકને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.
મનનું મનનપણું અને પવનનું ચલનપણું

જ્યાં નાશ પામે છે, ત્યાં વિશ્વનો પ્રકાશક આત્મા સ્વરૂપમાં - નિર્વિકલ્પ સમાધિમાં રહી શકે છે અને આનંદનો અનુભવ કરે છે.

મનની નિર્મળતા અને નિર્વિકલ્પતા જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ મન આ દેહથી છૂટું થતું જાય છે. નિર્વિકલ્પ સમાધિમાં મનને વિશ્વવ્યાપીપણે ધારી શકાય છે, સ્થિર કરી શકાય છે. આ સ્થિતિમાં કર્મોનો ક્ષય થાય છે અને આત્મા પરમાત્મસ્વરૂપે થઈ રહે છે.

(૬) શુભાશુભ મન - વચન અને કાયાના વ્યાપારરૂપ વ્યવહારમાં આટલા બધા ગાફેલ કેમ થાય છે ? તેના સ્થાને આ માયાવી પાખંડરૂપ પ્રપંચ વિનાના તારા શુદ્ધ આત્માને સ્વસંવેદન જ્ઞાન વડે જાણીને અને વિકલ્પજાળ વિનાના પરમાત્મભાવમાં રહીને શુભાશુભ વિકલ્પજાળરૂપ મનને મારવાનો પુરુષાર્થ કેમ કરતો નથી ?

(૭) જીવ એજ જિન અને જિન એજ જીવ છે. જીવમાં સત્તારૂપે જિનપણું હતું, તે જ જિનેશ્વરમાં વ્યક્ત થાય છે. જે મૂળમાં હતું તે જ છેવટે ફૂલમાં આવીને પ્રગટ થાય છે. આ દ્રષ્ટિ અપેક્ષાએ મૂળને અને ફૂલને એક માનનાર આત્મા ઘણી સહેલાઈથી પોતાનું સ્વરૂપ પ્રગટ કરી શકે છે.

## યોગ સાધનાથી ઈંદ્રિયો ઉપર ઘણી સારી અસર થાય છે.

(૧) દૃષ્ટિ વધુ તેજસ્વી બને છે.

(૨) સૂક્ષ્મ અવાજ પણ સાંભળી શકાય છે.

(૩) સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાસ પણ પારખી શકાય છે.

(૪) જીભથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્વાદ પણ પારખી શકાય છે.

(૫) ચામડીને ઠંડી કે ગરમીમાં થતાં ઝીણા ફેરફારોની પણ ખબર પડે છે. પરસેવા વાટે વધુ ઝેરી દ્રવ્યો બહાર કાઢે છે. ઠંડી - ગરમીની અસર ઓછામાં ઓછી થાય છે.

(૬) બનવાના અમુક બનાવની પૂર્વથી અંતઃપ્રેરણા થાય છે.

(૭) સૂક્ષ્માતિ સૂક્ષ્મ લાગણીઓ પણ અનુભવી શકે છે.

(૮) બીજાના વિચારો સામાના મનમાં ઠસાવી શકે છે.

(૯) બીજાના વિચારોને દૂર સુધી મોકલી શકે છે અને આવા સંદેશાઓ પ્રાપ્ત પણ કરી શકે છે.

(૧૦) અધ્યાત્મ દર્શન થાય છે.

(૧૧) કોઈપણ બાબતને તે સ્પષ્ટપણે સમજી શકે છે.

(૧૨) બીજાના શરીર, મન તથા હૃદયને સંપૂર્ણતાની સ્થિતિમાં લાવી શકે છે અને તે પોતાના આત્માની તમામ શક્તિ પૂરબહારમાં ખીલી નીકળે છે. સારી સ્થિતિમાં હોય તો સુંદર સંગીત રેલાવી શકે છે.

## ૧૧ પ્રતિમાના નામ

(૧) સમકીત - ૧ માસ (૨) વ્રત - ૨ માસ
(૩) સામાયિક - ૩ માસ (૪) પૌષધ - ૪ માસ
(૫) કાયોત્સર્ગ - ૫ માસ (૬) બ્રહ્મચર્ય - ૬ માસ
(૭) સચિત્તત્યાગ - ૭ માસ (૮) આરંભત્યાગ - ૮ માસ
(૯) પ્રેષ્યારંભવર્જન - ૯ માસ
(૧૦) ઔદ્દેશિક આહારત્યાગ - ૧૦ માસ
(૧૧) શ્રમણભૂત - ૧૧ માસ.

## પ્રાચીન યોગપદ્ધતિ

યોગના સર્વ આસનો સવારે સુતાં સુતાં કરવાં,
બપોરે સર્વ આસનો ઉભાં ઉભાં કરવાં
અને સાંજે બેઠાં બેઠાં કરવાં વધુ ફાયદો થાય છે.

૦ લોઢાની સોબતથી અગ્નિની અને
સ્નેહના સંગથી તલની દુર્દશા પ્રત્યક્ષ છે.

## શાંતિનો અગાધ સમુદ્ર ક્યાં છે ?

શાંતિનો અગાધ સમુદ્ર તો આત્મા જ છે.
તેના આડે વિચારોની દિવાલો છે, એ તૂટ્યા વિના
આત્માની ખરી શાંતિનો અનુભવ નહિ જ થાય.
'આત્મા સર્વ વિચારોથી પર છે' એમ પ્રભુ કહે છે.

વીતરાગ = રાગરહિત, રાગ = ઇચ્છા.

જ્યાં સુધી ઇચ્છાનો અંશ પણ છે,

ત્યાં સુધી સર્વદર્શી, પરાર્થ બની શકાતું નથી. ઉત્કૃષ્ટ
પ્રયત્નના સ્વાર્થરહિત બનીને પરમાર્થને સાધવો તે છે.

સ્વાર્થ = personality.

પરમાર્થ = universality.

સ્વાર્થનો નિરોધ = પરમ = ઉત્કૃષ્ટ, અર્થ = પ્રયત્ન.

ઇચ્છાનો નાશ પ્રકૃતિની દૃષ્ટિ વિરુદ્ધ શક્ય નથી,
તેથી 'વીતરાગ' એટલે... પૂર્ણ કામ પુરુષ, પૂર્ણ પુરુષ.

આત્મા સ્વયં પૂર્ણ છે,

તેનો સાક્ષાત્કાર ભક્તિ પ્રકૃતિને અપાવે છે.

આત્મા - સર્વ ગુણોનો ખજાનો

અહિંસા એટલે આત્મા.

સત્ય એટલે આત્મા, અચૌર્ય એટલે આત્મા,
બ્રહ્મચર્ય એટલે આત્મા, અપરિગ્રહ એટલે આત્મા,
શૌચ એટલે આત્મા, સંતોષ એટલે આત્મા,
તપ એટલે આત્મા, સ્વાધ્યાય એટલે આત્મા.

જગતમાં હિંસા સર્વત્ર વ્યાપીને રહેલી છે,
તેને પ્રથમ રોકવા તે અહિંસાધર્મ છે.

અહિંસા પ્રધાન ધર્મ છે,
સંયમ અને તપ - તેના બે અંગ છે.
સંયમથી સંવર અને તપથી નિર્જરા થવા દ્વારા
અહિંસા સિદ્ધ થાય છે.
અહિંસા એટલે જ્ઞાન, અહિંસા એટલે દર્શન,
અહિંસા એટલે ચારિત્ર, અહિંસા એટલે ક્ષમા,
અહિંસા એટલે માર્દવ, અહિંસા એટલે આર્જવ,
અહિંસા એટલે સંતોષ.
જ્યાં અહિંસા છે, ત્યાં જ્ઞાનાદિ સઘળા ગુણો વસે છે.
જ્યાં અહિંસા નથી, ત્યાં એક પણ ગુણ નથી.
હિંસા એ પાપકર્મ છે,
અહિંસા એ તેનો પ્રતિપક્ષી ધર્મ છે.
જીવોને આત્મા તરીકે સ્વીકારવાથી અહિંસા,
પોતાને આત્મા તરીકે સ્વીકારવાથી સંયમ અને
પરમાત્માને આત્મા તરીકે સ્વીકારવાથી
તપધર્મની આરાધના થાય છે.
નવપદોમાં આત્મા છે, આત્મામાં નવપદો છે.
'एगोऽहं बहुस्याम् ।'
'સવિ જીવ કરૂં શાસનરસી.'

ઈશ્વરપ્રણિધાન એટલે આત્મપ્રણિધાન.

શુભ ક્રિયાવૃત્તિનો હેતુ વીતરાગત્વાદિની પાછળ
પ્રકૃતિઆદિનું પ્રણિધાન ચાલી જવું તે છે.
આત્મા પ્રકૃતિને - પૂર્ણાનંદતાને ઝંખે છે, જે
કેવળ નિષેધમુખી આરાધનાથી પ્રાપ્ત થવા અશક્ય છે.
દોષોના નિષેધની સાથે ગુણોની વિધેયતા તરફ
લક્ષ્ય જવાથી જ આત્મતૃપ્તિ અનુભવાય છે.
ધર્મક્રિયા રોગને કાઢનાર અને
આરોગ્યના આનંદને અર્પનાર છે.
અહીં બન્ને બાજુના લાભથી સાર્થકતા ટકી રહે છે.

ભક્તિ અને ધ્યાન

તિર્યક્ સામાન્યનો વિચાર ભક્તિપ્રધાન છે,
ઊર્ધ્વતા સામાન્યનો વિચાર ધ્યાનપ્રધાન છે.
ભક્તિ વિના ધ્યાનનો અસંભવ છે.
ભક્તિથી સંસર્ગારોપ થાય છે, જ્યારે
ધ્યાનથી અભેદારોપ થાય છે.
ભક્તિથી કષાયોનું નિર્મૂલન થાય છે, જ્યારે
ધ્યાનથી વિષયાસક્તિ જાય છે.
ભક્તિ જાતિવિષયક છે, ધ્યાન વ્યક્તિનિષ્ઠ છે.

ઇતિશમ્।

## સાપેક્ષથી નિરપેક્ષ તરફ...

શબ્દબ્રહ્મ એ વાચક છે અને પરબ્રહ્મ એ વાચ્ય છે. ભગવદ્ગીતા પણ શબ્દબ્રહ્મરૂપ છે, તેથી વાચક છે, તેનું પણ વાચ્ય પરબ્રહ્મ - આત્મા છે. આત્મા એ વાચ્ય છે તથા ગીતા ઈત્યાદિ ગ્રંથો અને અક્ષરો તે વાચક છે. વાચ્ય - વાચક, વાગ્ અને અર્થ હંમેશા મળેલાં હોય છે. યોગીપુરુષો બંનેને જુદા પાડીને તેનું ધ્યાન કરતા હોય છે. વાચક એ સાપેક્ષ અને વાચ્ય એ નિરપેક્ષ છે. સાપેક્ષ વડે જ નિરપેક્ષ સુધી પહોંચી શકાય છે.

## ધર્મશાસ્ત્રો શું કરે છે?

ધર્મશાસ્ત્રો ન તો આદેશ આપે છે કે ન તો નિષેધ કરે છે. તેઓ તો કુદરતના કાનૂનોને ફક્ત સમજાવે છે. આ કાનૂનોનું સાચાપણું માનવ પોતાની વિવેકતા અને બુદ્ધિ દ્વારા પોતાના અનુભવોને આધારે સમજી શકે છે, એને માટે અંધશ્રદ્ધાની જરૂર નથી. ભગવાને પ્રરૂપણા કરી છે માટે સિદ્ધાંતો સાચા છે, એમ નથી પણ સિદ્ધાંતો સાચા છે, માટે પ્રભુએ પ્રરૂપણા કરી છે. ધર્મસિદ્ધાંતો - પ્રકૃતિનાં નિયમો તો શાશ્વત છે, પરંતુ માનવની બુદ્ધિ ગ્રહણ કરી શકે, તેવા રીતે તેનો ઉપદેશ થવો જોઈએ. બુદ્ધિની ગ્રહણશક્તિ પણ દેશકાળાનુસાર બદલાતી રહે છે.

## સાચી સામાયિક

જે કાંઈ બની રહ્યું છે, તેનો શાંત સ્વીકાર કરવો, તે સામાયિક છે. Not to escape but to accept.

જીવનનું લક્ષ્ય શાંતિ, સમતા કે સામાયિક જ છે.

જે અનિવાર્ય છે, તેની સાથે સત્કાર કરો. જે વસ્તુ ટાળી શકાતી નથી, તેની સાથે હાથ મિલાવવામાં જ ડહાપણ છે.

દુઃખને પચાવતાં આવડી જશે,
તો તેમાંથી નવું બળ - ઓજસ્ સાંપડશે અને
એથી પરમ શાંતિનો પ્રકાશ પામી શકાશે.

સામાયિક એ સમતાનું નામ છે.

રાગ - દ્વેષને મનમાંથી હાંકી કાઢવા એ સામાયિક છે.

સામાયિક એમ કહે છે કે:

રાગ-દ્વેષ અને અહંનો ત્યાગ કરી જીવનસાફલ્ય કરો.

તે મૂલ્યથી ખરીદી શકાતું નથી માટે
અમૂલ્ય છે અને સત્પાત્રોને સુલભ્ય છે.

## અરિહંતદેવ - આપણા વડીલ

ધર્મ મહાસત્તાના પ્રતિનિધિ અરિહંતદેવ છે, તેમને જ આંતરિક કુટુંબના વડા બનાવો, તેમની આગળ હૃદય ખોલીએ, જે કાંઈ મેળવવા જેવું છે, તે તેમની પાસે

માંગીએ નહીં. ખોવું પડે તો તેમની પાસે રડી લઈએ. મન આનંદિત થાય તો તેમની પાસે આભારવશ થઈને નાચીએ. સૂના પડેલા આ જીવનમાં એક અરિહંતને દાખલ કરીશું, તો આપણી સર્વ ગમગીની દૂર થશે; કારણકે સમગ્ર વિશ્વ તેમની કરૂણાશક્તિના આધારે ટકી રહ્યું છે.

o જીવનની દર્દ ઘટના

સંસારની સંયમ વિદ્યાપીઠનો નવો પાઠ શીખવે છે. પ્રત્યેક બનાવ આપણને કંઈક શીખવવા આવે છે. કર્મના ગણિતમાં ચગાઈને જે નૈસર્ગિક વહેણમાં તણાઈને આવે છે, તેને પ્રસન્ન ગાંભીર્યથી સ્વીકારી લેવું અને શાંત ઉદાસીનતામાં ઓગાળી દેવું, તેનું નામ જ તત્વજ્ઞાન, ધર્મ અને આધ્યાત્મિકતા છે.

V.V. Imp. જીવનની સળગતી વેદનાઓમાં
કોઈ શબ્દો લાગુ પડાવી શકતું નથી.
વિધિની એ ક્રૂર રચના છે.

આપણો બોજો આપણે જ ઉંચકવાનો છે. પરિસ્થિતિને પહોંચી વળવા અંતરમાંથી જ યોગ્ય સમયે યોગ્ય બળ મળી રહે છે. કુદરતની એ રહેમ નજર છે. પ્રત્યેકની ફરજ છે કે પોતે પોતાની જાતે જ મજબૂત બનવું જોઈએ.

પરાવલંબન છોડી સદા આત્માવલંબન જ રાખવું જોઈએ. તમારી મહીં જે ચૈતન્ય છે, તેનો જ કેવળ આશ્રય કરજો. ભગવાન અને શાસ્ત્ર - એકમેકમાં ઓતપ્રોત છે. શાસ્ત્રમાં શંકા ઉઠાવવી તે પ્રભુમાં શંકા કરવા જેવું છે. શાસ્ત્ર એ ભગવાનનું જ વાઙ્મય શરીર છે, તેથી તે ભગવદ્રૂપ જ છે, તેથી જ ભગવાનની પૂજાની જેમ શાસ્ત્રની ય ચંદન, પુષ્પ, અક્ષત, ધૂપ, દીપથી પૂજા થાય છે. શાસ્ત્ર પ્રત્યે આદર રાખવાથી જ તેમાં રહેલી વિદ્યા ફળે.

## સમ્યક્ત્વનું પરમ માહાત્મ્ય

સમ્યક્ત્વ એ ચિન્તામણિ કે કલ્પવૃક્ષથી પણ અધિક મહિમાવાળું છે, કેમકે તે ઐહિક - ચિંતિત ફળ જ નહીં પણ પારલૌકિક અને ચિન્તનાતીત ફળને આપે છે.

### તે વિશિષ્ટ જ્ઞાનસ્વરૂપ અથવા

દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વના શ્રદ્ધાનરૂપ છે. ગુણીના બહુમાનથી અંતઃકરણમાં ઉત્પન્ન થતાં પ્રીતિ-રસને 'ભક્તિ' શબ્દથી દર્શાવાય છે. તે ગુણજન્ય પ્રીતિ છે, તેમાં કોઈ સ્વાર્થ યા બીજી આકાંક્ષા હોતી નથી. સંસ્તુતઃ = સ્નેહથી પ્રશંસા કરાયેલા, વખાણાયેલા, આંતર - પ્રીતિપૂર્વક સ્તવાયેલા મળે છે, માટે 'આપો' અર્થ

કહેવું એ ચતુર્થ ભાષા છે, તેમાં સત્યાસત્યની નિર્ણય કરવાની રીતો નથી, કિન્તુ કાર્યકારિતા જોવાની રીત છે.
ચતુર્થ ભાષા એ વ્યવહાર ભાષા છે. વ્યવહાર = કાર્ય.
કાર્ય થાય હોય, ત્યાં જ વ્યવહાર ભાષા વપરાય છે.
તેને 'અસત્યામૃષા' ભાષા પણ કહે છે.
તે સત્ય કે અસત્ય નથી, કિન્તુ
'काज्जकरी' અર્થાત્ કાર્યકારી ભાષા છે. કાર્ય થાય છે,
માટે તેને જણાવવા માટે આ ભાષાનો પ્રયોગ થાય છે.
ओघशक्तिः | = सामान्य योग्यता = स्वरूप योग्यता |
सम्पुचित योग्यता = फलोपधायक योग्यता |
सम्पुचित शक्ति |
एगोऽहं नत्थि मे कोइ नाहमन्नस्स कस्सइ |
एवं अदीणमणसो अप्पाणमणुसासइ ||१||

(પરિશિષ્ટ-૧૧)

o ખોરાક માત્ર ઔષધરૂપે લેવો, સ્વાદને ખાતર નહિ.
સ્વાદ માત્ર રસમાં રહ્યો છે અને રસ તો ભૂખમાં છે.
o મોટી વાત તમારા જીવનમાં વર્ષો ઉમેરવાની નથી
પણ તમારા વર્ષોમાં જીવન ઉમેરવાની છે.
-Alexis Carrel

અર્થ: ઉચ્ચાર્યમાણશાસ્ત્રપદગત-વાચ્યનાવસ્યે ચિન્તનં।

શબ્દ એ વાચક છે. તે જેમ દ્રવ્યશ્રુત છે,
તેમ તેનો વાચ્યાર્થ પણ એક પ્રકારનું ભાવશ્રુત છે.
પહેલું શબ્દાત્મક છે, તો બીજું વિકલ્પાત્મક-મનનાત્મક છે.

એ રીતે શબ્દ અને તેનું વાચ્ય -
બંને શ્રુતરૂપ હોવાથી શબ્દબ્રહ્મ છે.
શબ્દબ્રહ્મમાં નિષ્ણાંત પરબ્રહ્મને પામે છે.

અહીં નિષ્ણાંતનો અર્થ શબ્દબ્રહ્મ એ પરબ્રહ્મ નથી, પરંતુ તેથી ભિન્ન છે અને પરબ્રહ્મને ઓળખાવવાની તેની તાકાત છે પણ પમાડવાની નથી. પરબ્રહ્મને પામવું હોય, તો શબ્દબ્રહ્મ દ્વારા તેની અવાચ્યતા - અનિર્વચનીયતાને સમજી શબ્દ અને વિકલ્પનો આશ્રય છોડી સ્વસંવેદન કરવા પ્રયત્ન કરવો જોઈએ, તે સંવેદન વાણીથી નહિ પણ નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિના અભ્યાસ દ્વારા થઈ શકે છે.

## 'ગીતાર્થ' એટલે કોણ ?

શ્રદ્ધા, જ્ઞાન, ધ્યાન અને કરુણા -
એ ચારે જેનાં શુદ્ધ હોય, તે 'ગીતાર્થ' કહેવાય છે.
'ગીત' એટલે સૂત્ર અને 'અર્થ' એટલે તેની વ્યાખ્યા.
આ બંનેથી યુક્ત હોય, તે પણ 'ગીતાર્થ' છે.

વિચારપતન, વાચ્યપતન, દ્રષ્ટિપતન અને કાયપતનથી જે માનવ બચી શકે છે, તે જીવનની ઉપરછલ્લી જમીન ઉપર પડ્યા વગર ઉન્નત મસ્તકે જીવી શકે છે.

સંભેદ પ્રણિધાનથી ઉપશમ શ્રેણી - તિર્યક્સામાન્ય.

હૃદયકમળાદિ - જ્ઞાનસહાય.

અભેદ પ્રણિધાનથી ક્ષપક શ્રેણી - ઊર્ધ્વતાસામાન્ય.

સ્વરૂપધ્યાન - આત્મવીર્ય.

'પાવનધામ' એટલે... પવિત્ર આશય અથવા કર્મ વિયોજનરૂપ ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન.

નામ - છદ્મસ્થાવસ્થા, સ્થાપના - પ્રતિમા,
દ્રવ્ય - કેવળી અવસ્થા, ભાવ - સિદ્ધાવસ્થા.

ત્રિગુણયુક્ત = જ્ઞાન - દર્શન - ચારિત્રસહિત - સગુણ.
ત્રિગુણમુક્ત = સત્વ - રજ - તમરહિત - નિર્ગુણ.

પાંચ પીઠના નામ

વિદ્યાપીઠ (સુમેરુ), મહાવિદ્યાપીઠ (સૌભાગ્ય), ઉપવિદ્યાપીઠ (લક્ષ્મી), મંત્રપીઠ અને મંત્રરાજપીઠ.

વીતરાગ અને શાંતરાગ બન્ને સમાન પૂજનીય છે.

અભય, અતરક્ષ, અણિન્દ્ર, રુદ્ર અને કલેશના ધામ.

સાધ્ય - સાધક - સાધન એ ત્રણેમાં પ્રધાન ભેદ છે, છતાં

પ્રણિધાનની પરંપરાએ તે અભેદ - એકરૂપ થાય છે
અર્થાત્ સાધ્ય અને સાધન - એ બંને સાધકમાં
અંતર્ભૂત - અંદર રહેલા છે, એવો અનુભવ થાય છે.

એવો અનુભવ થાય છે કે પ્રભુ જાણે:

(૧) ચક્ષુ વડે સામે દેખાતા હોય.
(૨) હૃદયમાં પ્રવેશ કરતા હોય.
(3) મધુર આલાપ કરતા હોય.
(૪) સર્વ અંગોમાં અનુભવાતા હોય.
(૫) તન્મયતાને પામી જતાં હોય.

શુદ્ધ પ્રતીતિધરને ધારણા - ધ્યાનના બળે
શ્રી જિનેશ્વરનું બિંબ હૃદયમાં પ્રત્યક્ષ અનુભવાય છે.
વિજય = અભય, નિર્ભયતા, કોઈ જ શત્રુ ન રહે તે.
શત્રુ અર્થાત્ વિઘ્ન, તેનો અભાવ = ભયનો અભાવ.

અરિહંતાદિક પદ તે શુદ્ધાત્મા.

દ્રવ્યથી અર્હંત એટલે વિજન પ્રદેશ,
ભાવથી અર્હંત એટલે ક્રોધ કે મોહાદિરહિત પાવન પ્રદેશ.
દ્રવ્યથી શુચિસ્થાન, ભાવથી મલિન સંકલ્પોરહિત મનોહર
પ્રદેશ. દ્રવ્યથી સુખાસન આદિ, ભાવથી પરની આશારહિત.
ધામ = તાપ, તે દ્રવ્યથી ઉષ્ણ પ્રદેશ અને

ભાવથી દ્વેષ, મત્સર, ઈર્ષાદિ રહિત સ્વભાવ.
આત્માનો સાર = ઓંકાર રૂપ પંચ પરમેષ્ઠિ.
'આત્મા જ્ઞાનસ્વભાવ છે, કર્મ જડસ્વભાવ છે'
એમ જાણવાથી અદ્વેષગુણ નિપજે.

## ૪ પ્રકારે ધ્યાન

આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.
આર્તધ્યાન = ઈંદ્રિયવિષયનું ચિન્તન.
રૌદ્રધ્યાન = પરનાશ કરવું વધચિન્તન.
ધર્મધ્યાનથી આર્ત-રૌદ્રધ્યાન જાય, નિર્વિકલ્પ ગુણ ઉપજે,
બોધિબીજ સુલભ થાય તથા માઠાં સંકલ્પ ન સંપજે.
દ્રવ્ય - ગુણ - પર્યાયાત્મક, નિત્યાનિત્યાત્મકપણે
વસ્તુસ્વભાવનું ચિન્તન, એનું ઘર તે શુક્લધ્યાન.
ધર્મધ્યાન એ શુક્લધ્યાનનો હેતુ છે અને
શુક્લધ્યાન તે મોક્ષને બતાડનાર છે. શુક્લ આત્માને
ઉજ્જ્વલ કરે, કર્મનું શુક્લ અશુચિ દાઝ, તે દૂર કરે.

## ધર્મધ્યાનનાં ચાર પાયા

મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ્ય અથવા
ઘાતીકર્મરહિત તે અરિહંત, આઠ કર્મરહિત તે સિદ્ધ,
પંચાશ્રવરહિત તે સાધુ અને ૧૮ પાપસ્થાનરહિત તે ધર્મ.

જીવ સંસાર અનાદિ છે, તેવા જીવ
અરિહંત - સિદ્ધ - સાધુ - ધર્મ : ચાર પણ અનાદિ છે.
પરમાત્માનું સ્વરૂપચિન્તન તે અધ્યાત્મ.
'પરમાનંદ' એટલે પ્રશમસુખનો અનુભવ.
સમતાજનિત સુખ પરમાનંદનો અનુભવ કરાવે છે.
વિષયાનંદજનિત સુખ તે વિલક્ષણ છે.
સિદ્ધચક્ર તે સિદ્ધ ચક્ર જ છે.
ભુક્તિ અને મુક્તિ બંને આપવાની શક્તિ તેમાં છે,
એવો અનુભવ સાધકને તત્કાળ થાય છે.
નિત્ય નવપદનું ધ્યાન અને જાપ કર્તવ્ય છે,
તેથી આત્માને પરમ શાંતિ અનુભવાય છે અને
મનની પ્રસન્નતા સદૈવ ટકી રહે છે.
અશાતાનો ઉદય નિર્જરાનું પરમ નિમિત્ત કેમ બને?
તે આપણે જોવાનું છે.
o ॐ નમઃ સિદ્ધં । ॐ અર્હં નમઃ ।
બંને એક જ વસ્તુને કહે છે.
જીવ અ સિ આ ઉ પરંપરા વર્ણમાળાની મધ્યમાં અને
અર્હં વર્ણની મધ્યમાં સન્નિહિત છે, તેમ 'સિદ્ધં'
શબ્દથી પણ અનાદિસિદ્ધ વર્ણમાળાને જ નમસ્કાર છે.

ૐમાં પણ અ થી મ પર્યંત વગેરેનું આનુપૂર્વિક ઉચ્ચારણ છે, તેથી તે પણ શબ્દબ્રહ્મને કહે છે.

મંત્રો બે પ્રકારના છે:

એક અર્થપ્રધાન અને બીજા ધ્વનિપ્રધાન. ધ્વનિપ્રધાન મંત્રોને 'શાબર' મંત્રો કહે છે. 'ઇસો પંચ નમુક્કારો'નો બહુવ્રીહિ સમાસ પાંચ પ્રકારના 'નમો' વાક્યને કહે છે. 'એ વાક્ય ઉચ્ચારણ જ પાપક્ષયંકર છે અને મંગળનો વર્ધક છે' એવો તેનો ધ્વનિત અર્થ છે.

અહીં અક્ષર સર્વ વ્યાપક છે.

(૧) મંત્રસિદ્ધિમાં આચાર અને વિશ્વાસનું બાહુલ્ય - એ બે મહત્ત્વના સહકારી કારણો છે.

(૨) ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન, પ્રાણ - એ બધાનાં ઐક્યની ભાવના તે તાત્ત્વિક વિમર્શ છે, તેથી મંત્રચૈતન્ય શાશ્વતપણે પ્રકટ થાય છે.

(3) પદ એ કામધેનુ છે.

તેનું પદસ્થ આલંબન લેતાં શીખવું જોઈએ. એક જ અહીં શબ્દને શ્રુત, ચિંતા, ભાવનાભાવથી સુસંગત અને સુપ્રયુક્ત કરવામાં આવે, તો મોક્ષપર્યંતનાં ફળ આપે છે.

'ભાવનાભાવ' એટલે આગમ અને શ્રુતયુક્તિથી મનનું
વારંવાર સ્મરણરૂપ નિદિધ્યાસન. તે તન્મયતાનું કારણ છે.

(૪) ભાવ પદસ્થ ધ્યાનોમાં ધ્યેયનો આકાર વિશેષરૂપે
મનમાં આવે છે, જ્યારે માતૃકાના સ્મરણમાં મન
નિરાકાર રહે છે, તેથી નાદાનુસંધાન જલ્દીથી થાય છે.
નાદાનુસંધાન થતાં જ જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષય-
ક્ષયોપશમ થવાથી આત્મામાં શબ્દતઃ જ્ઞાન પ્રકટતું જાય છે.

(૫) ચંદ્રમંડળ = ૧૬ સ્વર, સૂર્યમંડળ = ૨૫ વ્યંજનો તથા
અગ્નિમંડળ = યરલવ આદિ ૮ છે.

(૬) માતૃકા, વર્ણમાલા, માલિની, સિદ્ધા, સિદ્ધમાતૃકા,
વર્ણમાતૃકા, બ્રાહ્મી, લિપિ, વર્ણસમામ્નાય એકાર્થક છે.

(૭) માતૃકા અને ભાવશક્તિનો ગાઢ સંબંધ છે. માતૃકા
એ ભાવમય તેજનું જનન - પાલન અને શોધન કરે છે,
તેથી તે માતા જ 'માતૃકા' કહેવાય છે,
તે ચાર પ્રકારે : વૈખરી, મધ્યમા, પશ્યંતી અને પરા.
વૈખરીનું ઉપાદાન પ્રવૃત્તિ,
મધ્યમાનું ઉપાદાન બુદ્ધિ અને
પશ્યંતી - પરાનું ઉપાદાન જ્યોતિ છે.
જ્યોતિ જ એનું સ્વરૂપ છે.

(૮) માતૃકાના સ્મરણથી મનુષ્ય સર્વજ્ઞ થાય છે.
માતૃકા - અનાદિ અનંત છે, સિદ્ધાંતનું પરમ પદ છે,
આત્માની પરમ જ્યોતિ છે. જાળમાંથી તંતુની જેમ
માતૃકાક્ષરોમાંથી સર્વ શાસ્ત્રો ઉત્પન્ન થાય છે.
માતૃકાક્ષરો અનાદિસિદ્ધ છે,
તે સિદ્ધાન્ત, તર્ક, શ્રુત, વિદ્યા આદિનાં મૂળ છે.
માતૃકાનો એક એક અક્ષર તત્ત્વરૂપ છે,
તેમાં પણ अ, र, ह એ ત્રણ વિશિષ્ટ તત્ત્વો છે,
તેમાં સર્વજ્ઞ ભગવાન રહે છે.
अ = ચંદ્રમંડળ - ઈડા, र = અગ્નિમંડળ - સુષુમ્ણા,
ह = સૂર્યમંડળ - પીંગળા.
માતૃકાના જ્ઞાતા રહસ્યને જાણી, તે ફરી ગર્ભાવાસે ન આવે.
ચારે વર્ણો મળીને સંપૂર્ણ શબ્દબ્રહ્મ થાય છે.
માતૃકા મંત્રોની માતા છે,
તેથી પરમ ભક્તિ વડે તેની આરાધના કરવી જોઈએ.
(૯) 'अर्हं' પદ તે અરિહંત પરમાત્માનો શબ્દમય દેહ છે.
તે જ પદમયી દેવતા છે. મંત્ર તથા તેના વાચ્યદેવતા
અપેક્ષાએ અભિન્ન છે. એ કારણે જ મંત્ર પોતે
વાચ્યદેવતાથી થતાં સર્વ કાર્યો કરી શકે છે.

(૨૦) પદ બે પ્રકારના છે: સ્થૂલ અને સૂક્ષ્મ.
પદ પોતાની સ્થૂલ અવસ્થામાંથી નીકળીને જ્યારે
સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે તે જ દેવતા
સ્વરૂપને પ્રાપ્ત કરે છે, દેવતાસ્વરૂપ બની જાય છે.

(૨૧) પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ છે.
વિમર્શનું તાત્ત્વિક સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાન છે.
પ્રકાશ એ શિવતત્ત્વ છે અને વિમર્શ એ શક્તિતત્ત્વ છે.
આ વિમર્શ એજ તાત્ત્વિક મંત્રદેવતા,
મંત્રમયી દેવતા અથવા પદમયી દેવતા છે.
એ પશ્યંતી વાક્રૂપ કે આત્માની અમૃત કળારૂપ છે.

(૨૨) વૈખરીમાં વાચિક પદનું આલંબન હોય છે.
મધ્યમામાં વૈકલ્પિક પદનું આલંબન લઈને નિર્વિકલ્પ
પદ સુધી પહોંચવાનું હોય છે. વૈકલ્પિક પદ સંકલ્પરૂપ છે.
કોઈપણ નિર્દિષ્ટપદને લઈને જ્યારે એનું વિધિપૂર્વક
માનસિક રટણ કરવામાં આવે, ત્યારે તે સંકલ્પ બને છે.
તે આંતરવાક્રૂપ બની અવિકલ્પ દશા સુધી લઈ જાય.
પ્રથમ વિકલ્પ વિચારરૂપતાને પામે છે, પછી તે વિકલ્પ
સંકલ્પરૂપતાને પામે છે. સંકલ્પના યોગથી તે વિકલ્પ
અંતે વિમર્શરૂપતા અર્થાત્ નિર્વિકલ્પ જ્ઞાનરૂપતાને પામે છે.

તેને પરાનાદશક્તિરૂપતા પણ કહે છે.

વિકલ્પ, સંકલ્પ અને નિર્વિકલ્પ - એ ક્રમ છે.

અહીં વિકલ્પ પદમય યા મંત્રમય છે.

પ્રશસ્ત વિકલ્પને ફરી ફરી ઉત્પન્ન કરવારૂપ સંકલ્પના અભ્યાસથી વિકલ્પો ઓછા થતાં અંતે અવિકલ્પ દશા પ્રાપ્ત થાય છે. નિર્વિકલ્પ સંવિત્ પશ્યંતી અવસ્થામાં રહેલ છે.

એ અવસ્થા બિંદુસ્થાનમાં પ્રાપ્ત થાય છે.

મંત્રની નિર્ગુણ, નિષ્કલ, સૂક્ષ્મ વગેરે

અવસ્થાઓનો પ્રારંભ બિંદુસ્થાનથી જ થાય છે.

બિંદુનું સ્થાન આજ્ઞાચક્ર યા ભ્રૂમધ્યમાં છે.

વિમર્શ = અવિકલ્પ. સંવિત્ = પશ્યંતી.

તેમાં ઇષ્ટદેવતાની સાથે અભેદ સધાયેલો રહેલ છે,

તેથી તેને જ્યોતિરૂપ પણ કહે છે.

તે મંત્રની શબ્દરૂપ, હ્રસ્વ, દીર્ઘ, પ્લુતાદિ અવસ્થાઓથી પર છે અને બિંદુસ્થાનમાં જ તે પ્રાપ્ત થાય છે. તે સ્થાનમાં મંત્રનો પ્રવેશ થતાં જ રાગ-દ્વેષ ઘટે છે, મનઃપ્રસાદ વધે છે, જ્યોતિરૂપતાનો આવિર્ભાવ થાય છે. તે મંત્રદેવતાના સ્વરૂપને ધારણા કરી ઓળખાણ કરે છે. સ્વકીય પ્રકાશથી દ્યોતમાન ઐશ્વર્યકી દેવતારૂપ કરીવાદ છે.

શુદ્ધ આત્માનું ધ્યાન કરવાથી સર્વ કર્મનો ક્ષય થાય છે.
સંસારમાં રહેવા છતાં આત્મભાવે, ઉદાસીનભાવે રહી
અરિહંત - સિદ્ધ - શુદ્ધ આત્મભાવમાં રહેવા જેવું છે.
'આ સંસાર મારો નહિ, મારો તો આત્મા છે.'
એ નિરંતર ચિન્તવવા જેવું છે.
સમ્યગ્દર્શનમાં 'શ્રદ્ધા' પદાર્થ નિર્વિકલ્પ છે
અને તે જ મોક્ષનું કારણ છે.

## ઝેર અને અમૃત

આ દુનિયામાં ઝેર તો હાજરાહજૂર છે.
વીંછીનું ડંખનું ઝેર, સર્પનું હળાહળ ઝેર,
એ એક સત્ય હકીકત છે.
એનાથી પણ ચઢિયાતું ઝેર એક જાણું છે.
એ છે માનવના ઈર્ષા અને વેરનું ઝેર,
ક્રોધ અને કામનું ઝેર, અનીતિ અને પાપનું ઝેર.
એ ઝેરનાં પારખાં સૌએ એક યા બીજી રીતે ચાખ્યાં છે.
એનાં ડંખ સર્પના ઝેરની માફક મારે છે અવશ્ય પણ
રીબાવી રીબાવીને, મન-શરીરની અનેક યાતનાઓના
ઉકળતા ચરૂમાં ખદબદાવીને અને એટલે જ આ ગરલને-
ઝેરને જોવું હોય તો આપણે નરી આંખે જોઈ શકીએ છીએ.

અમૃતની તો વાતો જ સાંભળવાની રહે છે અને ગરલના અનુભવોમાંથી તો રોજને રોજ પસાર થવું પડે છે. સ્નેહ એ જ એક અમૃત છે, સ્નેહામૃત એક અમૃતસંજીવની છે. માનવની માનવતા સ્નેહને લીધે જ અમરત્વને પામી છે.

## જ્ઞાનીઓનું ભૂષણ એટલે ક્ષમા

અપકાર કરનાર ઉપર
વેર વાળવાની વૃત્તિ ન ઉપજવા દેવી, તે 'ક્ષમા' કહેવાય છે.
ક્ષમા એ જ્ઞાનીઓનું ભૂષણ છે.
અજ્ઞાનીના કુવચનાદિને સહન કરવા,
એ જ જ્ઞાની લોકોનો પરમ ધર્મ છે.
ક્ષમા એ અહિંસા, ક્ષમા એ સત્ય, ક્ષમા એ જ ધૈર્ય,
ક્ષમા એ જ ઇંદ્રિયનિગ્રહ તથા ક્ષમા એ જ દયા.
ક્ષમાવાનને યશ, ક્ષમાવાનને સ્વર્ગ
અને ક્ષમાવાનને મોક્ષ મળે છે.

क्षमा खड्गं करे यस्य दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥ (પરિશિષ્ટ-૧૨)

o શરીરના નામનો સંબંધ શરીર દ્વારા શરીરમાં ચૈતન્ય સંપાદન કરનાર આત્મા સાથે જેમ પ્રત્યક્ષ અનુભવાય છે, તેમ અરિહંત-સિદ્ધાદિ પરમેષ્ઠિઓના નામનો સંબંધ તે

નામ ગ્રહણ કરનાર બુધ્ધ-મન દ્વારા તેમાં ચૈતન્ય સંપાદન કરનાર આત્માની સાથે સ્પષ્ટપણે થઈ શકે છે અથવા 'અર્હં' નામ જેમ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થયેલ અરિહંત પરમાત્માના શુદ્ધ સ્વરૂપની સાથે સંબંધ રાખે છે, તેમ આપણા આત્માના પણ આઠ રૂચક પ્રદેશ સર્વદા ઉઘાડા છે, તેથી તે આઠ પ્રદેશ દ્વારા આપણા સમગ્ર આત્માનું પણ નામ તે બની શકે છે. પોતાના નામની જેમ જ અરિહંતાદિના નામને પણ આત્મસાત્ કરવા જોઈએ. અરિહંત એ અરિહંતનું નામ તો છે જ પણ પોતાના આત્માનું પણ નામ તે છે, કેમકે આઠ રૂચક પ્રદેશ દ્વારા તે આપણા જ શુદ્ધ આત્માને પણ ઓળખાવે છે. શરીરનું નામ જે રીતે મણિલાલ ઈત્યાદિ છે, તેમ આત્માનું નામ અરિહંત- સિદ્ધ - આચાર્યાદિ છે, કેમકે તે શુદ્ધ આત્માની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓને જણાવે છે.

'પોતાના જ નામ છે' એમ માનીને
જ્યારે અરિહંતાદિ પરમેષ્ઠિઓનું નામ ગ્રહણ થાય,
ત્યારે તનમાં સ્વયમેવ ભાવસ્થૈર્ય પ્રગટે છે.

'કર્મકૃત અવસ્થા સ્થિર નહિ રહે
આપણા બાહ્ય પરિસ્થિતિ સતત પરિવર્તનશીલ છે'

એ વાતનો નિશ્ચય વારંવાર અને દીર્ઘકાળ સુધી પરિશીલન કરીને દૃઢ થવો જોઈએ. એ વાત ચિત્તમાં સ્થિર થયા બાદ બહારના ફેરફારની મન ઉપર બહુ અસર થતી નથી અને ફેરફાર માટે સદા તૈયારી રહે છે.

o વસ્તુમાત્ર ઉભય ધર્મવાળી છે: સામાન્ય - વિશેષ.

અરિહંત પણ વસ્તુ છે.

તેથી વિશેષ ધર્મથી અષ્ટ મહાપ્રાતિહાર્ય યુક્ત જિનનામકર્મનો વિપાકોદય પામેલા અરિહંત છે, તે તેમનું વ્યવહારિક સ્વરૂપ છે. તેમનું નૈશ્ચયિક સ્વરૂપ દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મથી ભિન્ન શુદ્ધ આત્મસ્વરૂપ છે. અરિહંતનો ધ્યાતા પ્રથમ વિશેષસ્વરૂપનું ધ્યાન કરે છે, તે વિષયસમાપત્તિ છે. વિશેષની સાથે સામાન્ય જોડાયેલું છે. વિશેષ ઉપરથી તે સામાન્ય સ્વરૂપના ધ્યાનમાં જોડાય છે, ત્યારે આત્મસમાપત્તિ બને છે.

વિષયસમાપત્તિ ભાવસંસારરૂપ છે, જ્યારે આત્મસમાપત્તિ આત્માનો તાત્ત્વિકભાવ છે.

નમસ્કાર મંત્રનો ધ્યાતા જ્યારે પંચપરમેષ્ઠિનું ધ્યાન કરે, ત્યારે પ્રથમ તેને ગ્રાહ્ય સમાપત્તિ થાય છે, પછી ગ્રહણ સમાપત્તિ અને છેલ્લે ગૃહિતૃ સમાપત્તિ થાય છે.

પ્રારંભમાં 'હું પરમેષ્ઠિનું ધ્યાન કરું'
એવો વિચાર આવે છે, તેમાં ધારણા બંધાય છે.
ધારણા બાંધતા ધ્યાતા-ધ્યેય-ધ્યાન ત્રણેનું ગ્રહણ થાય છે,
પછી ધ્યાતા જ્યારે ધ્યાન કરવા લાગે છે, ત્યારે તે
ધ્યાન સમયે ધ્યાતા પોતાને ભૂલી જાય છે તથા
ધ્યેયને વિષે મનને એકાગ્ર કરે છે, તેને 'ધ્યાન' કહે છે.

પછી જ્યારે ધ્યાનનું પણ વિસ્મરણ થઈ
કેવળ ધ્યેયાકાર વૃત્તિ થાય, ત્યારે તે સમાધિરૂપ બને છે.
તે સમાધિ બે પ્રકારની છે: સંભેદ અને અભેદ.
સંભેદસમાધિમાં ધ્યેયનું વિશિષ્ટ સ્વરૂપ ગ્રહણ થાય છે,

વિશિષ્ટ સામાન્ય સાથે જોડાયેલું છે, તેથી
વિશિષ્ટ ઉપરથી સામાન્ય ધ્યેયનો વિષય બને, ત્યારે
અભેદપ્રણિધાન થાય છે, તે જ અભેદસમાધિ છે.
તેમાં ધ્યાતા, ધ્યાન અને વિશિષ્ટ ધ્યેય ત્રણેનું વિસ્મરણ
થઈ એક સામાન્ય ધર્મ જ જ્યારે ધ્યેય તરીકે
વિદ્યમાન રહે છે, ત્યારે તે તાત્ત્વિક સમાપત્તિ બને છે
અને તેને જ આત્માનો તાત્ત્વિક ભાવ કહેવાય છે.
આત્મા પોતે જ જ્યારે ધ્યેયસ્વરૂપ બને છે, તેને
નિક્ષેપની દૃષ્ટિએ 'નોઆગમથી ભાવનિક્ષેપ' કહી શકાય.

અહીં 'નો' અક્ષર દેશનિષેધ અર્થમાં છે.
ભેદપ્રણિધાન વખતે 'નો' એ સર્વનિષેધ અર્થમાં છે,
અભેદ પ્રણિધાન વખતે તે દેશનિષેધના અર્થમાં છે.
આગમથી ભાવનિક્ષેપમાં વિષયસમાપત્તિ છે અને
નોઆગમથી દેશનિષેધ અર્થમાં તાત્ત્વિકસમાપત્તિ છે.
'ઇસો પંચ નમુક્કારો' એ પદથી
ધ્યાતા ધ્યાનાવેશમાં આવે છે, તેથી પાપનાશ થાય છે,
પછી જ્યારે ધ્યેયાવેશમાં આવે છે,
ત્યારે સર્વ મંગળોમાં પ્રધાન મંગળ સ્વરૂપ બને છે.
પ્રથમ ચૂલિકા પાંચ પદોના નમસ્કારથી મેળવાય છે,
છઠ્ઠા પદ વડે ધ્યાન સુદૃઢ બને છે અને
છેલ્લે નવમા પદમાં તો સમાધિ અવસ્થા સૂચવાય છે.
'તદેવાર્થમાત્ર નિર્ભાસં સ્વરૂપશૂન્યમિવ સમાધિઃ |'
આ સમાધિનો અર્થ તે કાળે સામાન્ય અર્થ-
સર્વમાં વર્તતો સમાન ધર્મ બને, ત્યારે ધ્યાન, ધ્યાતા
અને સમગ્ર વિશ્વનું વિસ્મરણ થઈને એક આત્મમાત્ર
નિર્ભાસ રહે છે, તેને જ 'નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ'
તરીકે શાસ્ત્રોમાં ઓળખાવવામાં આવી છે.
સામાન્ય ધર્મરૂપી અર્થાકાર છે, માટે નિર્વિકલ્પ છે

અને શુદ્ધ ચૈતન્યમાત્ર વિષયક હોવાથી ચિન્માત્ર છે.
પોતાની જાતનું પણ વિસ્મરણ થતું હોવાથી
'સ્વરૂપ શૂન્ય'ની જેવું કહેવાય છે.
એમ 'નમો અરિહંતાણં' પદમાં પણ એ રીતે
ગૃહિત, ગ્રહણ અને ગ્રાહ્ય સમાપત્તિ ઘટાવી શકાય છે.
ઉત્પત્તિમાં પૂર્વાનુપૂર્વી ક્રમ છે,
અંતિમ સ્થિતિમાં પશ્ચાનુપૂર્વી ક્રમ છે અને
પ્રધાનતાની અપેક્ષાએ તે કેવળ ગૃહિત સમાપત્તિ છે.
પરમેશ્વરની ભક્તિપૂર્વક ઓળખાણ અને પૂજા એ
વિષયપ્રતિભાસી જ્ઞાન નહિ પણ વિષયસમાપત્તિ છે.
ભેદોપાસના વિષયસમાપત્તિ કહેવાય,
અભેદોપાસના આત્મસમાપત્તિ કહેવાય.
આત્માથી ભિન્ન બધા 'વિષય' ગણાય છે.

શ્રાવણ સુ-૨

આત્મામાં જ પરમાત્માનું ધ્યાન કે નમન એનું નામ
નિશ્ચય સમુપાસના કે નિશ્ચય નમસ્કાર એવું નહિ,
પરમાત્માનું ધ્યાન અથવા નમન,
ભેદોપાસના કે અભેદોપાસના બધું નિશ્ચયમાં આવે છે.
સમાપત્તિ પણ એ ગણાય.

અરિહંતને જે જાણે છે, શ્રાવણ સુ-૪

દ્રવ્ય - ગુણ - પર્યાયથી તે આત્માને જાણે છે,
અહીં આત્માને જ અરિહંતરૂપે જાણવાની વાત નથી,
સામાન્ય રીતે વાત છે એટલે સમાપત્તિના વિષયમાં
દ્વા - દ્વા - ૨૦ યોગાવતાર શ્લોક ૧૯ ટીકાની ગાથા
લખેલી હોવાથી આત્મા સ્વરૂપના વિષયની સમાપત્તિ
એ 'ભાવ' નામધારી ચિત્તની ઉત્પત્તિ છે, જ્યારે
આત્મા (સ્વ કે પર કોઈપણ)ની સમાપત્તિ,
એ તાત્ત્વિક પરિણમન છે અથવા તાત્ત્વિક સમાપત્તિ છે.

શ્રાવણ સુ-૫

'આગમથી ભાવનિક્ષેપ એ સમાપત્તિ છે'
આ વાત આત્માની બાબતમાં ઘટી શકે છે.
સમાપત્તિમાં થોડી વિશેષતા છે.
જ્યારે નિર્મળ ચિત્ત અને તન્મયતા થાય,
ત્યારે જ 'સમાપત્તિ' કહેવાય છે.
જ્યારે ભાવનિક્ષેપમાં તે વસ્તુનો ઉપયોગ હોય,
તેટલામાત્રથી પણ 'ભાવનિક્ષેપ' કહી શકાય છે.
નિશ્ચય નમસ્કારમાં ભેદ ઉપાસના નથી,
અભેદ ઉપાસના બંને સાથે જાય છે.

મનુષ્યને તેનું શરીર અભેદરૂપે અનુભવાય છે,
છતાં દરેક અંગનો વ્યવહાર જુદો જુદો છે.

વિષયાકાર જ્ઞાન = ગ્રાહ્ય સમાપત્તિ.
જ્ઞાનાકાર વિષય = ગ્રહણ સમાપત્તિ.
જ્ઞાનાકાર જ્ઞાતા = ગ્રહિતૃ સમાપત્તિ.
વિષયની પ્રધાનતા તે ગ્રાહ્ય સમાપત્તિ.
જ્ઞાનની પ્રધાનતા તે ગ્રહણ સમાપત્તિ.
જ્ઞાતાની પ્રધાનતા તે ગ્રહિતૃ સમાપત્તિ.
જ્ઞાતા - જ્ઞેય - જ્ઞાન, ધ્યાતા - ધ્યેય - ધ્યાન,
દ્રષ્ટા - દ્રશ્ય - દર્શન, પ્રમાતા - પ્રમેય - પ્રમાણ.
એક વૃત્તિ આરૂઢ થવાથી એકત્વ પરિણામ થતો નથી.

o

mantras formulate the ideas, yantras seek to represent its unfolding diagrammatically and tantras deal with the technique of the sadhana or ultimate self realization.

mantra is not mere
individual thinking but
a particular sound body of consciousness.
mantra is a mass of radiant energy.

## ચૈતન્યમંત્ર અથવા સિદ્ધમંત્ર

ઋષિમુનિઓએ મનન કરીને જે મંત્ર વડે
મહાસામર્થ્ય પ્રાપ્ત કર્યું અને તેઓ ગુરુત્વને પામ્યા,
તે ચૈતન્યમંત્ર અથવા સિદ્ધમંત્ર કહેવાય.
સુષુપ્ત આંતરશક્તિને જગાડે તે ચૈતન્યમંત્ર,
એવા મંત્ર તુરત ફળ આપે છે.
મંત્ર એ ચૈતન્ય જ છે, જડ નહિ.
મંત્ર એ ભગવાનનું જ સ્વરૂપ છે.
'મંત્રોમદ્રૂપઃ |' નામ અને નામી એક જ છે.
મંત્રપ્રદાતાને જે મંત્ર ફળ્યો હોય,
તે મંત્ર 'ચેતનમંત્ર' કહેવાય.
પ્રથમ મંત્રદ્રષ્ટા ઋષિને અને મંત્રપ્રદાતા ગુરુને
જે મંત્ર ફળ્યો છે અને તે મંત્ર ભક્તને આપે છે,
તો તે મંત્ર 'ચેતનમંત્ર' કહેવાય છે.
મંત્રચૈતન્યયુક્ત મંત્ર તે ચેતનમંત્ર છે.

o

mantra is the devta himself / herself. It awakens superhuman power. It is the manifestation in bodies of પરમાત્મા. The mantra is the supreme consciousness.

V. Imp. નાદ - બિંદુ અને કલાનું સ્પષ્ટીકરણ

પ્રથમ મોટેથી નાદ સંભળાય છે, તેમાં મનને
એકાગ્ર કરવાથી તે નાદ ધીમે ધીમે ઝીણો થતો જાય છે.
ત્યાર પછી એક નીલ બિંદુ દેખાય છે,
તે ચક્ષુની અંદર રહેલ છે પણ બહાર દેખાય છે.
અભ્યાસ કરતાં કરતાં તે બિન્દુ ફાટે છે.
તેમાં એક ચિન્મય ચિત્કલા પ્રગટ થાય છે.
અહીં જ સાક્ષાત્કારનો અનુભવ સમાયેલો છે. આ છે
નાદ - બિંદુ અને કલાનું સ્પષ્ટીકરણ. - શ્રી મુક્તાનંદજી

o

The string of 50 letters from अ to क्ष which are matrikas is eternal - શાશ્વત unbeginning and unending & બ્રહ્મ itself. This great saying is the first of all મંત્રs. There are two ways of knowing a sadhak: one through thinking process & the other by being one. First the rational, second sadhana - non epistemic. mantra is devata itself that is supreme consciousness 'ચિત્શક્તિ: ।' manifesting in that form.

## સાચો ધર્મ સરલ...

ઘરમાં માયાળુતા, ધંધામાં પ્રામાણિકતા, સમાજમાં વિવેક,
કાર્યમાં એકાગ્રતા, પાપ પરત્વે વિરોધ, કમભાગી પ્રત્યે દયા,
સજ્જન પરત્વે વિશ્વાસ, નિર્બળ પરત્વે સમભાવ મદદ,
પાપી પ્રત્યે ક્ષમાશીલતા, માનવી પરત્વે પ્રેમ-મદદ અને
પ્રભુ પરત્વે ભક્તિ અને સેવા. - Charles Benninger

## પ્રત્યક્ષ - અપરોક્ષાનુભૂતિ

શુષ્કબુદ્ધિવાદ એ બાહ્ય વસ્તુનિષ્ઠ તથા વિષયનિષ્ઠ છે.
તેને માટે બધું જ્ઞાન પરોક્ષ હોય છે. હૃદય અને
સત્યાનુભૂતિના ફલરૂપે પ્રત્યક્ષ-અપરોક્ષાનુભૂતિ થાય છે.
વ્યક્તિનો વિચાર હૃદયનિષ્ઠ ભૂમિકા ઉપર થાય,
ત્યારે તે અપરોક્ષ બને છે.

o બીજાના દોષ સહન કરવાની ટેવ પડે
સરલ પોતાના દોષ દૂર થવા લાગે છે.
બીજાના ગુણ લેવા અને દોષ સહવા.
એમાંથી દોષોના પ્રતિકારની શક્તિ આપોઆપ આવે છે.
મતિવાળી બુદ્ધિ = સંજ્ઞા. વિવેકવાળી બુદ્ધિ = પ્રજ્ઞા.
પ્રજ્ઞા = Wisdom.
પ્રજ્ઞાથી મળતી પ્રસન્નતા એ સુંદરતાનું શિખર છે.

## સંસાર કઈ રીતે વ્યાપક દ્રષ્ટિએ રસાધિરાજ અદ્ભુત સર્વરસસ્વરૂપ - શાંતરસસ્વરૂપ છે?

'સંસાર દુઃખરૂપ છે' એ વિચાર કરૂણતાને જન્માવે.
'સંસાર પાપરૂપ છે' એ વિચાર રૌદ્રરસને ફેલાવે.
'સંસાર સ્મશાનરૂપ છે' એ વિચાર ભયાનકતા સર્જે.
'સંસાર મોહરૂપ છે' એ વિચાર બીભત્સરસને જગાવે.
'સંસાર કર્મરૂપ છે' એ વિચાર અદ્ભુતરસને જન્માવે.
'સંસાર ધર્મરૂપ છે' એ વિચાર આત્મામાં વીરતા પ્રગટાવે.
'સંસાર ભવરૂપ છે' એ વિચાર મૈત્રી-વાત્સલ્ય સર્જે.
'સંસાર જડરૂપ છે' એ વિચાર વૈરાગ્ય જગાવે.
'સંસાર અંતરઆત્મરૂપ છે' એ વિચાર સમતા સર્જે.
'સંસાર પરમાત્મરૂપ છે' એ વિચાર ભક્તિ જન્માવે.
'સંસાર પ્રકૃતિરૂપ છે' એ વિચાર શાંત ભાવને જગાડે.

ૐ (૧) અ = શરીર - અગ્નિ - પૃથ્વી.
(૨) ઉ = પ્રાણ - વાયુ - અંતરિક્ષ.
(3) મ = મન - સૂર્ય - સ્વર્ગ.

જાગૃત - ઉપાસના - અ, સ્વપ્ન - સવિકલ્પ - ઉ,
નિદ્રા - નિર્વિકલ્પ - મ, તુરીય - અરૂપ - અમાત્ર.

(1) દ્રવ્ય = પુરાણ (2) પર્યાય = નિત્યનૂતન.

નવકારમાં ચાર પ્રકારના નમસ્કાર

(૧) દ્રવ્ય - દ્વૈત નમસ્કાર : વિષય પ્રતિભાસ -
નૈગમસંગ્રહ - objective.

(૨) ભાવ નમસ્કાર : આત્મપરિણતિમત
ઋજુસૂત્ર - Subjective.

(3) નિશ્ચય - અદ્વૈત નમસ્કાર: તત્ત્વસંવેદન -
શબ્દાદિ ચાર નય - only Subjective.
subject - object - less = Absorption
of the object into the subject.

ત્રિશલ્ય અને પાપનો ટૂંક પરિચય

માયાશલ્ય = પાપને પ્રગટ ન કરવું.
મિથ્યાત્વશલ્ય = પાપને પાપ ન માનવું.
નિદાનશલ્ય = ધર્મના બદલામાં પાપને માગવું.

અન્ય જીવોને અવગણવા તે પ્રથમ પાપ છે,
પોતાના આત્માને અવગણવો તે દ્વિતીય પાપ છે.
જીવોની માફી માંગવી તે વ્યવહાર ધર્મ છે.
આત્માની ક્ષમા યાચવી તે નિશ્ચય ધર્મ છે.

o દુઃખીને મદદ કરવા લંબાયેલો એક હાથ
પ્રાર્થના કરવા જોડાયેલાં બે હાથ કરતાં વધુ સાર્થક છે.

- વિવેકાનંદ

V.V. Imp. <u>નવકાર મંત્ર શેનો બનેલો છે?</u>

ચૂલિકા એ માર્ગ છે.

આચાર્યાદિ ત્રણ પદો એ દ્વાર છે અને

પ્રથમ બે પદો એ સાર છે.

એ રીતે માર્ગ, દ્વાર અને સાર -

એ ત્રણ મળીને નવકાર મંત્ર બનેલો છે.

માર્ગ = ધર્મ, દ્વાર = ગુરુ, સાર = દેવ.

નવકાર મંત્રના પ્રથમ પાંચ પદોથી ધારણા બંધાય છે,

પછીના બે પદો વડે ધ્યાન થાય છે અને

છેલ્લા બે પદો વડે સમાધિ અનુભવાય છે.

નવે પદો મળીને ત્રણની એકતારૂપ સમાપત્તિ થાય છે.

એ સમાપત્તિ વડે આપત્તિ પછી સંપત્તિ અનુભવાય છે.

વિષયપ્રતિભાસ = પ્રથમ પાંચ પદો

આત્મપરિણતિમત્ = છઠ્ઠું તથા સાતમું પદ

તત્ત્વસંવેદન = આઠમું તથા નવમું પદ.

વિષયપ્રતિભાસ જ્ઞાનમાં નિમિત્તની પ્રધાનતા છે

તથા આત્મપરિણતિ જ્ઞાનમાં ઉપાદાનની પ્રધાનતા છે.

તત્ત્વસંવેદન જ્ઞાનમાં અભિન્ન નિમિત્તોપાદાનતા છે

યાને પોતે જ નિમિત્ત અને પોતે જ ઉપાદાન છે.

નવકારના પ્રથમ પાંચ પદો નૈગમસંગ્રહનો વિષય છે,
પછીના બે પદો ઋજુસૂત્ર નયનો વિષય છે અને
છેલ્લા બે પદો શબ્દાદિ ત્રણ નયનો વિષય બનીને
પ્રથમ - સર્વોત્કૃષ્ટ મંગલ થાય છે, નવે પદો મળીને
પ્રમાણનો વિષય બને છે. સમજવું એ જ્ઞાન, કબૂલવું એ
દર્શન અને આચરવું એ ચારિત્ર - ત્રણે ક્રમશઃ થાય છે.

<u>આસન તથા સિદ્ધાસન</u>

જેમાં સુખપૂર્વક નિરન્તર બ્રહ્મનું ચિન્તન થાય છે,
તેને 'આસન' જાણવું.

સુખપૂર્વક = કર્તવ્યાકર્તવ્યની ચિંતાદિ રહિત.
આસન = બ્રહ્મનો નિશ્ચય.

બાકી આસન તો સ્વાભાવિક સુખનો નાશ કરનારું છે.

જે બ્રહ્મ સર્વ ભૂતોદિ પ્રથમ સિદ્ધ;
જગતનું અધિષ્ઠાન અવ્યય છે,
જેમાં સિદ્ધો સારી રીતે પ્રવેશ પામેલા છે;
તે બ્રહ્મને જ તત્ત્વજ્ઞ પુરુષો 'સિદ્ધાસન' કહે છે.

મનની વિરતિ કે અહંવૃત્તિનો લય થવાથી
દુઃખની શાંતિ થવા પામે છે તથા મનનું મનન થવાથી
અર્થાત્ અહંવૃત્તિનો ઉદય થવાથી દુઃખની પ્રાપ્તિ થાય છે.

આખો ભગત કહે છે કે:

સંસારસુ સરસો રહે, ને મન મારી પાસ;
તો ય જો ડગો નહિ, તો જાણ મારો દાસ. ...(૧)

વિષય અને કષાયનો એક અર્થ
વિષય અને વાસના ધ્યેય છે, માટે
વિષયોમાં કાક-શૂકરની વિષ્ઠાવત્ વૈરાગ્ય ઉપજાવવો.
૦ ચિત્તને વાસનારહિત કરવા યોગની ઉપાસના કરો.
નિર્વાસન અવસ્થામાં જ આત્યંતિક સુખ રહેલું છે.
અધિક ગુણોવાળા છે માટે ગુરુ, માનનીય છે માટે ગુરુસત્કાર કરવો તથા વિશ્વાસપૂર્વક સેવેલો ધર્મ.
આ શુદ્ધ ધર્મ જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપ છે. તેની
સંપ્રાપ્તિ = સારી રીતે પ્રાપ્તિ અથવા લાભપૂર્વકની પ્રાપ્તિ.
તથાભવ્યત્વ = વિચિત્ર અથવા ખાસ પ્રકારનું ભવ્યત્વ.
અરિહંત, સિદ્ધ, સાધુ તથા ધર્મ - એ ચારને શરણે જવું તે જ મહાકષ્ટોથી બચવાનો મોટામાં મોટો ઉપાય છે.
સુકૃત = વિવેક જાગે, ત્યારે અવશ્ય આચરી શકાય તે.
વિવેક જાગતે અખંડ શુદ્ધ ભાવ ઉત્પન્ન થતો રહે છે.
બાળજીવોએ કરેલા શુભ કૃત્યોની અનુમોદના રૂપ સત્કૃત્યનું પાલન કરવું, એ આપણા સૌનું કર્તવ્ય છે.

યજ્ઞયાગાદિ બહિરંગ સાધન છે,
વિવેક - વૈરાગ્ય - ષટ્ સંપત્તિ - મુમુક્ષુતા - શ્રવણ -
મનન - નિદિધ્યાસન - તત્પદ - ત્વંપદનું શોધન
આદિ સર્વે અંતરંગ સાધનો છે.

આત્મા = દૃષ્ટા - નિત્ય, જગત = દૃશ્ય - અનિત્ય.

## થોડી લઘુ વ્યાખ્યાઓ

અજ્ઞાન = મોટો આળસ.

ઉપરતિ = વિષયો વિતૃષ્ણા.

મુમુક્ષા = સંસાર બંધનથી છૂટવું તે.

તિતિક્ષા = સર્વ દુઃખોનું સમત્વથી સહન કરવું તે.

શમ = લોકવાસના, દેહવાસના, શાસ્ત્રવાસનાનો ત્યાગ.

દમ = જ્ઞાનેન્દ્રિયો - કર્મેન્દ્રિયોની નિષિદ્ધ પ્રવૃત્તિનો નિગ્રહ.

શ્રદ્ધા = ગુરુવચન અને શાસ્ત્રવચનોમાં પૂર્ણ વિશ્વાસ.

સમાધાન = સદ્રૂપ બ્રહ્મમાં ચિત્તવૃત્તિનું એકરૂપ હોવું તે.

અવિદ્યા = સંસારબંધન - જન્મ - મરણાદિ દુઃખનો હેતુ.

દુઃખમાં સુખબુદ્ધિ
અશુચિમાં શુચિબુદ્ધિ
અનિત્યમાં નિત્યબુદ્ધિ
અનાત્મામાં આત્મબુદ્ધિ
} અવિદ્યા

દેહેન્દ્રિયાદિ અનિત્ય, અશુચિ, દુઃખ અને અનાત્મા છે,
તેમાં નિત્યત્વ, શુચિત્વ, સુખત્વ અને
આત્મત્વની બુદ્ધિ તે બંધન છે.
તે બંધનમાંથી છૂટવાની ઇચ્છાના સાધનો એટલે
આત્માનું શ્રવણ, મનન તથા નિદિધ્યાસન છે.
નિદિધ્યાસનનું સાધન છે 'ત્વં તત્' આદિ પદશોધન.
'સાંખ્ય' એટલે સદસદ્ વિવેક.
'યોગ' એટલે ધ્યાન વડે ચિત્તવૃત્તિઓનો નિરોધ -
તે બંને એકબીજાને પૂરક છે.
નિરોધ અને વિવેક - બે મળીને તત્ત્વજ્ઞાન થાય છે.
તત્ત્વજ્ઞાન એટલે પાંચ તત્ત્વોથી પ્રત્યક્ષ આત્માને એટલે
ચૈતન્ય પૃથક્ કરી દેખાડવો. એ વિવેકનું ફળ તત્ત્વજ્ઞાન છે.
ધર્મ એટલે...
ઈશ્વરી રહસ્યનો અનુભવ કરવાનું સાધન એ માર્ગ.
અનુભૂતિ વિચારોથી પર છે.
સાપેક્ષ = Relative સંબંધિત. નિરપેક્ષ = absolute.
મૂળભૂત = original - real.
તાર્કિક શક્તિ વિરૂદ્ધ આધ્યાત્મિક વૃત્તિ છે.
વૈરાગ્ય એ આનંદનો નહિ પણ મોહનો વિરોધ છે.

अमृतस्य पुत्राः = અમરતાનાં સંતાન.

કર્તવ્યનું પાલન એ જ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે.

'અર્હં' એ ચૈતન્યનું એક પ્રકારનું સ્ફુરણ છે.

નિષ્ઠા = નિઃશેષ સ્થિતિ - તે શામાં છે?

નિઃશેષ સ્થિતિ વાસ્તવિક સ્થિતિ રૂપે ચેતનમાં જ છે.

પરમાત્મભાવ નાભિમાં અનુભવાય છે,
તે પશ્યંતીમાં જોવાય છે, મધ્યમામાં ભળાય છે અને
વૈખરીમાં સ્રવાય છે.

કુંડલિની રત્નત્રયી છે: મૂલાધાર તે સમ્યક્ત્વ,
સ્વાધિષ્ઠાન તે અંતરાત્મભાવ અને
અંતરાત્મભાવની નાભિ તે પરમાત્મા.
પરમાત્માનું હૃદય તે સર્વ વાત્સલ્ય.
વાત્સલ્યનો કંઠ તે 'સર્વ જીવો પરમાત્મસ્વરૂપ છે'
એવો વિશુદ્ધિ - મધુર ભાવ.

આત્મા એટલે જિનાત્મા અર્થાત્ વિશુદ્ધ પરમાત્મભાવ
જે સર્વગત છે, તેમાં રમણતા તે આત્મા
અને સાક્ષાત્કાર તે મોક્ષ.

o

Live and let live. Let others live
even at the cost of our own life.

આંતરિક ધર્મ એટલે...

સંન્યાસ લઈ આત્માનું મનન કરવું અને પોતાની
દુષ્ટ વૃત્તિઓને ધ્યાનરૂપી યજ્ઞમાં (અગ્નિમાં) હોમી દેવી.

<u>હિન્દુ ધર્મની મૂળ ભાવના કઈ?</u>

'વિશ્વમાં જે કાંઈ જોઈ શકાય તેવું છે,
દુન્યવી છે, તે જ સાચું છે' તેમ નહિ પણ
'આ લૌકિક પદાર્થોની પર એવું કોઈ અલૌકિક તત્ત્વ છે'
તે આધ્યાત્મિક સત્યમાં વિશ્વાસ કરવો,
તેનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરવો,
એ હિન્દુ ધર્મની અસલ ભાવના છે.

ભારતના અનેક દર્શનો તથા
તત્ત્વજ્ઞાનની પદ્ધતિઓમાં આ વિચાર જ પાયાનો છે.
બ્રહ્મા - વિષ્ણુ - મહેશ પછી વિષ્ણુ - શિવ - શક્તિ અને
એ ત્રણેનો અંતિમ સમન્વય નિરંજન - નિરાકાર એવા
બ્રહ્મતત્ત્વ - પરમાત્મતત્ત્વમાં થયો.

એક છેડે 'પત્થર એટલા દેવ' એમ માનનાર અજ્ઞાની
અને બીજે છેડે માત્ર 'બ્રહ્મ'ની ઉપાસના કરતો જ્ઞાની.
એ બે અંતિમ છેડાની વચ્ચે
ઉપાસનાના અનેક પ્રકારો પ્રચલિત થયા છે.

વેદ અપૌરૂષેય અર્થાત્ ઈશ્વરરચિત છે.
વેદના મંત્રોનું રહસ્ય જણાવનાર અને
તેનો યજ્ઞમાં કેવી રીતે ઉપયોગ કરવો,
તેની સમજ આપનાર 'બ્રાહ્મણ ગ્રંથો' છે.
ઈ.સ. પૂર્વે ८०० - વિવિધ કાવ્યો વડે અનેક દેવોની
સ્તુતિઓ અને તેની સંહિતાઓ તે શ્રુતિ યા વેદ છે.
તેની સંખ્યા ચાર છે. તેનો સમય ઈ.સ. પૂર્વે १५०० છે.
યજ્ઞના કર્મકાંડનું નિરૂપણ બ્રાહ્મણ ગ્રંથોમાં છે.
અરણ્યમાં બેસી મંત્રના ગૂઢ રહસ્યો ઉકેલવા
એકાંત અરણ્યમાં શોધ કરી, તે આરણ્યક ગ્રન્થો.
તેનો સમય ઈ.સ. પૂર્વે ५०० છે.
'યજ્ઞ કે વિશ્વ તે બ્રહ્મ યા આત્મતત્ત્વ છે'
આ સમજનો સંગ્રહ ઉપનિષદોમાં છે, તેને 'વેદાંત'
કહે છે. સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદો -
એ ચારેનું ભેગું નામ 'વેદ' છે.
વૈદિક ધર્મમાં બે વસ્તુ છે: ઉપાસના અને દર્શન.
દર્શન એટલે તત્ત્વજ્ઞાન અને ઉપાસના એટલે કર્મકાંડ.
દેવ એક છે પણ બ્રાહ્મણો તેને જુદાં જુદાં નામ આપે છે.
'एकं सद् विप्रा बहुधा वदन्ति ।'

# ઈશ્વર ઉપાસ્ય કેમ ?

'વિશ્વેશ્વર' એટલે સકળ વિશ્વ સાથે
એકાકાર થઈને રહેલા ઈશ્વર.

તેથી ઇષ્ટ આપનાર અને અનિષ્ટ હરનાર ઉપરાંત સમગ્ર વિશ્વના નિયંતા - નિયમનકર્તા અને વિશ્વના મૂળમાં તે જ છે. વિશ્વ પરમેશ્વરમાં ઓતપ્રોત છે, તેનાથી જુદું નથી, એ કારણે જ ઈશ્વર ઉપાસ્ય છે.

આત્મા એ જ બ્રહ્મ છે - વિશ્વ છે,
માટે તેની જ ઉપાસના કરો.

દેવો વિશ્વથી જુદા છે, એમ નહિ પણ આ વિશ્વ દેવમાંથી જ થયેલું છે અને અંતે ઈશ્વર કે સૃષ્ટિ તે આપણો આત્મા જ છે અને તેથી જુદું કાંઈ જ નથી,

માટે આત્માની જ ઉપાસના કરવી,
એવી ભાવના ઉપનિષદ કાળમાં વિકસી.
સ્થૂલ તત્ત્વોની ઉપાસનાનો લોપ થયો.
અગ્નિ, ઇંદ્રાદિ પ્રાકૃતિક દેવો ઉપાસનામાંથી વિદાય થયા.
પશુહિંસા નાબૂદ થઈ અને તેને સ્થાને
પૂજા - ધ્યાન - યોગ વગેરે મુખ્ય આવ્યાં.
એક ઈશ્વરની ભાવનાથી અવતારવાદ આવ્યો.

હિન્દુ ધર્મમાં સર્વ સ્થાને એમ મનાયું છે:
બધા પ્રતિષ્ઠિત દેવો એક જ ઈશ્વરના અવતાર છે.
પુરુષ દેવો વિષ્ણુ યા રુદ્રના અવતારો મનાયા અને
દેવીઓ શ્રી અથવા શક્તિના અવતાર મનાયા.
આનું માહાત્મ્ય ગણનારા રુદ્ર અને વિષ્ણુને
તેના અનુચર ગણવા લાગ્યા અને રુદ્ર વગેરેને મોટા
ગણનારાઓએ શક્તિને તેમના અંગભૂત માની લીધા.
જે મનુષ્ય કે પ્રાણીમાં
ઈશ્વર જેવી શક્તિ પ્રગટેલી જણાય, તેને ઈશ્વર
માનવામાં તાત્ત્વિક દૃષ્ટિએ જરા જ મુશ્કેલી પડી નહિ.
આમ વળી કે સકલ જગતના એક ઈશ્વર
અર્થાત્ સર્વેશ્વરની ભાવનાએ
સમગ્ર જીવ અને જડ જગતનું ઐક્ય રચી આપ્યું.
'બધું જ ઈશ્વરમય હોય તો દીનદુઃખી પણ ઈશ્વરમય છે,
તેથી દીનદુઃખીની સેવા પણ ઈશ્વરની સેવા જ છે'
એમ સંતોએ લોકોને સમજાવ્યું.
વેદ, પુરાણ, તંત્ર-ત્રણે સાહિત્યને પ્રમાણભૂત મનાયા.
ગીતામાં વેદની કે બ્રાહ્મણ ધર્મોની આંધળી ભક્તિ નહિ
પણ બુદ્ધિમાન મનુષ્યને ગળે ઉતરે તેવું ધર્મનું વર્ણન છે.

બ્રાહ્મણ અને આરણ્યક ધર્મમાં જે કાંઈ શ્રેષ્ઠ હતું,
તે સર્વનો આદરભાવે 'ગીતા'માં સ્વીકાર છે.
વેદના ચાર સંહિતાઓના પૂરકરૂપે
બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો છે.
યજ્ઞોનું નિરૂપણ કરનારા શ્રૌત સૂત્રો અને
ગૃહસ્થોના સંસ્કારોનું નિરૂપણ કરનારા ગૃહ્ય સૂત્રો
ઈ.સ. પૂર્વે - ૫૦૦ પછી રચાયાં.
બાદ ઈ.સ. પૂર્વે - ૪૦૦ પછી સ્મૃતિઓની રચના થઈ.
આ જ કાળે રામાયણ - મહાભારત રચાયાં.
ઈ.સ.ની બીજી સદીમાં રામાયણે તથા ઈ.સ.ની ચોથી
સદીમાં મહાભારતે તેનું વર્તમાન સ્વરૂપ ધારણ કર્યું.
'ગીતા' એ મહાભારતનો જ એક નાનકડો ભાગ છે.
પછી ૧૮ પુરાણો રચાયા, જેમાં ધર્મ અને તત્ત્વજ્ઞાન
ઉપરાંત બધી વિદ્યાઓના પરિચયનો સમાવેશ થયો છે.
પૂર્વોત્તર મીમાંસા, ન્યાય, વૈશેષિક અને સાંખ્યયોગમાં
તત્ત્વજ્ઞાનનો પણ સમાવેશ થયો. ઈસવીસનના પ્રારંભે
દર્શનોની શરૂઆત થઈ તથા કુલ મળીને છ દર્શનો થયા.
હિન્દુ ધર્મના કેટલાક ઉદાર આચાર તથા વિચાર ઉપર
જેની વિશિષ્ટ છાપ છે, તે ગ્રંથો 'તંત્રગ્રન્થો' કહેવાય છે.

ઉદ્દાલક, શક્તિસંગમ, મહાનિર્વાણ, કુલાર્ણવ વગેરેમાં
શક્તિની ઉપાસના અને યોગની સાધનાનો માર્ગ છે.

'વિશ્વના મૂળમાં એક વસ્તુ છે કે અનેક?'

આ દાર્શનિક ચર્ચાનો મુખ્ય વિષય છે.

કર્મવાદનો આખો આધાર ભેદવાદ છે.

આ મતમાં ઈશ્વર એ સૃષ્ટિનો કર્તા નથી.

બ્રહ્મસૂત્રના વ્યાખ્યાતાઓના મુખ્ય બે પ્રકાર છે:
તેમાં જેઓએ વિશ્વને બ્રહ્મના પરિણામરૂપ માન્યું છે,
તે ભર્તૃપ્રપંચ, મધ્વ, વલ્લભ અને રામાનુજ છે.

શંકરાચાર્યના મતે તો
બ્રહ્મ સિવાય બીજું જે પણ કંઈ છે, તે માયા છે.
તે બ્રહ્મનો પરિણામ નહિ પણ અજ્ઞાનના કલ્પેલો છે.
અજ્ઞાન દૂર થતાં માત્ર બ્રહ્મ જ રહે છે.

સાંખ્ય દર્શન વેદ નિરપેક્ષ તત્ત્વવિચાર કરે છે.
તત્ત્વવિચારમાં તે સૌથી પ્રાચીન છે.
પુરુષ અનેક છે, પ્રકૃતિ એક છે.

યોગદર્શન આચાર પ્રતિપાદક છે.
યોગદર્શને વૃત્તિઓ અને વાસનાઓના પાશમાંથી
આત્માને મુક્ત કરવા માટે સમાધિ માર્ગ બતાવ્યો છે.

બધા દર્શનોએ આ સમાધિ માર્ગને
પોતપોતાની રીતે સ્વીકાર્યો છે, પરંતુ યોગદર્શન એ
બધા જ દર્શનોના આચાર માર્ગનું નિરૂપણ કરે છે.

વૈશેષિક દર્શન ભેદવાદી છે.
દ્રવ્ય, ગુણ, કર્મ આદિ પરસ્પર ભિન્ન છે.

પ્રમેયો સાબિત કરવા ન્યાયદર્શનમાં પ્રમાણોની ચર્ચા છે.

ઉપનિષત્કાળમાં વર્ણ કરતાં આત્માના તેજને મહત્ત્વ મળ્યું.

યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં એમ કહ્યું છે કે:
શૂદ્રને જો તત્ત્વજ્ઞાન થાય,
તો તે પણ બ્રાહ્મણ જેટલો જ સન્માનને પાત્ર છે.

ઉચ્ચ વર્ણની સ્ત્રી નીચ વર્ણના પુરુષ સાથે પરણે,
તે પ્રતિલોમ લગ્ન ગણાતા અને
ઉચ્ચ વર્ણના પુરુષ નીચ વર્ણની સ્ત્રી સાથે પરણે,
તે અનુલોમ લગ્ન ગણાતા.

ગુપ્તકાળનું ચિત્ર અંગ્રેજોના સમય સુધી ચાલુ રહ્યું.

અર્થવૃત્તિ = સંપત્તિની માલિકી અને બળ ઉપર સત્તા.
કામવૃત્તિ = ભોગ ભોગવવાની વૃત્તિ.
બંને ઉપર ધર્મની લગામ જોઈએ,
તેથી વ્યક્તિ કે સમાજ જીવન કેવળ સ્વાર્થી ન બને.

આ ત્રણે પુરુષાર્થનો સંબંધ દુન્યવી જીવન સાથે છે.
આધ્યાત્મિક જીવનની પ્રકૃતિ મોક્ષપુરુષાર્થમાં રહેલી છે.
મોક્ષપુરુષાર્થ એટલે... સર્વ સંબંધોનાં બંધનો છોડીને
આધ્યાત્મિક શક્તિથી બ્રહ્મની પ્રાપ્તિ કરવી તે.
ગર્ભાધાનથી માંડીને મરણ પર્યંતના સંસ્કારો
જેવા ક્રિયાઓને ધાર્મિક રંગથી રંગી ઉચ્ચ હેતુ, કે જે
મોક્ષને સાથે જોડવાનો છે, એ માટે આશ્રમ વ્યવસ્થા છે.
જૈન - બૌદ્ધ ધર્મની અસર તળે વૈદિક - બ્રાહ્મણ ધર્મે
જે રૂપો લીધાં તે શૈવ, વૈષ્ણવ કે શાક્ત ધર્મો છે.
તે હિન્દુ ધર્મના પેટા ધર્મો છે.

હિન્દુ ધર્મ પ્રમાણે પાંચ પ્રકારના યજ્ઞ

બ્રહ્મયજ્ઞ = વેદપાઠ, પિતૃયજ્ઞ = શ્રાદ્ધ,
દેવયજ્ઞ = બંને સંધ્યાએ દીપ - હોમ,
ભૂતયજ્ઞ = પશુપંખી માટે બલિ,
મનુષ્યયજ્ઞ = અતિથિસત્કાર.

દેવઋણ ઉતારવા માટે કર્મયજ્ઞ,
ઋષિઋણ ઉતારવા માટે અધ્યયન,
પિતૃઋણ ઉતારવા માટે સંતતિનો શ્રેષ્ઠ ઉછેર તથા
મનુષ્યઋણ ઉતારવા માટે અતિથિનો સત્કાર કરવો.

## હિન્દુ ધર્મના પેટા ધર્મો

હિન્દુ ધર્મના પેટા ધર્મો પોતાના ઇષ્ટદેવને મુખ્ય માની
બાકી દેવોને પોતાના ઇષ્ટદેવના ભક્ત માની પૂજે છે.

વૈદિક સ્મૃતિઓને માને તે 'સ્માર્ત.'

શૈવધર્મ લિંગને પૂજે છે.

મહાદેવ, રુદ્ર, શંકર, પશુપતિ, શંભુ, શિવ વગેરે છે.
ભોળાભાવે ભલું કરવું, તે તેનો જીવનમંત્ર છે.
તે વૈરાગ્ય અને લોકકલ્યાણની ભાવનાના પ્રતીક છે,
'આશુતોષ' અથવા શિવનું નૈવેદ્ય શિવનિર્માલ્ય ગણાય છે.
શિવના પત્ની પાર્વતી તથા પુત્ર કાર્તિકેય અને ગણેશ છે.
એક દેવ પણ આદર્શ ગૃહસ્થનો એક નમૂનો હોય,
તે ગૃહસ્થાશ્રમની પ્રધાનતા સૂચવે છે.
પાર્વતી, દુર્ગા, કાલી, ભદ્રકાલી, અંબિકા - વગેરે છે.
ત્રિપુંડ્ર ≡ ત્રણ આડી રેખા. ત્રિપુંડ્ર એ બાહ્યચિહ્ન છે.
વૈષ્ણવ સંપ્રદાયને 'ભાગવત' ધર્મ પણ કહે છે. કૃષ્ણ
તથા રામ વિષ્ણુના અવતાર છે. અવતારનું મુખ્ય કાર્ય
અધાર્મિકોનો નાશ કરી પ્રજાને દુઃખમુક્ત કરવી તે છે.
વિષ્ણુ પ્રત્યે સ્વત્વનું શરણું આત્મફલિત છે. કૃષ્ણભક્તિ
અને રામભક્તિના આધારે અનેક સંપ્રદાયો થયા છે.

મત્સ્ય, કાચબો, વરાહ, તુલસી અને ગંગારૂપે નહીં
પરશુરામ, બુદ્ધ, કૃષ્ણ રૂપે રામના અવતારો છે, તેઓ
રામ જડ નહીં ચેતન - સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે.
આ ધર્મોમાં ભક્તિનું માહાત્મ્ય ઘણું છે.
તે ભાવ પરમાત્માને પામવાનું ઉત્કૃષ્ટ સાધન મનાય છે.
કૃષ્ણ પૂર્ણાવતાર છે, રામ અંશાવતાર છે.
બાળલીલા, રાસલીલા, કુળલીલા તે કૃષ્ણાવતારનું કાર્ય છે.
કૃષ્ણ પૂર્ણપુરુષોત્તમ તથા રામ મર્યાદાપુરુષોત્તમ ગણાય છે.
રામ એ આદર્શ પુત્ર, બંધુ, પતિ અને રાજા તરીકેની
આચારમર્યાદાનો ઉત્તમ આદર્શ પૂરો પાડે છે.
વૈષ્ણવો ઊભું તિલક કરે છે, તે વિષ્ણુનું પદચિહ્ન છે.
વિષ્ણુની પત્ની લક્ષ્મી તરીકે પૂજાય છે.
વૈષ્ણવ સંપ્રદાયના પેટા ભેદો - રામાનુજ, મધ્વ, વલ્લભ,
ચૈતન્ય મહાપ્રભુ અને સ્વામિનારાયણ આદિ છે.

न काष्ठे विद्यते देवो न पाषाणे न मृण्मये।
भावे हि विद्यते देवस्तस्माद्भावो हि कारणम् ॥१॥

<u>અર્થ</u>: લાકડાની, પથ્થરની કે માટીની પ્રતિમામાં
ભગવાન નથી, ભગવાન તો ભાવમાં રહેલા છે, માટે
(ભક્તિમાં) ભાવ જ કારણ છે.

શિવ જેટલું જ શક્તિનું પણ માહાત્મ્ય છે,
તેથી તે અર્ધનારીનટેશ્વર ગણાય છે.
શિવ અને રુદ્ર - એમ બે રૂપો જેમ શિવનાં છે,
તેમ સિત - અસિત એવાં બે રૂપો શક્તિનાં છે.
ઉમા, ગૌરી, લક્ષ્મી, સરસ્વતી વગેરે સૌમ્યરૂપ છે તથા
દુર્ગા, કાલી, ચંડી, ચામુંડા વગેરે રુદ્રરૂપો છે.
પૂજા માટે વામ માર્ગને મહત્ત્વ છે.
વામમાર્ગમાં શક્તિની પૂજા શિવની પત્ની તરીકે નહિ,
કિન્તુ મિથુન કર્મની અધિષ્ઠાત્રી તરીકે પૂજા થાય છે.
સર્જનશક્તિની આ દેવી અનેક ચમત્કારપૂર્ણ
શક્તિની અધિષ્ઠાત્રી મનાય છે.
સંન્યાસમાર્ગને તિલાંજલિ આપી સ્ત્રી - પુરુષને સમાન
કોટિએ મૂક્યાં, નાત-જાત કે સ્ત્રીપુરુષનો ભેદ ન મનાયો.
પંચ મકારનું સેવન આવશ્યક મનાયું.
મંત્રશક્તિ પ્રાપ્ત કરવા આ સાધનાનો ઉપદેશ અપાયો.
ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી થતી
આ ક્રિયાઓને લઈને હિન્દુ ધર્મ નીચે પડતો ગયો
અને પછી ધીમે ધીમે મૃતઃપ્રાય અવસ્થાને તે પામ્યો.
પં. દલસુખ માલવણિયા - જનકલ્યાણ, May, 1970

વૈરાગ્યાદિવિભાવો રમાદ્યનુભાવો
ધૃત્યાદિવ્યભિચારી શમઃ શાન્તઃ ।

સ્ફુટિ: વૈરાગ્યાદિ વિશિષ્ટ ભાવવાળો, રમાદિ અનુભાવવાળો, ધૃતિ આદિ ગુણવાળો અને અવ્યભિચારી તથા સમતાગુણવાળો 'શાન્ત' કહેવાય છે.

(૧) આલંબન વિભાવ

કંચન - કામિની પ્રત્યે વૈરાગ્ય તથા સંસારભીરુતા એવં
સંસારજુગુપ્સા તથા દુષ્કૃતગર્હા છે.
દેવ - ગુરુ સંબંધી તત્ત્વજ્ઞાન,
વીતરાગ પરિશીલન તથા પરમેશ્વરાનુગ્રહ
એ મોક્ષાનુરાગ તથા સુકૃતાનુમોદન છે.

(૨) ઉદ્દીપન વિભાવ - શસ્ત્રાગમન

દ્રવ્ય - સત્પુરુષો, સદ્ગ્રન્થો.
ક્ષેત્ર - તીર્થક્ષેત્રો, નિર્જન અરણ્યો.
કાળ - કલ્યાણક દિવસો - પર્વતિથિઓ.
ભાવ - ઉપદેશશ્રવણ તથા ગ્રન્થોના વાંચન - મનન
દ્વારા સાધકને પ્રાપ્ત થતું તત્ત્વજ્ઞાન.

(૩) અનુભાવ: સમિતિ, ગુપ્તિ, પંચ મહાવ્રત, અણુવ્રત, યમ - નિયમ અને મૂલગુણ - ઉત્તરગુણોનું સેવન.

(૪) <u>સંચારી લાભ</u>

ધૃતિ, મતિ, સ્મૃતિ, નિર્વેદ, સંવેગાદિ.
તત્ત્વજ્ઞાન વડે અશુભ વિષયો પ્રત્યે વૈરાગ્ય અને
શુભ વિષયો પ્રત્યે અનુરાગ કરવો.
અશુભ વિષયો રૂપરસાદિ અને શુભ વિષયો જ્ઞાનાદિ.
રૂપરસાદિના આધાર કંચનકામિન્યાદિ છે અને
શુભ વિષયોના આધાર દેવ - ગુર્વાદિ છે.
કંચનકામિન્યાદિના સ્વભાવ કટુ વિપાકોનું ચિંતન તથા
દેવ - ગુર્વાદિની પરમ ભક્તિથી
પરમાર્થ ફળદ જ્ઞાન - દર્શનાદિ પ્રાપ્ત થાય છે.
કંચન - કામિની આદિ પદાર્થોના રૂપ, સ્વરૂપ અને
અશુભ ફળનું ચિંતન કરવું,
દેવ - ગુરુ - ધર્માદિના રૂપ, સ્વરૂપ અને
શુભ ફળ વગેરેનું ચિન્તન કરવું તથા
સંસાર અને મોક્ષ - એ બંનેના રૂપ, સ્વરૂપ અને
ફળના ચિન્તન વડે તત્ત્વજ્ઞાન પેદા થાય છે.
એ તત્ત્વજ્ઞાન જ અતત્ત્વ પ્રતિ વૈરાગ્ય અને
તત્ત્વ પ્રત્યે ભક્તિ પેદા કરે છે.
ભક્તિ તે સંવેગ છે અને વૈરાગ્ય એ નિર્વેદ છે.

સંવેગ અને વૈરાગ્યની વૃદ્ધિ યમ - નિયમ આદિના
પાલન પ્રત્યે પ્રેરે છે અને યમ-નિયમાદિનું પાલન
ચિત્તવૃત્તિના નિરોધ રૂપ સમાધિને ઉત્પન્ન કરે છે,
જે શાંતરસરૂપ બની બ્રહ્માસ્વાદ સમ સુખને આપે છે.
વૈરાગ્યાદિવિભાવો શ્લોકમાં વૈરાગ્ય આદિ વિશિષ્ટ-
ભાવવાળા, યમાદિ અનુભાવવાળા, ધૃતિ આદિ ગુણોવાળા
અને અવ્યભિચારી, સમતાગુણવાન 'શાન્ત' કહેવાય છે.
અહીં 'વૈરાગ્ય' તથા 'આદિ' શબ્દથી સંસારભીરૂતા, તત્ત્વજ્ઞાન,
વીતરાગનું પરિશીલન, પરમેશ્વરનો અનુગ્રહ આદિ લેવા.
'યમ-નિયમ' અને 'આદિ' શબ્દથી મૂલોત્તર ગુણો તથા
સમિતિ - ગુપ્તિ - મહાવ્રતાદિ નિયમોને ગ્રહણ કરવા.
'ધૃતિ' અને 'આદિ' શબ્દથી મતિ, સ્મૃતિ, નિર્વેદાદિ લેવા.

તત્ત્વજ્ઞાન વડે સંસાર અને મોક્ષ ઉપરાંત
તેના હેતુ, સ્વરૂપ અને ફળનું જ્ઞાન થાય છે.
આ જ્ઞાનથી 'સંસાર' અર્થાત્ કર્મકૃત વિષમતા પ્રત્યે
અનાદર - અણગમો વગેરે પ્રગટે છે અને
'મોક્ષ' એટલે ધર્મ અને તેના હેતુઓ,
કે જે કર્મક્ષયનાં અસાધારણ કારણ છે,
તેના પ્રત્યે પ્રમોદ, અનુરાગ, આદર વગેરે પ્રગટે છે.

## શાંતરસની વિભાવના

આસ્રવના હેતુઓનો ત્યાગ અને સંવરના હેતુઓનું કૃતકારિતાનુમોદનાદિ ભેદ ભિન્ને મન - વચન - કાયાથી સેવન થાય છે, તે સેવન થવામાં જરૂરી ધૃતિ, મતિ, સ્મૃતિ આદિ સહકારી કારણો હોય છે, એથી થતો વાસનાનો ક્ષય, તૃષ્ણાનો અભાવ તે 'શમ' છે અને તેની વારંવાર ચર્વણા થવાથી શાંતરસની અનુભૂતિ થાય છે.

### તત્ત્વજ્ઞાન બે પ્રકારનું કાર્ય કરે છે:

અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિનો નાશ કરે છે અને તત્ત્વમાં તત્ત્વબુદ્ધિ પેદા કરે છે.

અનિત્યતાદિ ૧૨ ભાવના તત્ત્વજ્ઞાન સાથે જોડાયેલ છે, તે ૧૨ ભાવના નીચે મુજબ છે:

(૧) સંસાર સંધ્યારાગ જેવો, ઇંદ્રજાળ જેવો અને વિદ્યુતલતાની જેમ ચંચળ - અસ્થિર સ્વભાવવાળો છે.
(૨) સંસાર સ્વપ્નવત્ છે. (૩) સંસાર અદ્ભૂત નાટક છે.
(૪) કર્મ એ કેદખાનું છે. (૫) શરીર એ પાયખાનું છે.
(૬) ભવરૂપી ઘર અથવા જગત્ એ મુસાફરખાનું છે.
(૭) (૮) (૯) ધર્મનું પ્રત્યેક અંગ શુભ આસ્રવ, સંવર અને પૂર્વકૃત કર્મની નિર્જરા કરાવે છે.

(૧૦) (૧૧) (૧૨) ધર્મ રત્નત્રયસ્વરૂપ છે.

અરિહંતધર્મ સહિત ક્ષાન્ત્યાદિ દશવિધ યતિધર્મ સમગ્ર વિશ્વની ઉપર પોતાનું સમ્યગ્ પ્રભુત્વ ધરાવે છે, શ્રુતધર્મ લોકાલોકનું સ્વરૂપ યથાસ્થિત વર્ણવે છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ભવ અટવામાં અતિ દુર્લભ છે, તેનું અમૂલ્ય સાધન નમસ્કાર મહામંત્રની આરાધના છે.

## નમસ્કાર મહામંત્રની ભાવના

નમસ્કાર મહામંત્રની આરાધના અચિન્ત્ય પ્રભાવશાળી છે. તેમાં ધર્મપ્રશંસા અને ધર્મપ્રશંસાની પણ પ્રશંસા છે.

ધર્મપ્રશંસા તે બોધિ છે અને

ધર્મપ્રશંસાની પણ પ્રશંસા તે બોધિબીજ છે.

નમસ્કાર મંત્ર વડે જિનાજ્ઞાનું પાલન થાય છે તથા સંયમ - તપધર્મને આરાધનારાઓનું બહુમાન થાય છે. નમસ્કાર મહામંત્ર વડે રત્નત્રયધરોની ભક્તિ અને સંસારના ત્યાગીઓનું બહુમાન થાય છે.

નમસ્કાર મહામંત્ર વડે મોક્ષ, મોક્ષમાર્ગ ઉપરાંત મોક્ષમાર્ગના આરાધકો પ્રત્યે આદર કેળવાય છે અને સંસાર, સંસારના હેતુ અને તે હેતુના પણ હેતુઓ પ્રત્યે અનાદર સહિત ઉપેક્ષા કેળવાય છે.

અનિત્યતાદિ બાર ભાવનાઓનો ભંડાર અને
મૈત્ર્યાદિ ચાર ભાવનાઓની મહેક એ નવકાર છે.
નવકાર એ જ્ઞાન, ક્રિયા અને ભક્તિનો સમુચ્ચય છે.
આગમ દૃષ્ટિએ નમસ્કાર મહામંત્રમાં
વિનયગુણનું પાલન છે અને વિનય એ ધર્મવૃક્ષના
મૂળનું સિંચન છે તથા ધર્મનગરના પ્રવેશનું દ્વાર છે.
ધર્મપ્રાસાદ અને ધર્મમહેલનો મજબૂત પાયો છે.
મંત્રદૃષ્ટિએ નમસ્કારના વર્ણો
પરમ પવિત્ર છે, પવિત્ર પુરુષોના મુખમાંથી નીકળેલા છે
અને પરમ પવિત્ર એવા પરમેષ્ઠિ પદને પમાડનારા છે.
વર્ણવિભૂતિ બે પ્રકારે : અનાહત અને અક્ષર.
શબ્દશક્તિ અચિન્ત્ય છે. વાચકતારૂપે સંબંધ પ્રણિધાનનું
કારણ અને વાચ્યતારૂપે સબંધ પ્રણિધાન કરાવનાર છે.
શબ્દશક્તિ ધ્વનિરૂપે (Sound aspect)
અનાહત નાદ સુધી પહોંચાડનાર છે અને જ્ઞાનરૂપે
(light aspect) અક્ષર આત્મતત્ત્વને પમાડનાર છે.
સૌ પ્રથમ વર્ણોચ્ચાર (બહિર્જલ્પ - અંતર્જલ્પ),
પછી અનુચ્ચાર વર્ણવિભૂતિ, ત્યારબાદ
અનાહત નાદ અને અંતે અક્ષર જ્ઞાન - એ ક્રમ છે.

# तृण - दुग्ध - दधि अने नवनीत

तृणादपि सुनीचेन तरोरिव सहिष्णुना ।
अमानिना मानदेन कीर्तनीयो सदा हरिः ॥

અર્થાત્: તૃણ કરતાં પણ લઘુ થઈ, વૃક્ષની જેમ સહિષ્ણુ થઈ, માન વિનાના થઈ, બીજાને માન આપવાપૂર્વક સદા હરિનું કીર્તન કરવું જોઈએ.

નિગોદમાં તૃણતુલ્ય અવસ્થા હતી.

તે વખતે શ્રી સિદ્ધ ભગવંતની કૃપા થવાથી પુદ્ગલના ઉદયરૂપી ગાયના મુખથી ગ્રહણ થયું. તૃણરૂપી ઘાસ પુદ્ગલ રૂપી ગાયના મુખમાં જવાથી ત્રસપણું, પંચેન્દ્રિયપણું અને મનુષ્યપણારૂપી દૂધ થયું, તેમાં સદ્ગુરુનો સમાગમ થયો, જેમના સદુપદેશરૂપી છાશનું દૂધમાં મેળવણ થવાથી તેમાંથી દહીં ઉત્પન્ન થયું. તે દહીંનું જ્ઞાન અને ક્રિયા રૂપી મન્થાન વડે મન્થન થવાથી તેમાંથી અનુભવજ્ઞાન-સ્વસંવેદન જ્ઞાનરૂપી આત્મબોધ થયો. તે બોધરૂપી નવનીતને તપરૂપી અગ્નિથી તાવવામાં આવ્યું, તેમાંથી કેવળજ્ઞાન - કેવળદર્શન અને નિર્વાણના સુખરૂપી ઘી ઉત્પન્ન થયું. તે ઘીને જે ચાખે - આસ્વાદે - અનુભવે, તે પણ પુષ્ટિનો અનુભવ કરવા લાગ્યા.

## સર્વે પ્રકરણની વાણી - વ્રતની પરમ સાધના

તત્ત્વદૃષ્ટિએ વિચારીએ તો આપણે
આપણા ભાવને જ શબ્દો વડે સાંભળીએ છીએ,
શ્રુતિ વડે જોઈએ છીએ, મંત્ર વડે જપીએ છીએ.
ભાવ પોતે જ ધ્યેય - ભાવ પોતે જ ધ્યાતા બને છે
અને ધ્યાન પણ ભાવ પોતે જ બને છે.
ભાવ સર્વ ધ્યાનમય, સર્વ દેવમય, સર્વ જ્ઞાનમય,
સર્વ મંત્રમય, સર્વ રહસ્યમય, સર્વ સર્વસ્વમય બને છે.
એ ભાવ નાભિમાં ઝૂલવાય છે, પશ્યંતીમાં જોવાય છે,
મધ્યમામાં ભજાય છે અને વૈખરીમાં સંભળાય છે.
વૈખરી તે પરમાત્માનું અંતિમ વાણીમય સ્વરૂપ છે.
એ રૂપ તથા સાક્ષાત્ પરમાત્મરૂપમાં કશો જ ભેદ નહિ.
પરમાત્માની ધર્મશક્તિ તે જ પરા.
અચિન્ત્ય કુંડલિની તે જ જ્ઞાન - દર્શન - ચારિત્રશક્તિ.

4 stages of વાણી

Speaking = વૈખરી, Thinking = મધ્યમા,
Feeling = પશ્યંતી, Being = પરા.

o

The kindness is that sunshine,
in which all types of virtues grow.

## ૭ ચક્રોની વિભાવના

મૂલાધાર ચક્ર તે સમ્યક્ત્વ.

સ્વાધિષ્ઠાન ચક્ર તે અંતરાત્મભાવ.

નાભિચક્ર (અંતરાત્મભાવની નાભિ) તે પરમાત્મભાવ.

અનાહતચક્ર (પરમાત્માનું હૃદય) તે સર્વ વાત્સલ્ય.

વિશુદ્ધિચક્ર (વાત્સલ્યનો કંઠ) તે 'વિશ્વના સર્વ જીવો પરમાત્મસ્વરૂપ છે' એવો વિશુદ્ધ અને મધુરભાવ.

આજ્ઞાચક્ર તે જિનાજ્ઞા - વિશુદ્ધ પરમાત્મભાવ, જે સર્વજ્ઞાત છે, તેમાં રમણતા કરવી તે.

સહસ્રારચક્ર તે મોક્ષ - આત્માનું કર્મથી મુક્ત થવું તે.

અષ્ટપ્રવચન માતા - સકળ શાસ્ત્રનાં અષ્ટદલકમળો ૮ ચક્રો.

## 3 નાડી - ૪ ભાવના - તત્ત્વત્રયીની વિભાવના

(૧) સુષુમ્ણા - જિનાજ્ઞા - કરુણા (૨) ઈડા - મૈત્રી ભાવ
(3) પિંગલા - કરુણા તથા માધ્યસ્થ્યભાવ.

જીવગત કરુણાનું પરમાત્મગત કરુણા સાથે મિલન.

દર્શનથી જીવ દેવ થાય છે, જ્ઞાનથી ગુરૂ અને ધર્મથી ચારિત્ર બને છે. દેવપણે દર્શન પમાડે છે, ગુરૂપણે જ્ઞાન અને ધર્મપણે ચારિત્ર પમાડે છે.

એ રીતે જગતનું કલ્યાણ - યોગક્ષેમ કરે છે.

સમ્યગ્દર્શન એ ધ્રુવ સ્મૃતિનું આલંબન જ્ઞાન છે,
તે દેવ - ગુરુ - ધર્મનું નિરંતર સ્મરણ કરાવે છે.
દેવ એ નિજજ્ઞાન પરમાત્મતત્ત્વ છે,
ગુરુ તેનું અનુભવજ્ઞાન છે તથા ધર્મ તેમાં રમણતા છે.
સ્તુતિ એટલે કંઠગત ભાવમાં એકરૂપ થવું,
જપ એટલે હૃદયગત અનાહતમાં એકરૂપ થવું,
ધ્યાન એટલે નાભિગત મણિપુરમાં એકરૂપ થવું અને
લય એટલે મૂલાધારગત સ્વાધિષ્ઠાનમાં એકરૂપ થવું.
મનની આકૃતિરૂપે પરિણમેલ
નામ, સ્થાપના, દ્રવ્ય કે ભાવ પરમાત્મસ્વરૂપ છે.
મનોગત ચૈતન્ય જ તે તે આકારોને ધારણ કરે છે.
ચૈતન્ય પરમાત્મસ્વરૂપથી અભિન્ન છે.
જે પ્રણિધાનમાં વાચકનું આલંબન લીધા છતાં વાચક
કથંચિત્ ભિન્ન રહે, તેને 'સંભેદ પ્રણિધાન' કહે છે.
To ask = સમ્યગ્દર્શન - બોલવું.
To seek = સમ્યગ્જ્ઞાન - જાણવું.
To knock = સમ્યક્ચારિત્ર - અનુભવવું.
સવ્વં જાણાહિ પંડિએ । (આચારાંગ)
સમયં ગોયમ મા પમાએ । (ભગવતી)

સ્મૃતિ: ક્ષણ પણ ચિંતી જાણ, તેથી હે ગૌતમ !
એક સમયનો પણ પ્રમાદ ન કરીશ.

સાંખ્યના સત્કાર્યવાદની અપેક્ષાએ
આત્માની સિદ્ધત્વ પર્યાય અંદર રહેલી જ છે.
તે કારણમાં નવી ઉત્પન્ન થવાની નથી.
ત્યાં વિદ્યમાન રહેલી છે, તેનો જ આવિર્ભાવ થવાનો છે.
પરિણામી નિત્ય આત્મામાં એક અંશ સદા ધ્રુવ છે,
જે પરમાત્મરૂપ છે અને આ અંશ ભજવા - ભોગવા
માટે નહિ, કિન્તુ તે અંશ સદા અનુભવવા માટે છે.
પૃથગ્જનની દૃષ્ટિ પરિણામ ઉપર રહે છે, પરિણામી
ઉપર નહિ. યોગીની દૃષ્ટિ પરિણામી પર રહે છે, એને
વર્તમાન રૂપે જોવામાં આવે છે, ત્યારે અપૂર્વ આનંદને
આપનાર થાય છે, એવો આનંદ અન્યત્ર મળતો નથી.
શુભ ભાવમાં પરમાત્મભાવનો અંશ છે, શુભ પુરુષાર્થમાં
પરમાત્માના વીર્યનો અંશ છે, તે જ ઈશાનુગ્રહ છે.
વિનિયોગનું પ્રબળ દ્વાર સ્મૃતિ છે.
સ્મૃતિ કરીએ એટલે પરમાત્મામાં રહેલી
બધી સિદ્ધિઓનો વિનિયોગ કરવા તે તત્પર જ છે.
સૌથી શ્રેષ્ઠ સિદ્ધિ કરુણા છે.

કરુણાનો વિનિયોગ સ્મૃતિ દ્વારા નિરન્તર થતો રહે છે.
સ્મૃતિ એ દ્વાર છે,
દ્વાર વડે દ્વારિની અન્યથાસિદ્ધિ થઈ શકતી જ નથી.
સિદ્ધોનું ચૈતન્ય આપણાથી દૂર નથી.
તેનું સ્મરણ થતાંની સાથે જ તે પોતાનું
કરુણામય કાર્ય કરવા તત્પર બને છે.

'લોકસ્થિતિ' ચરણ

લોકના બનાવો, તેના ઉપર સત્તા ધર્મ મહારાજાની છે.
ધર્મનું 'हीनतयाऽवलोकनं |' એ મહાદોષ છે.
ધર્મનું લૌકિક ફળ ઇચ્છનાર
હીનતયા અવલોકન ફળની અપેક્ષાએ છે.
લોકસ્થિતિ ઉપર ધર્મનું પ્રભુત્વ ન માનનાર
ધર્મના સામર્થ્યની અપેક્ષાએ હીનાવલોકન કરનારો છે.
સ્વલ્પાદિ કરાતી ક્રિયા પણ જો દુરંત ફળવાળી મનાય છે,
તો ધર્મના સામર્થ્યનું હીનતયા અવલોકન તેથી પણ
વિશેષ દુરંત ફળને આપનારું છે, એમ કેમ ન મનાય?
સમ્યગ્દર્શન = હેયના ત્યાગની અને ઉપાદેયગ્રહણની ઝંખના.
સમ્યગ્જ્ઞાન = હેયપદાર્થનું હેય - ઉપાદેયરૂપે પૃથક્કરણ.
સમ્યક્ચારિત્ર = હેયનું હાન અને ઉપાદેયનું ઉપાદાન.

(૭) શત્રુ-મિત્ર, સુખ-દુઃખ, નિર્ગુણ-અવગુણ પ્રત્યે ઉત્કૃષ્ટ પરિણામ તે સમત્વ છે. મધુર પરિણામ મૈત્રીરૂપ હોવાથી શત્રુ-મિત્ર પ્રત્યે ઉત્કૃષ્ટતાને ધારણ કરે છે. તુલ્ય પરિણામ માધ્યસ્થ્યરૂપ હોવાથી સુખ-દુઃખ પ્રત્યે ઉત્કૃષ્ટતાને ધારણ કરે છે અને ખીર-ખંડયુક્ત પરિણામ પ્રમોદ અને કરુણારૂપ હોવાથી નિર્ગુણ-અવગુણ બન્ને પ્રત્યે ઉત્કૃષ્ટતાને ધારણ કરે છે. ઉત્કૃષ્ટતા તે સમત્વ છે.

સમત્વયુક્ત તે સામાયિક ધર્મવાન છે,

મૈત્રી તે પોતાના જેટલું જ બીજા જીવોનું હિતચિંતન.
પ્રમોદ તે સ્વગુણ જેટલો જ બીજાના ગુણોનો આદર.
કરુણા તે સ્વદુઃખ જેટલું જ પરદુઃખોનું અવગાહન.
માધ્યસ્થ્ય તે પોતાના અવગુણ જેટલું જ
બીજાના અવગુણો પ્રત્યે માધ્યસ્થ્ય.

સમતા એટલે... સ્વપર સમાનતા, સમાન બુદ્ધિ.

'બીજાનું હિત - બીજાનું અહિત,
બીજાના સુખ - બીજાનું દુઃખ નહીં,
બીજાના ગુણ - બીજાના અવગુણ -
એ સર્વ પોતાના જ હિત - અહિત છે,
પોતાના સુખ - દુઃખ છે, પોતાના ગુણ - અવગુણ છે'

એ વિચાર અનુક્રમે મૈત્રી, પ્રમોદ,
કારુણ્ય અને માધ્યસ્થ્યભાવનો પોષક બને છે.
પરમાત્માની પણ લીનોત્કૃષ્ટ અવસ્થા
એ કથિત રીતે માધ્યસ્થ્યને પોષક છે.
માધ્યસ્થ્યમાં પ્રાપ્ત જીવોની નિર્ગુણતા અને પુદ્ગલોની
પણ નિર્ગુણતા પ્રત્યે મધ્યસ્થતા ભાવવાની રીત છે.
પ્રમોદ, કરુણા અને મૈત્રીમાં ભાવના
ગુણ, દોષ અને હિતની આત્મતુલ્યતા ભાવવાની છે.
નિશ્ચયનયથી પર એ પર નહિ પણ કથંચિત સ્વ પણ છે.
સ્વ - પરનો ભેદ એ વ્યવહારનયથી છે.
નિશ્ચયનયથી ચૈતન્ય પરમાત્માની દૃષ્ટિએ
વિચારતાં સ્વપરનો ભેદ રહેતો નથી.
ચૈતન્યરૂપથી સર્વ જીવોની એકતા છે, તેથી એકનું દુઃખ
કે સુખ, અવગુણ કે ગુણ - એ સર્વનું દુઃખ, સર્વનું
સુખ, સર્વનો અવગુણ, સર્વનો ગુણ બની જાય છે.
પુણ્ય - પાપમાં પણ પછી સ્વપરનો ભેદ રહેતો નથી.
એકનું પુણ્ય બધાને લાભકારક છે અને
એકનું પાપ બધાને અહિતકર પણ બને છે, તેથી
આ નય સર્વ જીવોના અભેદને સૂચવે છે.

જેમ ભગવાન પોતા માટે છે, તેમ જ ભગવાન સર્વ માટે
ન થાય, ત્યાં સુધી આનન્દ ધર્મનો સાક્ષાત્કાર થતો નથી.
આનન્દ વિનાનું વિરક્તિ ખ પુષ્પવત્ - આકાશકુસુમવત્ છે.

યાવત્ ન વાક્ મનસિ સમ્પદ્યતે, મનઃ પ્રાણે,
प्राणस्तेजसि, तेजः परस्यां देवतायां तावत् जानाति ।

ભાવાર્થ કે વાણી મનમાં, મન બુદ્ધિમાં, બુદ્ધિ પ્રાણમાં
અને પ્રાણ આત્મામાં લીન થવાની એક પ્રક્રિયા છે.
તે ભિક્ષા વખતે થાય, તેમ મરણ વખતે પણ થાય છે,
એનું જ્ઞાન એ યથાર્થ જ્ઞાન છે.

ચિત્તની પ્રસન્નતા કે અપ્રસન્નતા સ્વાવલંબી છે,
તે પરિસ્થિતિ, કાર્ય કે સમાજ ઉપર અવલંબિત નથી.
પ્રતિકૂળ પરિસ્થિતિમાં અપ્રસન્નતા અને અનુકૂળ
પરિસ્થિતિમાં જે પ્રસન્નતા રાખી શકાય છે, તે તો
ચિત્તનો સ્વભાવ છે. 'પરિસ્થિતિ' એટલે બાહ્ય કુદરત,
અતિવૃષ્ટિ - અનાવૃષ્ટિ આદિ ઈશ્વરનિર્મિત કાર્યક્રમ અને
અનુકૂળ - પ્રતિકૂળ સામાજિક વાતાવરણ.

°

The tree lies in its seeds.
A man becomes as he thinks. man
is an architect of his own destiny.

# Eternal time & Infinite space




## આજનો પાપી કાલનો સંત

સત્યાનુભૂતિમાંથી કરૂણાની દૃષ્ટિ જન્મે છે.
એ દૃષ્ટિમાંથી આજનો પાપી કાલનો સંત બને છે.
કરૂણાદૃષ્ટિ પ્રાપ્ત કરનારની દૃષ્ટિ દિવ્ય બની જાય છે.
તે ઈશ્વરને, જગતને, જગન્નિયંતાને અને
તેના અદ્ભૂત લીલાને પળવારમાં સમજી લે છે.

## સ્વર્ગ અને નરક

પ્રત્યેક મનુષ્ય પોતાની પાસેનું સર્વસ્વ
બીજાને આપી દેવાની વૃત્તિ રાખે, તેનું નામ સ્વર્ગ.
પ્રત્યેક મનુષ્ય બીજાનું સર્વસ્વ
લૂંટી લેવાની દાનત રાખે, તેનું નામ નરક.
ચિત્તસ્વાસ્થ્ય એ સ્વર્ગ છે,
તેનાં કારણ દાન - દયા - પ્રેમ છે.
ચિત્તનું અસ્વાસ્થ્ય તે નરક છે,
તેનાં કારણ અસત્ય - નિર્દયતા - નિષ્ઠુરતા છે.

## મૃત્યુ એક મહોત્સવ : To die is to settle.

દર્દથી મોત નહિ પણ મોતથી દર્દ આવે છે.

અકસ્માત નડે ત્યારે મોત આવવાનું છે માટે દર્દ ઊપડે છે.

દર્દથી કે અકસ્માતથી માણસ મરે છે એમ નહિ, પરન્તુ 'મરણ આવવાનું છે માટે દર્દ થાય છે, અકસ્માત થાય છે' એમ માનવું ઉચિત છે.

જન્મ-મરણ એ કુદરતનો વ્યવસ્થિત ક્રમ છે.

ઈશ્વરની કોઈ ખાસ જગ્યા હોય તો માણસનું દિલ છે.

અંતર્યામી દિલની અંદર વસે છે.

નિયમિત દેવળમાં જનાર એ પોતાના હૃદયમાં વસેલા દેવની પિછાન નહિ કરી શકે તો જિંદગી વ્યર્થ જશે.

અંતરમાં વસે તે અંતર્યામી.

ખુદને ભૂલે, તેના પાસે ખુદા આવે.

સમય એ કેવળ પૈસા કમાવવા માટે જ નહિ, કિન્તુ સુકૃત્યો કરવા અને તે દ્વારા 'આત્માની ઓળખ' કરવા માટે છે.

મૃત્યુ એ આત્માના પ્રિયતમનું દ્વાર છે.

જીવનમાં જેને આધ્યાત્મિકતા વહાલી લાગી છે, તેમને માટે મૃત્યુ એ ખરેખર નવા ઉચ્ચ જીવનનું સોપાન બને છે.

નામ તેનો નાશ છે પણ સાથે અનંતતા પણ છે.

## અનંતતાનો વિચાર

નાશના વિચારથી થતી ગભરામણનો નાશ કરે છે.
અકબરે પોતાના મકબરા ઉપર લખાવ્યું કે:
'હે ઈશ્વર! તું અને તારું નામ -
જે જ માત્ર સત્ય અને સનાતન છે.'
મનને માન્યતાઓથી અને એષણાઓથી મુક્ત કરી,
એટલે મન ગળી જશે અને
માત્ર ચેતન, આનંદ અને જીવન રહેશે.
મૃત્યુ એ જીવનનો અંત નહિ, અનંત પ્રતિનું પ્રયાણ છે.
મૃત્યુ માર્ગ દ્વારા વધુ ઉચ્ચતર જીવનમાં પસાર થવાનું છે.
મૃત્યુ = અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશમાં જવાની ક્રિયા.
દેહ ઉપર કુદરતનું ઋણ તેનું નામ મૃત્યુ.
મૃત્યુ દ્વારા જ આત્માના અમરપણાનું જ્ઞાન થાય છે
અને દેહના નાશવંતપણાનું ભાન થાય છે.
મૃત્યુના અનેક ઉપકાર છે, તેમાં એક એ કે મૃત્યુ દ્વારા
જર્જરિત દેહથી મુક્તિ અને નવા સુંદર દેહની પ્રાપ્તિ.
બીજો ઉપકાર એ છે કે ઊંચ - નીચના ભેદ ટાળીને
સમપણાની તથા પવિત્રતાની જાળવણી.

મૃત્યુને મિત્ર માનો, દુશ્મન નહિ.

મૃત્યુને આવકાર આપો, ધિક્કારો નહિ.

*Entry in death is for restoration.*

અજ્ઞાનરૂપી કાળરાત્રિના અંધકારમાંથી
જ્ઞાનરૂપી નવજીવનના પ્રકાશમાં મૃત્યુ જ પહોંચાડે છે.

'વર્તમાન જીવન સુખપૂર્વક જીવી શકાય,
તે માટે જ પૂર્વના જન્મોથી અને મૃત્યુ પછીના જન્મોથી
માનવીને અજ્ઞાન રાખેલ છે' એમ માનવું.

વર્તમાન જીવન એવી રીતે જીવો કે
મૃત્યુ દ્વારા દિવ્યજીવનના દ્વાર ખૂલી જાય.

<u>મૃત્યુ સમયે સગાં - સ્નેહીથી છૂટાં પડવાનું દુઃખ થાય છે,
તેના બદલે પરમતત્ત્વમાં ભળી જવાનો હર્ષ થવો જોઈએ.</u>

'મૃત્યુ દ્વારા આપણે દૂર દૂર જઈ રહ્યાં છીએ'
તેમ થવાને બદલે 'આપણે જ મૂળ સ્વરૂપની પાસે
પહોંચવાની ક્રિયા થઈ રહી છે' એમ માનવું ઉચિત છે.

'મૃત્યુ સમયે વાઘ - ડગલું સ્વરૂપ છોડીને મૂળ - શુદ્ધ
સ્વરૂપ પામવાનો ઉત્સવ થઈ રહ્યો છે' એમ માનો.

મૃત્યુ એ નિદ્રા નહિ પણ આત્મજાગૃતિ છે,
માટે મૃત્યુને પ્રેમથી આવકારો.

મરણ પહેલાં આત્મા છે, પછી દેહ છે.
દેહ એ આત્માનું ખોળિયું છે. ખોળિયાનો નાશ થશે
પણ આત્મા અજર - અમર - અવિનાશી રહેશે.
જ્ઞાનીને મન મૃત્યુ એ આશીર્વાદ સમાન છે,
અજ્ઞાનીને મન તે આપદ્રૂપ છે.
જ્ઞાની આત્માની અમરતાને જુએ છે,
અજ્ઞાની દેહની નશ્વરતાને રડે છે.
નશ્વર વસ્તુના ભોગે અવિનશ્વર વસ્તુ મેળવવાનો
છેવટનો ઉપાય સમાધિપૂર્વકનું મૃત્યુ છે.
મૃત્યુ સમયે સમાધિ તો જ મળે,
જો તેને ત્યાગનો મહોત્સવ માનવામાં આવે.
સ્વવશપણે સર્વસ્વનો ત્યાગ ન કરી શકનારને
સર્વસ્વનો ત્યાગ કરવાની અમૂલ્ય તક પૂરી પાડનાર
મૃત્યુ સમાન બીજી કઈ વસ્તુ છે?

દુઃખં દુષ્કૃતસંક્ષયાય મહતાં ક્ષાન્તેઃ પદં વૈરિણઃ ।
કાયસ્યાઽશુચિતા વિરાગપદવી સંવેગહેતુઃ જરા ।
સર્વત્યાગમહોત્સવાય મરણં જાતિઃ સુહૃત્પ્રીતયે ।
સંપદ્ભિઃ પરિપૂરિતં જગદિદં સ્થાનં વિપત્તેઃ કુતઃ ॥૧॥

(પરિશિષ્ટ-૧૩)

સાધુધર્મની પરિભાવના વિના શ્રાવકધર્મ ટકતો નથી.
શ્રાવકધર્મને ટકાવવા સાધુધર્મની પરિભાવના અને
સમ્યગ્દર્શન ગુણને ટકાવવા માટે યોગાભિલાષ જરૂરી છે.

યોગાભિલાષ = સ્વાત્મોપલબ્ધિ,
અર્થાત્ આત્મશક્તિઓની સિદ્ધિ.

આખું હિત સ્વાત્મોપલબ્ધિમાં છે, સ્વસ્વરૂપ પ્રાપ્તિમાં છે.

'પરબ્રહ્મણ્યસ્મિંશ્ચિન્મયજ્યોતિસ્ફુરણેનૈવ
સર્વક્રિયાણાં સાફલ્યાત્ ।'

અર્થાત્: 'પરબ્રહ્મ' નામની ચિન્મય જ્યોતિ
પ્રકાશિત થવામાં જ સર્વ ક્રિયાની સફળતા છે.

સિદ્ધિ નિઃસીમ, કાળથી અનંત, દ્રવ્યથી પૂર્ણ
અને ગુણથી એક એવું આત્મતત્ત્વ,
તેનું ભાન થાય, ત્યારે લઘુતાગ્રંથિ છૂટી જાય છે.

o

'Namo' means to relax & remind ourselves that there is a source of life, centre of our being, which is soul itself. Turn it on. Accept it by faith & observe the operations, only good, no evil.

નિરતિશય સુખનું કારણ એક માત્ર પરમાત્મા છે,
ધન, સ્ત્રી, પુત્ર, મકાન, જાગીરાદિ માયિકપદાર્થો દુઃખરૂપ છે.
સાચો યોગી તે છે કે જે શાસ્ત્રાભ્યાસ કરી, શ્રવણ,
મનન, નિદિધ્યાસન વડે બ્રહ્મ - ઈશ્વરસાક્ષાત્કાર કરે છે.

પરમાત્માના ગુણાનુવાદથી

વક્તાની વાક્શુદ્ધિ અને શ્રોતાની ચિત્તશુદ્ધિ થાય છે.
ગ્રન્થનું પ્રયોજન લેખક તથા વાચકની બુદ્ધિની શુદ્ધિ છે.

## પ્રણવનો પ્રભાવ

સર્વ પ્રકારના મંત્રોનો આવિર્ભાવ અને તિરોભાવ
ઓંકાર અને નમસ્કારમાં થાય છે, તેથી તે ઉત્તમમંત્ર છે.
'મંત્ર' એટલે વિચાર - મનન. 'તંત્ર' એટલે ક્રિયા.
વિસ્તાર - વિચારપૂર્વકની યોજનાથી જ ફળીભૂત થાય છે.

મંડૂક = દેડકો - છલાંગ મારીને ચાલે તે.

વૃત્તિ પણ મંડૂકની જેમ કૂદકા મારે છે. વૃત્તિ વડે જે
મુમુક્ષુ માયા અથવા અવિદ્યાથી પર એવા પરમાત્માને
પકડી લે, તેની વૃત્તિ પરમાત્મામાં શીઘ્ર સ્થિર થાય.
પરમાત્મા ત્રિગુણાત્મક માયા અને અવિદ્યાથી પર છે.
તેને પકડવા માટે આપણી વૃત્તિ ચંચળતારહિત સ્થિર
અને મલિનતારહિત શુદ્ધ થવી જોઈએ.

# સ્થિર - શુદ્ધ અને સૂક્ષ્મવૃત્તિ

આપણી વૃત્તિ સ્થિર અને શુદ્ધ થયા પછી
તેને સૂક્ષ્મ પણ બનાવવી જોઈએ.
સ્થિર થવા માટે વિવેક, શુદ્ધ થવા માટે વૈરાગ્ય અને
સૂક્ષ્મ થવા માટે વિનયપૂર્વક શ્રવણ-મનનાદિ સાધન છે.
શ્રવણ - મનનાદિનાં સાધન શમ - દમ - ઉપરતિ -
તિતિક્ષા - શ્રદ્ધા - સમાધાનાદિ કહેલાં છે.
શાસ્ત્રોનો પ્રતિપાદ્ય વિષય અદ્વૈતબ્રહ્મ છે કે દ્વૈતપ્રપંચ?
જો અદ્વૈત જ હોય તો દ્વૈત જગતનું વર્ણન કેમ?
કર્મ - ઉપાસનાનો પ્રપંચ શા માટે?
પ્રત્યક્ષ પ્રમાણસિદ્ધ વિશ્વ પ્રપંચ દેખાય છે, તેનું કેમ?
જીવ - બ્રહ્મ વચ્ચે ભેદ દેખાય છે, તે સત્ય કે અભેદ?
જો અભેદ સત્ય હોય,
તો જીવમાં કામ - ક્રોધ - લોભ - મોહાદિ વિકારો કેમ?
ક્ષુધા - તૃષા, સુખ - દુઃખનો અનુભવ શાથી?
જીવ અલ્પજ્ઞ - અલ્પશક્તિવાળો શાથી?
આ જાતની અસંભાવનાઓ તથા વિપરીત ભાવનાઓનું
નિરાકરણ કરવા માટે શ્રવણ પછી મનન અને છેવટે
નિદિધ્યાસનની આવશ્યકતા છે.

શ્રવણ માટે વેદાન્ત તથા ઉપનિષદ,
મનન માટે ન્યાય તથા વૈશેષિક અને
નિદિધ્યાસન માટે સાંખ્ય તથા યોગ ઉપકારક છે, જેથી
અસંભાવના અને વિપરીત ભાવનાઓ નાશ પામે છે.
જે જીવ જન્મ - આવવાવાળા સુખ - દુઃખો છે, તેનો
સીધો સંબંધ શરીર, ઈંદ્રિયો અને અંતઃકરણની સાથે છે,
આત્મા સાથે લેવા-દેવા નહિ. અનાદિ અવિદ્યાજન્ય
વાસનાને લઈને દેહાદિના સુખ-દુઃખ આત્માના ભાસે છે.
'આત્મા તો પુણ્ય-પાપ, સુખ-દુઃખ, ક્ષુધા-તૃષારહિત છે
અને તે સર્વદા આનંદ છે' આમ સમજવામાં આવે
અને તે સમજ દૃઢ થાય, તો દેહમાં જ વસવા છતાં
તેને સુખ-દુઃખાદિ ધર્મો બાધક થતાં નહિ.
જેના આનંદના એક બિંદુ વડે સંસારના બધા જીવો
આનંદિત થાય છે અને જેની ચેતનાના એક સ્ફુરણ
વડે જડ જગત પણ સ્ફૂર્તિવાળું પ્રતીત થાય છે, એવા
આત્માને દુઃખ કે પીડાનો સ્પર્શ પણ ક્યાંથી હોય?

दुःखं तु अविद्यानिर्माणमिति न विद्वानवाप्नोति ।

અર્થાત્: 'દુઃખ અવિદ્યાજન્ય છે'
એમ જાણનારો વિદ્વાન દુઃખને પામતો નહિ.

પૌર્વાપર્યાલોચનયા રજ્જાવિવ ભુજંગ

ઇત્યત્રતાત્પર્યમવગમ્યતે ।

શુદ્ધ - બુદ્ધ - નિત્ય - મુક્તસ્વરૂપ અદ્વૈતબ્રહ્મમાં આ
સંપૂર્ણ દૃશ્ય પ્રપંચભ્રાંતિથી પ્રતીત થતાં
દોરડામાં સાપની જેમ વિવર્તરૂપે પ્રતિભાસીત થાય છે.
પ્રભુના નામ - રૂપ વડે મિથ્યા નામ - રૂપ નાશ પામે.

<u>પ્રણવ નાદ અર્થે પરમાત્માનો પરિચય</u>

પ્રાણની શ્વસનક્રિયામાંથી ઓંકારનો જે અસ્પષ્ટ નાદ
- ધ્વનિ બહાર આવે છે, તે નાદબ્રહ્મ કે શબ્દબ્રહ્મ છે.
યંત્રનું મધુર સંગીત જેમ ગાયકને બતાવે છે,
તેમ આ ધ્વન્યાત્મક પ્રણવ નાદ પ્રાણમાત્રની અંદર
બિરાજેલા પરમાત્માનો પરિચય આપે છે.

<u>પ્રત્યેક જીવના શ્વાસની સંખ્યા પ્રતિદિન ૨૧૬૦૦ થાય છે.</u>
<u>૨૪ કલાકમાં સહજ માનસ જાપ ૧૦૮૦૦૦ થાય છે.</u>
તેનો <u>ખ્યાલ ઉપાસનાને આવે છે,</u>
તે <u>માટે શાસ્ત્રોમાં ૧૨૦૦૦ જપનું વિધાન</u> છે.

સહજ નીકળતાં પ્રણવ કે જે સોઽહંનું જ સંક્ષિપ્ત રૂપ છે
અને શ્વાસોચ્છ્વાસની ગમનાગમન ક્રિયામાંથી જ તે
ઉત્પન્ન થાય છે, તેના ઉપર મન કેન્દ્રિત કરવાથી

મનની ચંચળતા નાશ પામે છે અને
આપણું મન ધ્યેયમાં સ્થિર થઈ શકે છે.
આને 'અજપા ગાયત્રી' કહે છે.
તેમાં સ્નાન, શૌચ, દિશા, કાળ, આસન, મુદ્રા, માળાદિ
બાહ્ય ઉપકરણોની જરૂર પડતી નથી,
છતાં મનમાં મંત્રનો અખંડ જાપ ચાલુ જ રહે છે.
અંતર્મુખ સાધકને બાહ્ય ઉપકરણો વિઘ્નરૂપ છે.
જેના પ્રત્યેક શ્વાસમાંથી પ્રણવનો અખંડ પ્રવાહ પ્રવાહિત
થતો રહે, તેના અવિદ્યાજન્ય બંધન કપાઈ જાય છે.
(માત્ર) ઉપયોગ રાખવાની જરૂર છે.

ઓંકારમાં પાંચ માત્રાઓ છે: अ, उ, म, ◡ તથા ०.

अ = બ્રહ્મા, उ = વિષ્ણુ, म = મહેશ,
◡ = શક્તિ (માયા) તથા ० = બ્રહ્મ.

વ્યષ્ટિ

अ = જાગ્રત, उ = સ્વપ્ન, म = સુષુપ્તિ,
◡ = અજ્ઞાન (અવિદ્યા) તથા ० = સાક્ષી.

સમષ્ટિ

अ = ઉત્પત્તિ, उ = સ્થિતિ, म = લય,
◡ = માયા (પ્રકૃતિ) તથા ० = બ્રહ્મ (કૂટસ્થ).

## કોનો લય શેમાં કરવો ?

અ નો લય ઉ માં કરવો, ઉ નો લય મ માં કરવો,
મ નો લય અર્ધમાત્રામાં, અર્ધમાત્રાનો લય બિંદુમાં કરવો.

અહીં સમષ્ટિ -

ઉત્પત્તિનો લય સ્થિતિમાં, સ્થિતિનો લયમાં,
લયનો માયામાં અને માયાનો લય બ્રહ્મમાં કરવો.

તથા વ્યષ્ટિ -

જાગ્રતનો સ્વપ્નમાં, સ્વપ્નનો સુષુપ્તિમાં, સુષુપ્તિનો અજ્ઞાનમાં અને અજ્ઞાનનો સાક્ષી ચૈતન્યમાં લય કરવો. વ્યષ્ટિ અને સમષ્ટિ ઉપાધિનો લય અધિષ્ઠાનમાં થયા પછી જે શેષ સાક્ષી તથા બ્રહ્મ રહે, તે બંનેની અભિન્નતાસૂચક 'તત્ત્વમસિ ।' આદિ મહાવાક્યો છે.

આને શાસ્ત્રીય ભાષામાં બાધસામાનાધિકરણ્ય અને મુખ્ય સામાનાધિકરણ્ય કહે છે.

અધિષ્ઠાનની સત્તાથી ઈશ્વરોપાધિમાયા અને જીવોપાધિ અવિદ્યાના મિથ્યાત્વનો નિશ્ચય તે બાધસામાનાધિકરણ્ય તથા ઉપાધિના મિથ્યાત્વનો નિશ્ચય થયા પછી ઈશ્વર સાક્ષી ચૈતન્ય અને જીવ સાક્ષી ચૈતન્યની એકતા અને અભિન્નતાનો નિશ્ચય તે મુખ્ય સામાનાધિકરણ્ય છે.

ન્યાયની ભાષામાં તેને 'અન્યથ વ્યતિરેક' અને
સામાન્ય ભાષામાં અસત્‌નો અભાવ - સત્‌નો ભાવ કરે છે.
<u>પ્રલયના બે ભેદ : ખંડપ્રલય અથવા પ્રાકૃતિકપ્રલય અને</u>
<u>મહાપ્રલય અથવા આત્યંતિકપ્રલય.</u>
પ્રાકૃતિક પ્રલયમાં આવાગમનની પરંપરા કાયમ રહે છે,
આત્યંતિક પ્રલયમાં પુનરાગમનનો અવધિ, અભાવ છે.
સંસાર જગતનો હોય કે ઈશ્વરનો પણ તે સંકલ્પમય છે.
તે નામ - રૂપની કલ્પના વિવર્ત્ત બીજું નહિ.
જેમ મરૂભૂમિથી મૃગજળ કે સાગરથી તરંગ જુદા નહિ, તેમ
સાક્ષીબ્રહ્મથી સંકલ્પ - વિકલ્પ ભિન્ન નહિ. પરમાત્મા
આ સાક્ષીબ્રહ્મ વિવર્ત્તની વસ્તુનો અવધિ, અભાવ છે.
<u>અભેદોપાસકની દૃષ્ટિમાં</u>
<u>સર્વત્ર તથા સર્વદા એક પરમાત્માની જ સત્તા હોય છે.</u>
બ્રહ્મભૈરૂપમાં ગયેલા અભેદોપાસકના સંકલ્પમાં એવી
અદ્‌ભુત શક્તિ હોય છે કે તે જે પણ કામના કરે,
તે તે સર્વ પદાર્થ તેના સંકલ્પથી જ સિદ્ધ થાય છે.
અખંડ બ્રહ્મચર્ય અને તીવ્ર તપ વડે
પુરુષ આત્મા બ્રહ્મભૈરૂપમાં જાય છે અને
તેમનું પુનરાગમન પણ થાય છે.

ઈશસૃષ્ટિ = ધર્મકૃતસૃષ્ટિ.

સૂર્ય, ચંદ્ર, સમુદ્ર, સરિતા, વનસ્પતિ તથા પ્રાણીજગતની રચનાનો થોડો ખ્યાલ આવતાંની સાથે જ જીવની અહં-મમની ગાંઠ બરફના ટુકડાની જેમ ઓગળી જાય છે.

'નાહં કર્તા, હરિઃ કર્તા ।'

જીવન કે જગતમાં જે કાંઈ ચમત્કારિક ઘટનાઓ ઘટે છે,
તે ઈશકૃત હોવાથી મંગળરૂપ જ હોય છે, કેમકે
ઈશ યા પ્રકૃતિ હંમેશાં દયાળુ, ન્યાયી અને સર્વજ્ઞ છે.
આપણી જીવની ઈચ્છા મુજબ થાય,
તો અમંગળ જ હોય પણ તેમ નહિ થતું, કિન્તુ
સર્વજ્ઞ - સર્વદર્શી ઈશનું જ વિધાન થાય છે,
તે સર્વદા - સર્વથા કલ્યાણકારી જ હોય છે.
આવી દૃઢ શ્રદ્ધા મુમુક્ષુને અને જ્ઞાનીને હોય છે.

જેના દર્શન અને સ્મરણમાત્રથી
ઉપાસક સાધક માટે કામનાથી મુક્ત થાય છે અને
ઉપાસ્યસ્વરૂપ બને છે, તે પરમાત્માને પ્રસન્ન કરવાને
માટે આપણી પાસે પ્રેમાળ વિશ્વાસ બીજું શું છે ?

પ્રેમસ્વરૂપ પરમાત્મા અમારા ઉપર સર્વદા પ્રસન્ન રહો.
આપો તેનો પ્રેમાળ છાંયડો.

ક્રિયામાર્ગ એ કીટિકા (કીડી) માર્ગ છે અને
જ્ઞાનમાર્ગ એ વિહંગમ (પંખી) માર્ગ છે અથવા
જ્ઞાનમાર્ગ એ પિપીલિકા (કીડી) માર્ગ છે અને
ભક્તિમાર્ગ એ વિહંગમ (પંખી) માર્ગ છે.

ભક્તિમાર્ગમાં શુદ્ધ સ્વરૂપને પામેલા પુરુષોનું આલંબન હોવાથી પક્ષી જેમ વૃક્ષની ટોચ ઉપર રહેલાં ફળને એક કુદકે મેળવી શકે છે, તેમ પ્રભુ મેળવાય છે. જ્ઞાનમાર્ગમાં પોતે પોતાનું આલંબન હોવાથી અને પોતે અશુદ્ધ સ્વરૂપથી ઘેરાયેલ હોવાથી ક્રમશઃ ગતિ કરવી પડે છે, તેથી તે પિપીલિકા માર્ગ બને છે. ભાવશૂન્ય ક્રિયા એ પિપીલિકા માર્ગ અને તાત્ત્વિક પક્ષપાત વિહંગમ માર્ગ છે. ગૃહસ્થધર્મ કિટિકા માર્ગ છે તથા સાધુધર્મ એ વિહંગમ માર્ગ છે. એમ સાપેક્ષપણે જ્ઞાન - ભક્તિ - ક્રિયા વગેરે માર્ગોનું સ્વરૂપ વિચારવું. જો કે કોઈપણ એક માર્ગમાં ગૌણપણે બાકી માર્ગનું અસ્તિત્વ હોય છે, તો જ કાર્યની સિદ્ધિ થાય છે.

વ્યવહારનયના મતે કોઈપણ કાર્યની સિદ્ધિ
ઉપાદાન - નિમિત્ત બંને વડે જ થાય છે.
ઉપાદાનમાં વિશેષનું આધાન નિમિત્ત વડે જ થાય છે.

સાધનાની સર્વ પ્રક્રિયાઓનું અંતિમ લક્ષ્ય ધ્યાન છે.

न ध्यानं ध्यानमित्याहुर्ध्यानं निर्विषयं मनः ।

-जाबाल-उप-१

અર્થાત્: કોઈપણ પ્રકારનું ધ્યાન ન હોવું, તે ધ્યાન છે અર્થાત્ વિષય વિનાનું મન તે ધ્યાન છે.

ब्रह्मैवाऽस्मीति सद्वृत्त्या निरालम्बतया स्थितिः ।
ध्यानशब्देन विख्याता परमानन्ददायिनी ॥१॥

- अपरोक्षानुभूतिः शंकराचार्य

અર્થાત્: કોઈપણ આલંબન વિના 'હું બ્રહ્મ છું' એવી સદ્વૃત્તિવાળી સ્થિતિ તે 'ધ્યાન' શબ્દ વડે વિખ્યાત છે. તે સ્થિતિ પરમ આનંદ આપનારી છે.

एष मे आत्माऽन्त हृदये । - छांदो० उप० ३-१४-४

અર્થાત્: આ મારી આત્મા હૃદયની અંદર છે.

अंगुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा सदा जनानां
हृदये संनिविष्टः । -श्वेता-उप-३-१३

અર્થાત્: અંગુઠા જેટલો અંતરાત્મા
સર્વ લોકોના હૃદયમાં રહેલો છે.

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन ! तिष्ठति ॥ -गी० १८/६१

હે અર્જુન ! ઈશ્વર બધા જીવોના હૃદયમાં બિરાજે છે.

## પરમાત્માની પૂજા અને પ્રાર્થના

સામાન્ય સાધકને આત્મા અને પરમાત્માની એકતાનું ધ્યાન અથવા તેનું લક્ષ પકડવાનું સામર્થ્ય ન હોવાથી તેના માટે તે કાર્ય કંટાળા ભરેલું બને છે, તેને માટે પરમાત્માની પૂજા અને પ્રાર્થના સરળ સહજ બને છે. તેથી તેનું ચિત્ત પરમાત્મામાં સ્થિર થઈ શકે છે અને તે દ્વારા આંતરિક સંતોષ - આનંદ પ્રાપ્ત કરી શકે છે. તે સ્થિતિમાં આવ્યા પછી ધ્યાનનું સાચું સ્વરૂપ પણ જાણવું જોઈએ. મન કોઈપણ વસ્તુના વિચાર વિનાનું બને, તે સાચું ધ્યાન છે. ઇષ્ટદેવનું ધ્યાન પણ એક વિષય જ છે.

અન્ય વિષયો કરતાં તે ઉચ્ચ વિષય છે,
એ સાચું પણ તે એક પ્રકારનો વિષય જ છે.

ભજન, કીર્તન, શાસ્ત્રાધ્યયન, નામજપ, મહાવાક્યોનું ચિન્તન વગેરેમાં મન ક્રિયાશીલ રહે છે. તે દરેક એકાગ્રતાની પ્રાપ્તિમાં સાધનભૂત બને છે, પરન્તુ છેવટે તો આ બધા વિષયોથી પર જવાનું છે. જ્યાં નાદ, જ્યોતિ, દિવ્યગંધ, દિવ્યરસ વગેરે કશાયનો અનુભવ નથી અને જે 'નાદ - બિન્દુ - કલાતીતમ્।' છે, એક નિર્ગુણ - નિરાકાર સ્થિતિ છે, ત્યાં પહોંચવાનું છે.

સગુણ ધ્યાન ઉપરથી નિર્ગુણ ધ્યાનમાં પહોંચવાનું છે.

પૂજા, પ્રક્ષાલન, જપ, ત્રાટક, ધ્યાનાદિ ઉપાયો
મનને એક જગ્યાએ સ્થિર કરવા માટે છે, ઉપરાંત
વિક્ષેપકારક વિચારોને દૂર કરવા માટે છે.

જેમ જેમ સાધક પ્રગતિ કરતો જાય છે,
તેમ તેમ આગળ શું કરવું, તે સૂઝતું જાય છે.

અંતમાં મનની એવી સ્થિતિ આવે છે,
જેમાં ધ્યાતા-ધ્યેય-ધ્યાનની ત્રિપુટી એક બની જાય છે.
ધ્યાનની આ પરિપક્વ અવસ્થા તે 'સમાધિ' છે, તેમાં
બ્રહ્મભાવનું અખંડ શુદ્ધ ચૈતન્ય એકધારું અનુભવાય છે.
'હું બ્રહ્મ જ છું' એ પ્રમાણે સતત ભાવનાવાળી અને
જેમાં બાહ્ય કોઈ અવલંબન રહ્યાં નથી,
એવી પરમાનંદ આપનારી સ્થિતિ, એ જ 'ધ્યાન' છે.

ધ્યાનથી પરમ બ્રહ્મમાં દૃઢ સ્થિતિ અને
સંશય-વિપર્યયરહિત આત્મલાભ થાય છે.
આપણો આત્મા પરમેશ્વરરૂપ બને છે,
તે સર્વ મંગળોમાં પહેલું મંગળ છે.

સદા સુબુદ્ધિ - બોધ અને સમતા-સમાધિ પ્રગટ કરવા
માટે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ જરૂરી છે, તે ભાવનાથી

સમ્યક્ત્વ પ્રગટે છે અને પ્રકટ્યા બાદ સ્થિર રહે છે.
મૈત્ર્યાદિ ભાવના વિના
સમ્યક્ત્વ અને ચારિત્ર સ્થિર રહેતા નથી.
સમ્યક્ત્વ એટલે આત્મબોધ અને આત્મતત્ત્વ પ્રત્યે રુચિ.
આત્માની મૂળ શુદ્ધ સત્તા
અવિદ્યા અજ્ઞાન - મિથ્યાત્વમોહથી દબાયેલી છે, જે
સમ્યક્ત્વ ભાવના ભાવવાથી પ્રકટે છે. આત્મભાવના
આત્માના અનંતચતુષ્ટય સ્વરૂપને પ્રકટ કરે છે અને
અવિદ્યા તથા મોહનો નાશ કરે છે.
વિષય - વાસનાની શાંતિ માટે બાર ભાવનાઓ છે.
જિનપદની પ્રાપ્તિ અને જિનપદની રુચિની ભાવના
સાક્ષાત્ જિનપદ અર્થાત્ પરમાત્મપદ આપવાવાળી છે.
સઘળા શાસ્ત્રોનો સાર છે કે:
આત્માના સત્ય સ્વરૂપને સમજી તેને પ્રકટ કરવું.
નાના - મોટા દુઃખોથી હંમેશા માટે છૂટવું તે મોક્ષ અને
સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર - તે મોક્ષનો ઉપાય છે.
જેટલા પ્રમાણમાં સમ્યગ્જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ,
તેટલા પ્રમાણમાં દુઃખ દૂર થાય છે.
'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ ।' તેનો અર્થ

'મારું સત્ય સ્વરૂપ શું છે ? મારું કર્તવ્ય શું છે ?'
આ ભાવનાની વારંવાર વિચારણા કરવાથી
સમ્યગ્દર્શન અને ચારિત્રનો ઉદય થાય છે. શુદ્ધ
ભાવનાથી શુદ્ધ - શુક્લધ્યાન અને શુક્લધ્યાનથી કેવળ-
જ્ઞાન, કેવળદર્શન, અનંત - આત્મિક સુખ પ્રગટે છે.
જેવું ભોજન તેવું વૃત્ત - જેવો વિચાર તેવું વર્તન
અને જેવી ભાવના તેવું ચારિત્ર બને છે.
શુદ્ધ વિચાર અને શુદ્ધ ભાવના -
એ તીર્થજળની જેમ અખૂટ કર્મમેલને ધૂએ છે.
પરમ આત્માની ભાવના શુદ્ધ ભાવથી કરવામાં આવે,
તો તે પરમપદને અપાવે છે.

## સંસાર અને મોક્ષનો ટૂંકસાર

અશુદ્ધભાવથી બંધ અને શુદ્ધભાવથી મુક્તિ.
આત્મધ્યાન - આત્મરમણતા એ જ વાસ્તવિક સુખ છે.
અજ્ઞાન અને મોહથી આત્માનો સ્વભાવ સુખ છે,
તે ભૂલીને જીવ ઈંદ્રિયજન્ય ભોગોમાં સુખ - દુઃખનો
અનુભવ કરે છે, શુભભાવથી સુખ - અશુભભાવથી દુઃખ
તથા રાગ-દ્વેષ - મોહરહિત શુદ્ધ પરિણામથી
અનંત - અવ્યાબાધ આત્મિક સુખ અનુભવે છે.

## નમસ્કારના ત્રણ પ્રકાર

નમન કરવાથી જેને નમન કરાય છે, તેનું ધ્યાન આદર-
પૂર્વક થાય છે તથા તે દ્વારા તેમની સમાન બનાય છે.
એ કારણે સદ્ગુણી અને
પવિત્ર આત્માઓને નિરંતર નમન કરવું જ જોઈએ.

### (1) દ્રવ્ય નમસ્કાર

વચનાદિ સ્તુતિ દ્વારા અને કાયાદિ નમન થાય તે.
મનની એકાગ્રતા વિના પણ જ્યારે
વચન અને કાયાદિ નમન થાય છે, ત્યારે વચન-
કાયાદિ લાગતું પાપ રોકાય છે અને તેટલું પુણ્ય થાય છે.

### (2) ભાવ નમસ્કાર

જેને નમવામાં આવે છે, તેમનામાં પ્રકટ રહેલા ગુણો
અપ્રકટપણે પોતામાં રહેલા છે, તેને પ્રકટાવવાના હેતુથી
નમન કરવામાં આવે, ત્યારે તે નિર્જરાનો હેતુ બને છે.
'वन्दे तद्गुणलब्धये ।'

### (3) વ્યવહાર નમસ્કાર

મનની એકાગ્રતાપૂર્વક જ્ઞાન-ચારિત્રાદિ ગુણોની વચનાદિ
સ્તુતિ અને કાયાદિ નમસ્કાર કરવામાં આવે છે, ત્યારે
ઘણા પુણ્યની પ્રાપ્તિ અને શુદ્ધ ઉપયોગ પ્રગટે છે.

રાગ-દ્વેષરહિત પરિણામ જેટલા પ્રમાણમાં થાય,
તેટલા પ્રમાણમાં કર્મની નિર્જરા થાય છે.

(૫) નિશ્ચય નમસ્કાર

રાગ-દ્વેષરહિતપણે અને પ્રભુ સમાન પોતાનું સ્વરૂપ
સમજીને જે આત્માના ધ્યાનમાં મગ્ન બનાય છે, તો
સ્વયં પ્રભુપદની પ્રાપ્તિ થાય છે.

નમસ્કાર કરતાં રોજ મનન થવું જોઈએ કે:
હિંસા - કષાય - વિષયાદિનો ત્યાગ કરી
અહિંસા - સંયમ - અકષાયભાવ અને સમતાભાવ વડે
આત્મહિત - શ્રેય - કલ્યાણકર સંયમ ક્યારે ગ્રહણ કરું?
જ્ઞાન - ધ્યાન દ્વારા ઉપાધ્યાય પદ,
અતિશય જ્ઞાન અને ઉત્કૃષ્ટ ચારિત્ર દ્વારા આચાર્ય પદ,
રાગ-દ્વેષના ક્ષય દ્વારા અરિહંત પદ અને
સકલ કર્મના નાશ દ્વારા સિદ્ધ પદ ક્યારે પ્રાપ્ત કરું?

o नष्टपूर्वविकल्पे तु यावदन्यस्य नोदयः ।
निर्विकल्पकं चैतन्यं स्पष्टं तावद् विभासते ॥१॥
लघुवाक्यवृत्तिः । (પરિશિષ્ટ-૧૪)

o यत्र यत्र मनो देही धारयेत् सकलं धिया ।
स्नेहात् द्वेषात् भयात् वाऽपि याति तत्तत्स्वरूपताम् ॥
- श्रीमद्भागवते ११.९.२२ (પરિશિષ્ટ-૧૫)

## મૈત્રી ભાવનાના ચાર પ્રકાર

(1) મોહ મૈત્રી : સ્ત્રી, પુત્ર, ધન, ભોગ આદિની પ્રીતિ.
(2) શુભ મૈત્રી : ઉપકારી અને સ્વજન આદિ પ્રત્યે પ્રીતિ-ભક્તિ તથા ઉત્તમ કાર્યોમાં ઐક્ય અનુભવવું તે.
(3) શુદ્ધ સાધન મૈત્રી : દેવ - ગુરુ - ધર્મ અને સર્વ રત્નત્રયનાં સાધન પ્રત્યે પરમ ભક્તિ અનુભવવી તે.
(4) શુદ્ધ મૈત્રી : અનંત જ્ઞાન - દર્શનાદિ આત્મગુણો સાથે મૈત્રી તથા એકતાનો સતત અનુભવ કરવો તે.

## પ્રમોદ ભાવનાના ચાર પ્રકાર

(1) મોહજન્ય હર્ષ:
સ્વપરના ભોગોપભોગની પ્રાપ્તિમાં આનંદ અનુભવવો તે.
(2) શુભ હર્ષ: દાન, પુણ્ય, સેવા, ન્યાયનીતિ ઉપરાંત સદ્‌વિદ્યાદિની સ્વપરને પ્રાપ્તિમાં આનંદ અનુભવવો તે.
(3) શુદ્ધ સાધન હર્ષ:
સ્વપરને રત્નત્રયની પ્રાપ્તિમાં આનંદ અનુભવવો તે.
(4) શુદ્ધ હર્ષ: અવિકારી, અતીન્દ્રિય, નિર્વિકલ્પ અને નિજ આત્મિક સુખમાં ભાવનાજનિત આનંદ થવો તે.

બ્રહ્મ = આત્મા, ચર્ય = રમણ કરવું.
આત્મભાવનારૂપી બ્રહ્મચર્ય એ નિશ્ચય બ્રહ્મચર્ય છે.

## કરુણા ભાવનાના ચાર પ્રકાર

(1) મોહજન્ય કરુણા : સ્વપરને ભોગોપભોગ, ધન, વૈભવ, સ્તુતિ આદિ પ્રાપ્ત ન થવામાં દુઃખનો અનુભવ.

(2) શુભ કરુણા : શારીરિક ઉપરાંત માનસિક પીડાથી દુઃખી દેખીને કરુણા ઉદ્ભવવા - અનુભવવા તે.

(3) શુદ્ધ સાધન કરુણા : અજ્ઞાન, મિથ્યાત્વ, કષાય, વિષયથી સ્વપરને સદા અનંત દુઃખો જાણીને દોષત્યાગ અને જ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરવા - કરાવવા રૂપ કરુણા.

(દોષત્યાગ = સંયમ અને ગુણરાગ = સમભાવ)

(4) શુદ્ધ કરુણા : સ્વસ્વભાવ - આત્મસ્વરૂપમાં લીન રહેવું. જ્ઞાનાદિ આત્મગુણોની મગ્નતાને જ દુઃખનો ઉપાય જાણીને પોતાના આત્મગુણોની શુદ્ધિ કરવી તે.

## માધ્યસ્થ્ય ભાવનાના ચાર પ્રકાર

(1) મોહજન્ય માધ્યસ્થ્ય (સમભાવ):
લજ્જા, ભય, સ્વાર્થ, લોભ, અજ્ઞાનવશ શાંતિ રાખવી.

(2) શુભ સમભાવ : ધૈર્ય, સહનશીલતા, ગુણાનુરાગ, ગંભીરતાદિકના ગુણ વડે
કલહ, કુસંપ, વૈરભાવ - વિરોધભાવનાં નુકસાનનો વિચાર કરીને સમભાવ ધરવો તે છે.

(3) શુદ્ધ સાધન સમભાવ:
'રાગ-દ્વેષ સ્વભાવે ભાવહિંસા થાય છે. હું પુદ્ગલના
ધર્મોથી રહિત છું અને અનંત ચતુષ્ટયનો ધણી છું'
એ વિચાર વડે સમભાવ ધારણ કરવો.

(4) શુદ્ધ સમભાવ: 'જુઓ પ્રત્યક્ષ પરમ સમરસીભાવ,
વીતરાગભાવ યાને સમભાવ એ મારો સ્વભાવ છે.
આત્મદૃષ્ટિએ હું નિર્વિકાર છું, શા માટે રાગ-દ્વેષ કરું?'
એમ વિચારી સમભાવમાં લીન રહે.

પહેલો મલિનભાવ લઈ કર્મબંધમાં રાખે છે.
બીજો શુભ લઈ આ લોક-પરલોકમાં
બાહ્યસુખ અને પુણ્યપ્રાપ્તિમાં કારણ છે.
ત્રીજો શુદ્ધ સાધન લઈ ઉભય લોકમાં બાહ્ય - આંતર
બંને પ્રકારના સુખ અને કર્મની નિર્જરામાં કારણ છે.
ચોથો શુદ્ધ ભાવનો લઈ ઉભય લોકમાં
પરમ સુખદાયી અને મોક્ષપ્રાપ્તિમાં કારણ છે.
સમ્યક્ત્વ યાને સાચી સમજ - એ સુખનું મૂળ છે.
મિથ્યાત્વ યાને ઊલટી સમજ - એ દુઃખનું મૂળ છે.
આત્મદર્શન યાને શુદ્ધ નિજ આત્માનો અનુભવ,
સિદ્ધના સુખનો અંશ - અંશે હોય છતાં અવિનાશી.

વ્યવહારનયથી : દેવ એટલે વીતરાગ - સર્વજ્ઞ.
ગુરુ એટલે તત્ત્વના જ્ઞાતા - રત્નત્રયના પાલક.
ધર્મ એટલે વિવેકસહિત અહિંસા, વિષયકષાયનો ત્યાગ.
નિશ્ચયનયથી : દેવ એટલે સ્વાનુભૂતિરૂપ સમ્યક્ત્વ.
ગુરુ એટલે 'શરીરાદિ બાહ્ય સકલ પદાર્થોથી ભિન્ન
અને અનંત જ્ઞાનાદિ ગુણોથી અભિન્ન હું છું'
એવું જ્ઞાન કરાવનાર જ્ઞાની - ત્યાગી મહાન આત્મા.
નિશ્ચય ધર્મ એટલે ભોગાદિ સર્વ પદાર્થોને પરસ્વરૂપ
માની તેનો ત્યાગ, આત્મધ્યાનમાં લીનતારૂપી ચારિત્ર,
આત્માનું જ્ઞાન, આત્માની શ્રદ્ધા અને આત્મરમણતા,
ઇચ્છામાત્રનો ત્યાગ તે તપ અને
એ ચારેય ગુણોમાં સદા નિશ્ચલતા, તે નિશ્ચય ધર્મ.

અંતરાત્માના ત્રણ ગુણ

આત્મજ્ઞાન, આત્માનુભવ અને સમભાવ.
વિષયેચ્છા દૂર થાય અને
આત્મકલ્યાણની ઇચ્છા પ્રગટ થાય.
અનેક નય, અભિપ્રાય અને
અપેક્ષા સમજવાની સમજ પ્રગટ થાય.
સર્વ વિષયોમાં શ્રેષ્ઠ વિષય એક 'આત્મા' જ છે.

મિથ્યાદૃષ્ટિ જીવનું સાધ્ય વિષયસુખ છે,
સમ્યગ્દૃષ્ટિ જીવનું સાધ્ય આત્મિકસુખ છે.
એક ધન, સ્વજન, યૌવનથી હરખાય છે,
જ્ઞાની જ્ઞાન - દર્શન - ચારિત્રથી આનંદ પામે છે.
એક પુદ્ગલરસિક છે, જ્યારે જ્ઞાની આત્મરસિક છે.
પરમ જ્ઞાન તે આત્મા છે, નિર્મળ દર્શન તે આત્મા છે,
નિશ્ચયચારિત્ર તે આત્મા છે, નિશ્ચય તપ પણ આત્મા છે.

## સમકિતના પાંચ લક્ષણો

(૧) શમ - સમતાભાવ.
(૨) સંવેગ - ધર્મ, ધર્મી, ધર્મફળ ઉપર પ્રીતિ-ભક્તિ.
(3) નિર્વેદ - પાંચ વિષય તથા વિકલ્પ પ્રત્યે અરૂચિ.
(૪) અનુકંપા - દ્રવ્ય તથા ભાવદુઃખ દૂર કરવાની ચિંતા.
(૫) આસ્તિક્ય - સત્ય તથા નવ તત્ત્વો ઉપર શ્રદ્ધા.

શુદ્ધાત્માનો અનુભવ, સ્વસ્વરૂપનો આનંદ,
નિરાકુળ - નિર્વિકાર શાંતરસમાં સ્થિરતાને ઇચ્છવા.
સમકીતને મલિન કરનાર આઠ મદનો ક્ષય ઇચ્છવો.
મોહના 3 પ્રકાર: (1) મિથ્યાત્વમોહ - અસત્યમાં આનંદ.
(2) મિશ્રમોહ : સત્ય તથા અસત્ય બંનેમાં આનંદ.
(3) સમકીત મોહ : સત્યમાં કાંઈક મલિનતા હોવી તે.

મિથ્યાત્વ = અસત્યતા, ખોટી સમજ, અયથાર્થ સમજ.

અહિંસા - સંયમ - તપ એ ક્રિયા છે.

આત્મધ્યાન કે સ્વરૂપલીનતા એ જ્ઞાન છે.

નય અને પ્રમાણ દ્વારા નવ તત્વનું જ્ઞાન એ યથાર્થ તત્વ નિશ્ચયને કરાવે છે. દેહાભિમાન અને ઇંદ્રિય સુખમાં લીનતા અનંત દુઃખનું કારણ છે. તત્વજ્ઞાન મેળવી શ્રદ્ધાવંત બનવું તે અનંત સુખનું કારણ છે.

સકલ શાસ્ત્રોનો સાર આત્માના સ્વરૂપનું જ્ઞાન છે.

પાપ કરવામાં જીવ ચતુર છે, નિર્લજ્જ છે, પુરૂષાર્થશીલ છે, ધીર છે, દૃઢતાવાળો છે, શૂરવીર છે, પ્રીતિવાળો છે, સફળ થવાની ઇચ્છા રાખે છે, તેના બદલે પાપ ઘટાડવામાં અને ધર્મ કરવામાં ચતુર, નિર્લજ્જાદિ બનવું જોઇએ.

o ઇંદ્રિયસુખેચ્છા એક પ્રકારે નિયાણું તથા નિદાન છે.

o ગુણાનુરાગ, વિષયત્યાગ, દયા, સમભાવાદિના સેવનથી મોહનીય કર્મનો નાશ થાય છે. આત્મજ્ઞાન, ભેદવિજ્ઞાન, ઉત્કૃષ્ટ દાન તથા સમભાવ એનાં સાધન છે. કર્મચેતના - કર્મફલચેતના તથા સંકલ્પ = ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ નાશ પામો. ધ્યાન, મૌન, સમાધિ મળો. શ્રવણથી સામાન્ય બોધ, મનનથી વિશેષ બોધ અને નિદિધ્યાસનથી આત્મદર્શન થાય છે.

## સાધનામાં લક્ષ્યસ્થાન શું ?

સાધનાનું મોટામાં મોટું લક્ષ્યસ્થાન એકાંતિક નિશ્ચયવાદમાં રહી જવાનું છે. 'પંચપરમેષ્ઠિ મારૂં જ શુદ્ધ સ્વરૂપ છે' એ નિશ્ચયનયની જ વાત થઈ. અધિકાર વિનાનો નિશ્ચયનય - આત્માદિ વડે કરેલ ઘટના અંતરજ્ઞાનમાં એકે નહિ. શુદ્ધ ચિત્તમાં જ નિશ્ચયનય ગ્રહણ કરે છે. સદ્વ્યવહારના પાલન વિના ચિત્તશુદ્ધિ શક્ય જ નહિ. પ્રથમ નમસ્કારપદ સદ્વ્યવહારનું પાલન કરાવે છે. પ્રથમ નમસ્કાર શાથી ? અન્યથા કૃતજ્ઞતા ગુણનો લોપ, સદ્વ્યવહારનો વિલોપ, તીર્થલોપ, પરિણામે તત્ત્વવિલોપ.

'નયચક્રસાર'માં કહ્યું છે કે :

ઈશ્વરવાદનો સમાવેશ વ્યવહારનયમાં થાય છે. ચૈતન્ય એક છે માટે 'સોઽહં' એ સત્ય છે. ઈશ્વરની ઉપાસના એ શુદ્ધ અને સમર્થ 'સ્વ'ની જ ઉપાસના છે. વ્યવહારનય એ ભક્તિમાર્ગ, નિશ્ચયનય એ જ્ઞાનમાર્ગ છે. સાધકો અને યોગીઓ તર્કને શરણે જતાં નહિ પણ એક સમર્થ પરમ ચૈતન્યને શરણે જાય છે અને તેનું સાચું શરણ યોગક્ષેમકારક બને જ છે.

o જૈનદર્શન તર્કવાદી નહિ પણ નયવાદી છે.

- શ્રી જંબૂવિજયજી

હરિગીત                                        અમદાવાદ, લાભમંદિર

જય વીયરાય સૂત્ર અને પંચિંદિય સૂત્રનો
ગુર્જરાનુવાદ હરિગીત છંદમાં નીચે મુજબ કર્યો છે:

વીતરાગ હે જગના ગુરો, હોજો પસાદે આપના;
ભગવંત ભવનો ખેદ ને માર્ગાનુસારિતા તથા.
ઈષ્ટફળની સિદ્ધિ સાથે, ત્યાગ લોકવિરુદ્ધનો;
ગુરુજનપૂજા પરહિતકરણતા, સદ્ગુરુસેવા ભવોભવે.
વાર્યું નિયાણું આગમે, તો એ મને મળજો સદા;
ભવભવ તમારી સેવના, ક્ષય દુઃખ ને કર્મો તણાં.
મરણે સમાધિ બોધિપ્રાપ્તિ, તુજ દરશનથી હજો;
કલ્યાણ મંગળ ને પ્રધાને, જૈન શાસન મુખ્યતા.
અરિહંત સિદ્ધ આચાર્ય પાઠક, સાધુ દરસન જ્ઞાનને;
ચારિત્ર તપની સાથ સેવો, ભાવવા ભવ તારને.
નવે પદીનો જાપ પાવન, ભાવના ચંદન હૃદે;
કલ્યાણકારી વિઘ્નહારી, વારી ભવને શિવ દિયે.
(ગુરુપૂજના પરહિતકરણતા સુગુરુ સેવા ભવોભવે)
પંચાક્ષ રોધી નવ બ્રહ્મગુપ્તા, વારે કષાયો ત્રિગુપ્તિ સમેતા
પંચવ્રતાચાર સમિતિયુક્તા, ગુરુ નમઉં છત્રીસ ગુણવંતા.

o

- કવિ નાનાલાલની રચના હવે પછીના પાને છે.

મારાં નયણાંની આળસ રે, ન નીરખ્યા હરિને જરી;
એક મટકું ન માંડ્યું રે, ન કરિયાં ઝાંખી ફરી. ...(૧)
શક્તિ - મહિમાનાં અગ્નિ રે, તોયે તેમાં તપ્ત થયાં;
નહિ દૈવનાં દર્શન રે, કીધાં તેમાં રક્ત રહ્યાં. ...(૨)
પ્રભુ સઘળે બિરાજે રે, ભુવનમાં સભર ભર્યાં;
નહિ અહો પ્રભુ ભાળ્યા રે, ચરાચરમાં ઊભર્યા. ...(૩)
નાથ ગગનના જેવા રે, સદા મને છાઈ રહે;
નાથ વાયુની પેઠે રે, સદા મુજ ઉરમાં વહે. ...(૪)
જરા ઉઘાડે આંખડલી રે, તો સન્મુખ તેહ સદા;
પળ-પળાંક અળગા રે, ઘડીયે ન થાય કદા. ...(૫)
પ્રભુ પૃથ્વીનાં પડળો રે, કશા ગમ તેને ચર્મની;
જીવે સો વર્ષ ઘુવડ રે, ન ગમ તોયે કંઈ દિનની. ...(૬)
સ્વામી સાગર સરિખા રે, નજરમાં ન માય કદી;
જળ પાડીને બિરાજે રે, વિરાટ વિરાટ વહી. ... (૭)
પેલાં દિવ્ય લોચનિયાં રે, પ્રભુ! ક્યારે ઉઘડશે?
એવાં ઘોર અંધારાં રે, પ્રભુ ક્યારે ઉતરશે? ...(૮)
નાથ એટલી અરજ રે, ઉપાડો જડ પડદા;
નેનાં નિરખો ઊંડે રે, હરિવર દરસે સદા. ...(૯)
આંખ! આળસ છાંડો રે, કરો એક ઝાંખી ફરી;
એક મટકું તો માંડો રે, હૃદય ભરી નિરખો હરિ. ...(૧૦)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૫)**

કર્મમલથી મુક્ત થયેલા જે કોઈ મોક્ષમાં ગયા અને જે કોઈ જશે, તે બધા જ પરમાત્માને નમસ્કારના પ્રભાવથી જ, તેમ જાણો.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૭)**

આ શ્લોકમાં બે દ્રષ્ટાંત દ્વારા છ લેશ્યાનું સ્વરૂપ જણાવ્યું છે.

શ્લોકની ઉપરની પંક્તિમાં જાંબુ લેવા આવનાર છ પુરૂષોનું દ્રષ્ટાંત છેઃ

(૧) કૃષ્ણલેશ્યાવાન પુરૂષ જાંબુવૃક્ષને મૂળથી છેદવાનું કહે છે.
(૨) નીલલેશ્યાવાન પુરૂષ જાંબુવૃક્ષની મોટી શાખાઓ છેદવાનું કહે છે.
(૩) કાપોતલેશ્યાવાન પુરૂષ જાંબુવૃક્ષની નાની પ્રશાખાઓ છેદવાનું કહે છે.
(૪) તેજોલેશ્યાવાન પુરૂષ જાંબુના માત્ર ગુચ્છાઓ છેદવાનું કહે છે.
(૫) પદ્મલેશ્યાવાન પુરૂષ વૃક્ષ ઉપર રહેલા માત્ર પાકેલા જાંબુ લેવાનું કહે છે.
(૬) શુકલલેશ્યાવાન પુરૂષ પાકીને નીચે ખરી ગયેલા ફળો જ લેવાનું કહે છે.

- ઈતિ જાંબુવૃક્ષ દ્રષ્ટાંત

શ્લોકની નીચેની પંક્તિમાં ધન લૂંટવા આવનાર છ ચોરોનું દ્રષ્ટાંત છેઃ

(૧) કૃષ્ણલેશ્યાવાન ચોર પશુ-મનુષ્ય સર્વને મારીને ધન લેવાનું કહે છે.
(૨) નીલલેશ્યાવાન ચોર માત્ર મનુષ્યોને મારીને ધન લેવાનું કહે છે.
(૩) કાપોતલેશ્યાવાન ચોર સ્ત્રીને નહીં, માત્ર પુરૂષોને મારીને ધન લેવાનું કહે છે.
(૪) તેજોલેશ્યાવાન ચોર માત્ર શસ્ત્રધારી પુરૂષોને જ મારીને ધન લેવાનું કહે છે.
(૫) પદ્મલેશ્યાવાન ચોર શસ્ત્રધારી પુરૂષને પણ માત્ર જે યુદ્ધ કરે, તેને જ મારીને ધન લેવાનું કહે છે.
(૬) શુકલલેશ્યાવાન ચોર કોઈને પણ માર્યા વગર ધન લેવાનું કહે છે.

- ઈતિ ચોર દ્રષ્ટાંત

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૩૨)**

સહજ અવસ્થા તે પ્રથમ આરાધના છે, બીજી આરાધના ધારણા કરવી તે છે, ત્રીજી આરાધના પ્રતિમાની પૂજા છે. હોમ કે યાત્રા કરવી, તે માત્ર કષ્ટક્રિયા સમાન છે અર્થાત્ તેનાથી ઘણું જ અલ્પફળ મળે છે.(૧) હું નારક નથી, તિર્યંચ નથી, મનુષ્ય નથી અને દેવ પણ નથી. હું સિદ્ધસ્વરૂપી છું. આ સર્વ તો કર્મનો આડંબર છે.(૨)

### પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૪)

હે ભવ્યજીવો! દંભરહિત સાચા મનથી સાંભળો. આ ધર્મરૂપી કલ્પવૃક્ષ હંમેશા આદરપૂર્વક સેવવા યોગ્ય છે.(૧)

### પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૪૪)

અવસરે સુપાત્રદાન, વિશુદ્ધ સમ્યગ્દર્શન, બોધિલાભ અને જીવનના અંતે સમાધિમરણ - આટલી વસ્તુ અભવ્યના જીવો પામતા નથી.

### પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૪૫)

શલ્યરહિત એવો હું આજે મારા બધા જ અપરાધોની ક્ષમા માંગુ છું. માતા-પિતા સમાન બધા જ જીવો મને ક્ષમા આપો.

### પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૫૦)

અસૂયા કરનાર, ચાડી ખાનાર, બીજાના ઉપકારને ભૂલી જનાર અને લાંબા સમય સુધી ગુસ્સો રાખનાર - આ ચાર કર્મચંડાળ છે અને ચંડાળકુળમાં ઉત્પન્ન થયેલો જન્મથી ચંડાળ હોય, તેને પાંચમો ચંડાળ જાણવો.

### પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૮૬)

નિશ્ચયનયથી આત્મા અલિપ્ત છે, વ્યવહારનયથી આત્મા લિપ્ત છે. જ્ઞાની અલિપ્ત દ્રષ્ટિ વડે શુદ્ધ થાય છે અને ક્રિયાવાન લિપ્ત દ્રષ્ટિ વડે શુદ્ધ થાય છે.

### પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૯૭)

જે આત્મામાં જ રાગી માનવ આત્મતૃપ્ત થાય, તે આત્મામાં જ સંતોષી માનવને બીજું કશું કામ હોતું નથી અર્થાત્ બીજી કોઈ ઈચ્છા રહેતી નથી.

- ગીતા, અ.૧૭

### પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૦૦)

'ઈષ્ટફલ સિદ્ધિ' એટલે આ લોક સંબંધી જરૂરિયાતની પ્રાપ્તિ, જેના વડે ચિત્ત સ્વસ્થ થાય અર્થાત્ આ જીવન જીવવામાં કોઈ ચિંતા ન રહે. આ લોકની જરૂરિયાત પૂર્ણ થવાથી મોક્ષ માટે ઉપાદેય પ્રવૃત્તિ થઈ શકે છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૨૭)**
'હું એકલો છું, મારૂં કોઈ નથી.' આ પ્રમાણે અદીન મનથી આત્માને શિખામણ આપી સમજાવે.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૩૯)**
જેના હાથમાં ક્ષમારૂપી ખડ્ગ છે, તેને દુર્જન શું કરી શકે? ઘાસ વગરની ભૂમિમાં પડેલ અગ્નિ પોતાની જાતે જ શાંત થાય છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૮૮)**
મહાપુરૂષોને દુઃખ પાપના ક્ષય માટે થાય છે, વૈરીઓ ક્ષમાનું સ્થાન થાય છે, કાયાની અશુચિ વૈરાગ્યની કેડી બને છે, વૃદ્ધાવસ્થા મોક્ષાભિલાષનું કારણ બને છે. મૃત્યુ સર્વ ત્યાગનો મહોત્સવ બને છે તથા જન્મ સ્વજનોની ખુશી માટે થાય છે. આ રીતે મહાપુરૂષોને માટે આખું જગત સંપત્તિ વડે પૂર્ણ છે, એમાં વિપત્તિરૂપ શું છે? અર્થાત્ એમને વિપત્તિરૂપ કાંઈ છે જ નહીં.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૨૦૫)**
પૂર્વનો વિકલ્પ નાશ પામે અને નવા વિકલ્પનો ઉદય ન થાય, ત્યાં સુધી નિર્વિકલ્પ ચૈતન્યનો સ્પષ્ટ ભાસ થાય છે.
- લઘુવાક્યવૃત્તિ

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૨૦૫)**
સ્નેહથી, દ્વેષથી કે ભયથી - જીવ બુદ્ધિપૂર્વક જ્યાં જ્યાં મનને ધારણ કરે છે, તે તે સ્વરૂપને પામે છે.
- શ્રીમદ્ ભાગવત્, ૧૧/૯/૨૨



ઉપર દર્શાવેલ ૨ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૦ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# ધ્યાનસ્વરૂપ ચિન્તન




ધ્યાન દ્વારા મૂલાધારથી સહસ્રાર પર્યન્તનાં સાતે ચક્રોના ચૈતન્યકેન્દ્રો જાગૃત બની સ્ફુરાયમાન થઈ જાય છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in